૫

# કર્મ કલંક ને દૂર નિવારો

(ક્ષયોપશમની વિચારણા)

પૂજ્ય આચાર્યદેવ
શ્રી વિજય જયઘોષ સૂરીશ્વરજી મહારાજ

પ્રથમ આવૃત્તિ ૧૦૦૦ નકલ

વીર સંવત ૨૫૧૯

મૂલ્ય ૧૧/- રુ.

પ્રાપ્તિસ્થાન : (૧) પ્રકાશક,
(૨) દિવ્યદર્શન ટ્રસ્ટ,
ભરતભાઈ ચતુરભાઈ શાહ
૮૬૮, કાળુશીની પોળ, કાળુપુર....
અમદાવાદ-૩૮૦૦૦૧.

**ધન્યવાદ....**

★ આ ગ્રન્થની પાંડુલિપિ તૈયાર કરનાર પૂજ્ય વિદ્વાન મુનિરાજ **શ્રી અભયશેખર વિજયજી** મહારાજ ધન્યવાદપાત્ર છે.

★ આ ગ્રંથના પ્રકાશનમાં
**(૧) હરિપુરા જૈન સંઘ જ્ઞાનનિધિ-સુરત**
**(૨) આદિનાથ જૈન સંઘ જ્ઞાનનિધિ નવસારી** તરફથી પૂર્ણ અર્થસહયોગ પ્રાપ્ત થયો છે. બન્ને સંઘ શ્રુતભક્તિમાટે ખુબ ખુબ ધન્યવાદ પાત્ર છે.

# કર્મ કલંક ને દૂર નિવારો

## (ક્ષયોપશમની વિચારણા)

લેખક :
પરમ પૂજ્ય વર્ધમાનતપોનિધિ ગચ્છાધિપતિ
આચાર્યદેવ શ્રી. વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના
શિષ્યરત્ન પરમ પૂજ્ય આગમિક પ્રતિભાસંપન્ન સિદ્ધાંત દિવાકર
આચાર્યદેવ શ્રી વિજય જયઘોષ સૂરીશ્વરજી મહારાજ

ૐ હ્રીં

પ્રકાશક :
દિવ્ય દર્શન ટ્રસ્ટ
૩૬, કલિકુંડ સોસાયટી, મફલીપુર ચાર રસ્તા
ધોલકા (અમદાવાદ) ૩૮૭૮૧૦.

સંપાદક : મુનિ અજિતશેખર વિજય

# પૂજ્યપાદશ્રીની કલમેં કંડારાયેલા સાત્વિક પુસ્તકો

(૧) ભાવનાનું ઉદ્યાન

(૨) ચલો શાંતિ કે ઉપવન મેં

[ભાવનાનું ઉદ્યાનનો હીંદી અનુવાદ]

(૩) ચિત્ત સૌંદર્ય

(૪) પંચસૂત્ર સ્વાધ્યાય

(૫) દર્શન સુધા

(૬) કર્મ કલંક ને દૂર નિવારો

॥ श्री नमिनाथाय नमः ॥

। तनोतु ते वाग् जिनराज! सौख्यम्।

# 'સો રોગની એક દવા'

એક ભાઈ ડૉક્ટર પાસે ગયા. ડોક્ટરને કહે → ડોક્ટર સા'બ! મને કશુંજ યાદ રહેતું નથી. કોઈ ઈલાજ કરો.

ડોક્ટર કહે → તમને આ પ્રોબ્લેમ ક્યારથી છે?
એ ભાઈ → કયો પ્રોબ્લેમ! મેં હમણાં તમને ક્યા પ્રોબ્લેમઅંગે કહ્યું તે મને યાદ નથી.

હા! ઘણાની ફરિયાદ હોય છે 'મને કશું યાદ નથી રહેતું' ઘણા કહેતા હોય છે 'હું ઘણી મહેનત કરું તો પણ મને એક પણ ગાથા ચડતી નથી' ઘણાની શિકાયત છે 'અમને પૂજા-પ્રતિક્રમણ વગેરે ક્રિયામાં રસ નથી આવતો' ઘણા હતાશ થઈને બોલે છે 'આ ક્રોધ ખુબ સતાવે છે, વાતવાતમાં ક્રોધ આવી જાય છે' ક્રોધ ખરાબ લાગે છે. એના નુકશાન અનુભવીએ છીએ. ક્રોધ ન કરવાનો સંકલ્પ કરીએ છીએ છતાં ક્રોધ થઈ જાય છે' ઘણા કહેતા ફરે છે 'આપણે કોઈ નિયમ લેતા નથી. નિયમ લઈને તોડવા કરતાં ન લેવા સારા. આપણાથી કોઈ નિયમ પાળી શકાતા નથી.'

કોઈને જ્ઞાન ચડતું નથી, કોઈને ઉંઘ ઘણી આવે છે. કોઈ ને ધર્મમાં શ્રદ્ધા નથી તો કોઈ ને ધર્મક્રિયામાં રસ નથી. કોઈ કષાયાવિષ્ટ છે તો કોઈ વિષયનિમગ્ન છે. કોઈ કંજૂસ છે. કોઈ આળસુ છે. કોઈને ખાવા મળતું નથી તો કોઈને ખાવાનું ભાવતું નથી.

જગતની કોઈ બે વ્યક્તિ એકસરખી મળતી નથી.. આટલી બધી વિચિત્રતાનું કારણ શું? આના જવાબમાં વૈજ્ઞાનિકો શરીરશાસ્ત્રના પાના ઉથલાવી અને પ્રયોગશાળાની તારવણીઓ રજૂ કરી અનુવાંશિક પ્રોબ્લેમો બતાવશે. જોષીઓ કુંડલી માંડી ગ્રહદશાઓ બતાવશે, સાઈકોલોજીસ્ટ માનસિક પૃથક્કરણ કરશે, વૈદ્યો કે વાતપ્રકોપની રામકહાણી રજૂ કરશે. આ બધા પોતપોતાની

દષ્ટિ સાચી માનતા હોય છે. એમાં કોઇક દ્રષ્ટિ ક્યારેક સાચી પડી જાય.

પણ આ બધી વિચિત્રતાઓમાં મુખ્ય કારણભૂત એવી કર્મથિયરીની ગંભીર વાત તો માત્ર જૈનસિદ્ધાંતમાં જ ઉપલબ્ધ થશે.

જૈન સિદ્ધાંત કહે છે કે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવ-અને ભવ આ પાંચને પામીને થતો કર્મનો ઉદય, ક્ષય, ક્ષયોપશમ, ઉપશમ અને જીવનો પારિણામિકભાવ આ પાંચ તમામ વિચિત્રતાઓમાં મહત્વનો ભાગ ભજવે છે કે જેમાં ભવિતવ્યતા જેવા પરિબળો સાથ પૂરાવે છે.

'ગાથા ન ચઢવી' કે ઉંઘ ઘણી આવવી કે 'ક્રોધ બેકાબુ બનવો' જેવી બાબતોની ફરિયાદમાં મુખ્ય કારણ છે તે તે કર્મનો ઉદય.

આ બધી ફરિયાદોને દૂર કરવા કે તેમાંથી કાંઇક રાહત પામવા માટે વર્તમાનકાળમાં મુખ્ય આવશ્યકતા છે કર્મના ક્ષયોપશમની. સો રોગની એક દવા છે કર્મનો ક્ષયોપશમ.

કોઇ પણ શુભ કાર્યની સિદ્ધિમાટે કે ગુણોની પ્રાપ્તિમાટે કે દોષોથી બચવા કેવા પ્રકારનો પુરૂષાર્થ કરવો જોઇએ? કેવી પ્રવૃત્તિઓથી બચવું જોઇએ? શું કરવાથી અને શું ન કરવાથી ક્ષયોપશમ પ્રગટે તે જાણવું જરૂરી છે.

આજ કાલ પાશ્ચાત્ય વિદ્વાનોના ઘણા પુસ્તકો બહાર પડે છે. આગળ વધવા, સફળ થવા, મહાન થવા કઇ કઇ ચાવીઓ અજમાવવી વગેરે બાબતોનું વિવરણ કરતાં ઘણા પુસ્તકો લોકપ્રિય પણ બન્યા છે.

ઘણા પશ્ચિમપરસ્ત ભારતીયો એ બધાથી અંજાઇ ગયા છે. જૂની શાસ્ત્રીય વાતોને Orthodox સમજી તુચ્છકારે છે અને આ નવી લાગતી વાતોની આરતી ઉતારે છે. આજે ચિંતક બનવા પાશ્ચાત્ય વિદ્વાનનું પુસ્તક હાથમાં હોવું જરૂરી છે. ઘરને સાહિત્યપ્રેમી બતાવવા એવા પુસ્તકો શોકેસમાં અથવા ટેબલપર હોવા આવશ્યક છે. સફળ લેખક થવા એ બધાના ઉદ્ધરણો રજૂ કરવા ફરજીયાત છે.

આ પરિસ્થિતિ હોવાથી આજનો બુદ્ધિજીવી વર્ગ 'ક્ષયોપશમની વિચારણા' રજુ કરતાં આ 'કર્મકલંકને દૂર નિવારો' પુસ્તકને જૂની વાતોને વધારતું વ્યર્થ પૈસા બગાડતું પુસ્તક સમજી બેસવાની ભયંકર ભૂલ કરી બેસે તે સહજ છે.

પણ આ ભૂલ કરવા જેવી નથી. નવકારે ક્ષયોપશમની વિચારણા રજું કરતું આ પુસ્તક વાસ્તવમાં આપણને આપણી તમામ ફરિયાદોને સાચી, વૈજ્ઞાનિકઢબે દૂર કરવાની પદ્ધતિ બતાવે છે. હકીકતમાં આજના વિજ્ઞાનીોની બધી વાતો આ જૂનવાણી લાગતા પુસ્તકમાં શાસ્ત્રને આગળ કરી રજુ થયેલી છે. આ પુસ્તકના વાંચનથી એટલો ખ્યાલ સ્પષ્ટ આવશે કે પ્રાય આજના લેખકોની નવી ગણાતી કોઇ વાત ઊંડાણથી દેખતા નવી નથી, માત્ર રજૂ કરવાના શબ્દો બદલાય છે. દરેક તત્ત્વજિજ્ઞાસુએ અને 'મને યાદ નથી રહેતું' 'મને ગુસ્સો ઘણો આવે છે' 'હું નિષ્ફળ વ્યક્તિ છું. કશું કરી શકું તેમ નથી' એવી એવી તમામ ફરિયાદ કરનારાઓએ રોજ પુસ્તક ખુબ ધીરજપૂર્વક, ખંતથી થોડુ થોડું વાંચવા જેવું છે. વાંચીને વિચારવા જેવું છે. વિચારમંથનથી પ્રાપ્ત નવનીતને સદાચારરૂપે પ્રગટ કરવા જેવું છે.

ક્ષયોપશમ = તે તે ગુણની પ્રાપ્તિનો ઉપાય. એની ઉત્પત્તિ, લાભ, ન હોવાના નુકસાનવગેરે બાબતોનું જ્ઞાન ખુબ જ મહત્વનું છે.

સિદ્ધાન્ત દિવાકર પૂજ્યપાદ આચાર્ય દેવશ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી મહારાજનું** જૈનાગમોના અધ્યયન, પરિશીલન, ચિંતનથી ભાવિત, કર્મસાહિત્યની અપૂર્વ ગહરાઇમાં જઇ વીણેલા રત્નોથી ભૂષિત, પૂર્વાચાર્યોના ગહન ચિંતનાત્મક પ્રકરણ ગ્રંથોના સ્વાધ્યાય અનુપ્રેક્ષા-અધ્યાપનથી ઉદ્ભવેલા નવ નવા ઉન્મેષોથી સુસંસ્કારિત આ સર્જન તમામ સાક્ષરમાટે ઉપયોગી છે. આ પુસ્તકને હંમેશા સાથે રાખવું જરૂરી છે. જ્યારે પણ મન ઢીલુ પડે, ગુણપ્રાપ્તિ તરફ મંદ આદરવાળું બને, દોષગ્રસ્ત બને ત્યારે આ પુસ્તક બેટરી ચાર્જ કરવાનું કામ કરે તેવું છે.

વ્યાસજીએ ગણેશજીને મહાભારત લખાવતી વખતે કહેલું 'તમારે દરેક પંક્તિ સમજીને લખવી.' મારી વાંચકોને સલાહ

છે કે 'આ પુસ્તકની દરેક પંક્તિ સમજીને વાંચવી.. વાંચીને વિચારવી'.

પૂજ્યપાદ આચાર્યદેવના શ્રુતસાગરના મંથનથી ઉદ્ભવતા નવનવા ઉન્મેષરત્નો આ રીતે સતત પ્રકાશિત થતાં રહે અને ભવ્ય જીવોને સન્માર્ગદર્શન કરાવતાં રહે તેવી શુભેચ્છા.

સંપાદનમાં ભૂલ-અશુદ્ધિ અર્થે મિચ્છામિ દુક્કડમ્

કાકીનાડા
ધનતેરસ
વીર સંવત ૨૫૧૮

વિજય પ્રેમ ભુવનભાનુ ધર્મજિત-જયશેખરસૂરીશ્વરાણાં
મુનિ અભયશેખર વિજયાનાં ચ ચરણકિંકર
મુનિ અજિતશેખર વિજય.

# કર્મકલંક ને દૂર નિવારો...

કોઈપણ પદાર્થની વિશિષ્ટ અને વિશદ સમજણ માટે પ્રતિપાદન જો મુદ્દાસર કરવામાં આવ્યું હોય તો એ પ્રતિપાદન સરળ અને સુગમ બને છે. અર્થાત્ અમુક ચોકકસ આવશ્યક મુદ્દાઓને નિશ્ચિત કરી, પછી ક્રમશઃ એક એક મુદ્દાને પ્રધાન કરી... એ મુદ્દાની અપેક્ષાએ પ્રતિપાદ્ય પદાર્થનું પ્રતિપાદન કરવામાં આવે તો વિવેચન કરનાર વિવેચક અને સાંભળનાર શ્રોતા એ બન્નેનું કાર્ય સહેલું થઈ જાય છે. નિરર્થક વાતો આવી ન જાય, કહેવા ધારેલી પણ મહત્ત્વની વાતો છૂટી ન જાય, અક્રમિકતા-આડેધડતા અને એના કારણે આવતી ક્લિષ્ટતા વગેરેનો પરિહાર... આ બધું વિવેચકને માટે મુદ્દાસર છણાવટ કરવામાં આવે તો સહજશક્ય બની જાય છે. જુદા જુદા અનેક દૃષ્ટિકોણથી વિવક્ષિત પદાર્થનું સ્વરૂપ શું છે? એ સમજવું શ્રોતામાટે સરળ બની જાય છે. આ મુદ્દાઓ જ શાસ્ત્રીય પરિભાષામાં **દ્વાર** કહેવાય છે. આત્મહિતકર આચાર અને ગુણોની ઉત્પત્તિ, સ્થિતિ (જાળવણી અને વૃદ્ધિ) વિનાશ વગેરે કઈ કઈ રીતે થાય વગેરેની અનેકવિધ દૃષ્ટિકોણથી સમજણ મળે એ માટે પૂર્વમાં એક સ્થળે નવ દ્વારો દર્શાવેલા છે. એની ગાથા ***શ્રી પંચાશકજી ગ્રન્થની*** વૃત્તિમાં ઉદ્ધૃત કરેલ છે. આ નવદ્વારોના આધારે **નવપદ પ્રકરણ** બન્યું છે. અને આ નવ દ્વારો રૂપી નવપદ લઈને સમ્યક્ત્વ અને બાર વ્રતોનું એમાં વર્ણન કરેલું છે. એને અનુસરીને આ જ નવ દ્વારોવડે **'ક્ષયોપશમ'નું** અહીં વર્ણન કરવામાં આવ્યું છે. તે દ્વારગાથા આ પ્રમાણે છે.

**जारिसओ जइभेओ जह जायइ जह व एत्थ दोसगुणा।**
**जयणा जह अइयारा भंगो तह भावणा नेया॥**

સ્વરૂપ (૧), ભેદ (૨), જે રીતે ઉત્પન્ન થાય (ઉત્પત્તિના ઉપાયો-કારણો) (૩), એ ન હોવાના દોષો (નુકશાન) (૪), એ હોવાના ગુણો (લાભો) (૫), પ્રાપ્ત થયેલા વિવક્ષિત ગુણની (પ્રસ્તુતમાં ક્ષયોપશમની) જાળવણી તથા વૃદ્ધિ માટેની કાળજી (જયણા) (૬), એના અતિચારો (૭), એના નાશના કારણો (૮), તથા એને ભાવિત કરવા માટેની ભાવના એટલે કે એ ગુણો અસ્થિમજ્જા જેવા અને પ્રકૃષ્ટ થાય એવી ભાવનાઓ (૯)

પ્રસ્તુતમાં આ નવ દ્વારોથી ક્ષયોપશમની વિચારણ કરવામાં આવશે.

શ્રી અર્હં નમ : શ્રી શઙ્ખેશ્વર પાર્શ્વનાથાય નમ : ઐં નમ:

# દ્વાર-૧ ક્ષયોપશમનું સ્વરૂપ

***તે તે દ્રવ્યોની અવસ્થા પરિણામને પારિણામિક ભાવ કહે છે.*** કર્મોની ઉદય, ઉપશમ અને ક્ષયોપશમ સ્વરૂપ ચાર અવસ્થાઓથી આત્માની જે જે અવસ્થા થાય છે તે પણ જીવદ્રવ્યના તે તે પરિણામવિશેષ સ્વરૂપ જ હોવાથી પારિણામિકભાવમાં અંતર્ભૂત જ હોય છે. તેમ છતાં, જેમ પાંચેય પ્રકારના ચારિત્રો સામાયિકમાં અંતર્ભૂત થઇ જતાં હોવા છતાં કેટલીક વિશિષ્ટ સમજણમાટે એના છેદોપસ્થાનીય, પરિહારવિશુદ્ધિ વગેરેસ્વરૂપ વિશેષભેદો અને નામો દર્શાવવામાં આવે છે તેમ આ જુદી જુદી અવસ્થાઓના પણ અનુક્રમે ઔદયિક, ક્ષાયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક એવા ભેદો અને નામો શાસ્ત્રકારોએ દર્શાવેલ છે. એકવાર છેદોપસ્થાપનીયવગેરેની જુદી વિવક્ષા કરી એટલે પછી જેમ એનો સામાયિકમાં સમાવેશ કરાતો નથી તેમ પ્રસ્તુતમાં પણ ઔદયિકવગેરે ભાવોનો પારિણામિકભાવમાં સમાવેશ કરાતો નથી, પણ સ્વતંત્ર જ ગણાય છે. આ સિવાય બધા દ્રવ્યની બધી અવસ્થાઓને પારિણામિકભાવમાં જાણવી. કર્મની ઉદયવગેરે ચાર અવસ્થાઓથી આત્માની ઔદયિકવગેરે થયેલી ચાર અવસ્થાઓમાંથી ક્ષાયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક અવસ્થાઓ આત્મગુણસ્વરૂપ છે.

***પારિણામિકભાવો*** સાદિ-સાંત વગેરે ચારે પ્રકારે હોય છે. પુદ્ગલના પરિણામો સાદિ-સાન્ત હોય છે. સિદ્ધની નિયત અવગાહના-નિયતસ્થિરતા સિદ્ધત્વ આ બધુ સાદિ-અનંત છે. ભવ્યત્વ અનાદિ-સાન્ત છે. જીવત્વ અને અભવ્યત્વ અનાદિ-અનંત છે.

ક્ષાયિકભાવો સાદિ-અનંત હોય છે.

ઔપશમિકભાવો સાદિ-સાન્ત હોય છે.

***ઔદયિકભાવો ૩ પ્રકારે હોય છે.*** અધ્રુવોદયી પ્રકૃતિથી થતાં ઔદ. ભાવો સાદિ-સાન્ત હોય છે. ધ્રુવોદયી પ્રકૃતિથી થતાં ઔદ. ભાવો અભવ્યની અપેક્ષાએ અનાદિ અનંત છે. ભવ્યની અપેક્ષાએ અનાદિ-સાન્ત છે. ઔદ. ભાવ ક્યારેય સાદિ-અનંત હોતો નથી.

**ક્ષાયોપશમિકભાવો પણ ૩ પ્રકારે હોય છે.** અચક્ષુદર્શનવગેરે અભવ્યની અપેક્ષાએ અનાદિ-અનંત અને ભવ્યની અપેક્ષાએ અનાદિ સાન્ત હોય છે. સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ વગેરે સાદિ-સાન્ત હોય છે. ક્ષાયોપ. ભાવ ક્યારેય સાદિ અનંત હોતો નથી.

**ઉદય :-** કર્મનો ઉદય બે પ્રકારે છે. (૧) રસોદય અને (૨) પ્રદેશોદય.

**રસોદય :** સ્વવિષયભૂત આત્મિકગુણને સર્વથા કે અંશતઃ આવરી લે એ રીતે સક્રિયપણે થયેલ ઉદય **રસોદય** (વિપાકોદય) કહેવાય છે. ***કર્મ પોતાના રસસહિત ઉદયમાં આવે તો જ આત્માપર પોતાની અસર દેખાડી શકે છે. એટલે આમાં રસનો ઉદય હોય છે.*** પ્રદેશના (દલિકોના) ઉદય વિના માત્ર રસોદય થઈ શકતો નથી. એટલે પ્રદેશોનો ઉદય પણ આમાં ભેગો હોય છે. તેમ છતાં ગુણોને આવરવારૂપ સ્વકાર્યમાં રસ જ મુખ્ય ભાગ ભજવતો હોવાથી તેમજ 'પ્રદેશોદય' શબ્દ રસ વિનાના ઉદયને જણાવવામાં રૂઢ થયેલો હોવાથી રસોદયકાળે 'પ્રદેશોદય' કહેવાતો નથી.

***પ્રદેશોદય :*** **આત્મગુણોને આવરવાનું સ્વકાર્ય કરી ન શકે-સ્વવિપાક દેખાડી ન શકે એ રીતે ઉદયમાં આવીને કર્મપ્રદેશોનું ખરી પડવું એ પ્રદેશોદય કહેવાય છે.** ઉદયસમયે જ સ્તિબુકસંક્રમદ્વારા આ દલિક અન્ય ઉદયવતી પ્રકૃતિમાં ભળી જતું હોવાથી સ્વવિપાક દેખાડી શકતું નથી. એટલે એ ***'સ્તિબુકસંક્રમથી ભોગવાયું'*** એમ કહેવાય છે.

(સામાન્યથી સંસારીજીવોને ઉદયસમયમાં અર્થાત્ વર્ત્તમાન સમયમાં આઠે ય મૂળકર્મો હંમેશામાટે રસથી ઉદયમાં હોય છે. જે ઉત્તરપ્રકૃતિઓ રસથી ઉદયમાં ન હોય તે પ્રદેશથી ઉદયમાં અવશ્ય હોય છે. આયુષ્યકર્મ કયારેય પ્રદેશથી ઉદયમાં હોતું નથી, હંમેશા રસોદયવાળું જ હોય છે.

જે કર્મો સત્તામાં ન હોય અને નવા બંધાય તે કર્મો (આયુષ્યસિવાયના) બંધાવલિકા બાદ અપવર્ત્તનાથી નીચે આવીને પછી છેવટે પ્રદેશોદયથી પણ ઉદયમાં આવે છે, પછી ભલેને તે જિનનામકર્મ હોય કે આહારક સપ્તક હોય) કેટલાક એમ કહે છે કે જો એ વિપાકોદયને યોગ્ય હોય તો અપવર્ત્તનાદ્વારા ઉદયસમયસુધી આવે છે અને વિપાકોદય પામે છે. જેમકે મિથ્યાત્વે આવેલ

અનંતાનુબંધીવિસંયોજકને બંધાવલિકા બાદ એનો વિપાકોદય થાય છે. જો વિપાકોદયની યોગ્યતા ન હોય તો ઉદયાવલિકામાં આવતું નથી, ઉદયાવલિકાની ઉપરના નિષેક સુધી આવે છે અને એક આવલિકા બાદ એ નિષેકનો ઉદય થાય ત્યારે પ્રદેશોદય પામે છે. આમ એક બંધાવલિકા અને એક ઉદયાવલિકા એમ બે આવલિકા સિવાય સત્તાની વિદ્યમાનતામાં એનો ઉદય (વિપાકથી કે પ્રદેશથી) અવશ્ય મળે છે. માત્ર, ઉદયપ્રાપ્ત આયુષ્યથી ભિન્ન આયુષ્ય બંધાયું હોય તો એનો ચાલુ ભવના અંતસુધી એકેય ઉદય મળતો નથી.

***કર્મના ઉદયથી થતા આત્મપરિણામોને ઔદયિકભાવ કહે છે. અજ્ઞાન, ક્રોધાદિ, કામાદિ, લેશ્યા, અસિદ્ધત્વ, અવિરતિવગેરે ઔદયિકભાવો છે.*** આઠેય કર્મના અવાંતર ભેદોના બધા ઔદયિકભાવો હોય છે. (માત્ર સમ્યકત્વમોહ.ના ઉદયથી, થતા પરિણામને ક્ષયોપશમભાવમાં ગણવામાં આવે છે જે આગળ સ્પષ્ટ થશે.) ઉત્તરપ્રકૃતિઓના અવાંતરભેદોની અપેક્ષાએ ઔદયિકભાવો અસંખ્ય છે. રસોદયના ભેદની અપેક્ષાએ અનંત છે. વર્ણાદિ નામકર્મવગેરેના ઉદયનું કાર્ય શરીર અને તેના પુદ્ગલોમાં વર્ણાદિરૂપે પણ દેખાય છે. તેથી કર્મોદયથી પુદ્ગલમાં પણ જે પરિણામ થાય છે તે પણ ઔદયિકભાવ કહેવાય છે.

**ક્ષય:** બંધવિચ્છેદ બાદ સત્તાગતકર્મને સંક્રમવગેરેદ્વારા એવી રીતે દૂર કરવા કે જેથી એના બંધ, ઉદય કે સત્તા તો રહે નહીં, પણ ફરીથી પણ બંધાદિ દ્વારા એની સત્તા-ઉદય ન પ્રવર્ત્તે એવી આત્માની યોગ્યતા ઊભી થાય. આ રીતે સંપૂર્ણ ક્ષય થવાથી આત્મામાં ક્ષાયિકગુણો પ્રગટ થાય છે. આઠેય કર્મનો આ રીતે સંપૂર્ણ ક્ષય થઇ શકે છે અને એનાથી ક્ષાયિકગુણો પ્રકટ થાય છે.

આમાં સત્તાવગેરે પુનઃ ન પ્રવર્તે એવી યોગ્યતાનો પણ જે સમાવેશ કર્યો એનાથી જણાય છે કે દર્શનત્રિકનો ક્ષય ન કરનાર જીવ અનંતાનુબંધીનો નાશ કરે તો પણ એ એની ***વિસંયોજના*** કહેવાય છે, ક્ષાયિકગુણ લાવી આપનાર **ક્ષય** નહીં, કેમકે મિથ્યાત્વે જઇને પુનઃ અનંતાનુબંધીના બંધવગેરેની શક્યતા હજુ ઊભી છે.

**કર્મનો સંપૂર્ણ ક્ષય થાય છે એનો અર્થ કર્મપુદ્ગલોનો આત્મામાં વિયોગ પેદા થાય છે.** જોકે સંયોગ અને વિયોગ ઉભયમાં રહેનાર ચીજ છે. એટલે કે સંયોગ-વિયોગ કર્મદલિકમાં પણ રહે છે. તેમ

છતાં, આત્માની મુખ્યતા હોવાથી અને આત્મના ગુણો આવરાતા હોવાથી આત્મા બંધાય છે એવો વ્યવહાર થાય છે, પણ પુદ્ગલ બંધાય છે તેવો વ્યવહાર થતો નથી. જેમકે બેડીથી પુરુષ બંધાવાનો વ્યવહાર થાય છે. પણ પુરુષથી બેડી બંધાવાનો નહીં. આજ રીતે વિયોગ પણ આત્મામાં પેદા થયો એમ વ્યવહાર થાય છે.

કર્મો ૧૫૮ કે (એના પણ અવાંતર ભેદોની અપેક્ષાએ) અસંખ્ય હોવા છતાં એક એક મુખ્યગુણના આવારક અનેક રીતે અનેક કર્મો છે. તે બધાના નાશથી તે તે ગુણ સંપૂર્ણતયા સર્વરીતે પ્રગટે છે. તેથી ૮ કર્મોના ક્ષયથી ૮ ગુણો પ્રકટ થાય છે. તેમ છતાં વિવક્ષાભેદથી નીચે પ્રમાણે કહેવાય છે—

જ્ઞાનાવરણના ક્ષયથી ***કેવલજ્ઞાન,*** દર્શનાવરણના ક્ષયથી ***કેવલ દર્શન, દર્શનમોહનીયના*** ક્ષયથી ***ક્ષાયિકસમ્યક્ત્વ,*** ચારિત્રમોહનીયના ક્ષયથી ***ક્ષાયિકચારિત્ર*** અને દાનાંતરાયાદિના ક્ષયથી ***ક્ષાયિક દાનલબ્ધિ*** વગેરે ૫ લબ્ધિઓ પેદા થાય છે. આમ ૪ ઘાતી કર્મોના ક્ષયથી ભવસ્થકેવળીને ૯ ક્ષાયિકગુણો પ્રાપ્ત થાય છે.

વેદનીયકર્મના ક્ષયથી ***અવ્યાબાધપણું,*** આયુષ્યના ક્ષયથી ***અક્ષયસ્થિતિ,*** નામકર્મના ક્ષયથી ***અરૂપીપણું*** અને ગોત્રકર્મના ક્ષયથી ***અગુરુલઘુપણું*** પ્રકટ થાય છે. અથવા નામકર્મક્ષય અને ગોત્રકર્મક્ષય એ બન્નેથી ભેગો એક ***અનંતાવગાહના*** નામનો પરિણામ પ્રકટ થાય છે.

**ઉપશમ:** જીવના વીર્યવિશેષથી સત્તાગત કર્મની એક એવી અવસ્થાવિશેષ થાય કે જેથી એના ઉદય, ઉદીરણા, નિધત્તિ, નિકાચના થઈ ન શકે તે અવસ્થાને ઉપશમ કહે છે.

ઉપશમ ૩ પ્રકારે થાય છે. સર્વોપશમ, દેશોપશમ, વિપાકોપશમ.

**સર્વોપશમ:-** કર્મની સત્તા હોવા છતાં, સત્તાગત દરેક નિષેકના દરેક દલિકો વિવક્ષિત અવસ્થાવિશેષવાળા થવાના કારણે એના પ્રદેશોદય કે વિપાકોદય કે એ માટેની યોગ્યતા પણ રહે નહીં તેને **સર્વોપશમ** કહે છે. અનુપશાંતકર્મથી જે ગુણ આવરાયેલો હતો, તે આ સર્વોપશમથી ક્ષાયિકગુણની જેમ સંપૂર્ણતયા પ્રગટ થાય છે. તેથી આ ઔપશમિકગુણ ક્ષાયોપશમિકગુણ કરતાં નિર્મળ હોય છે. તેમ છતાં, એ અલ્પકાલીન હોય છે. પાણીથી દબાયેલી ધૂળ જેમ અલ્પકાળમાટે જ દબાયેલી રહે છે અને પછી ઊડવા માંડે છે તેમ આ ઉપશમભાવ પણ

કર્મરજમાં અંતર્મુ. કાળમાટે જ રહે છે. આનું કારણ એ છે કે અંતરાયકર્મનો ઉદય હોવાથી અનંતવીર્ય હોતું નથી. અનંતવીર્ય ન હોવાના કારણે આત્માના વિશુધ્ધ્યમાન પરિણામ કે અવસ્થિત વિશુદ્ધપરિણામ અંતર્મુ.થી વધુ રહેતા નથી. ત્યારબાદ અવશ્ય પરિણામમાં હાનિ થાય છે જેના કારણે સત્તામાં રહેલ ગુણનાશક કર્મો પાછા અનુપશાંત બની જવાથી એનો અવશ્ય વિપાકોદય કે પ્રદેશોદય થાય છે. તેથી ઔપશમિકગુણ અંતર્મુ. કાળથી વધુ ટકતો નથી. અંતર્મુ. બાદ ક્યાં તો એ ગુણ ક્ષાયોપ. બની જાય છે અને ક્યાં તો નાશ પામી જાય છે.

**આઠ કર્મોમાંથી માત્ર મોહનીયનો જ સર્વોપશમ થાય છે.** શેષ ૩ ઘાતી કર્મોના બધા ભેદ કે અમુક ભેદો સત્તાવિચ્છેદ જાય ત્યાંસુધી બધા જીવોને હંમેશા રસોદયવાળા રહે છે. જ્ઞાના.૫, દર્શના. ૪ અને અંતરાય ૫... ચૌદેય ક્ષય ન થાય ત્યાં સુધી રસોદયવાળા હોય છે, ૫ નિદ્રાનો વિપાકોદય હોય કે ન પણ હોય, પણ જ્યારે વિપાકોદય ન હોય, ત્યારે પ્રદેશોદય તો હોય જ છે, ઉપશમ હોતો નથી.

નામની અમુકપ્રકૃતિઓ ધ્રુવોદયી છે, જ્યારે અન્યનો વારાફરતી ઉદય થાય છે. પણ ૧૪માના ચરમસમય સુધી કેટલીક તો ઉદયમાં રહે જ છે. શેષ ૩ અઘાતીની પણ ૧-૧ તો વિપાકોદયમાં હોય જ છે. માટે અઘાતી કર્મોનો પણ સર્વોપશમ હોતો નથી.

મોહનીયકર્મમાં પણ ક્યારેક જ જીવના વીર્યવિશેષથી સર્વોપશમ થાય છે. એ માટે દ્વિતીયસ્થિતિમાં રહેલ સર્વનિષેકગત સર્વદલિકોને વિપાકોદય અને પ્રદેશોદય રહિત કરવું પડે છે.

**સામાન્યથી જીવ જ્યારે સર્વોપશમ કરવા ઉદ્યત થાય છે, ત્યારે સ્થિતિસત્તા અંતઃ કો.કો. સાગરો. હોય છે.** તે તે ઉત્તરપ્રકૃતિઓનો સ્થિતિબંધ ભલે ગમે એટલો ઓછો-વત્તો હોય, તો પણ સંક્રમણવગેરે દ્વારા દરેક ઉત્તરપ્રકૃતિઓની સ્થિતિસત્તા પોતપોતાની મૂળપ્રકૃતિની સત્તા જેટલી થઈ ગયેલી હોય છે. ચારિત્રમો.ની ઉત્તર પ્રકૃતિઓની સત્તા ચારિત્રમો.ના વર્ગ જેટલી થઈ ગયેલી હોય છે. એટલે કે સામાન્યથી દરેક ઉ. પ્રકૃતિઓની સ્થિતિસત્તા લગભગ સરખી હોય છે. એટલે જેનો સર્વોપશમ કરવો હોય તે પ્રકૃતિના આ સર્વનિષેકોમાં રહેલા દલિકોને ઉપશાંત કરવા પડે છે. વળી ઉપશમકાળ દરમ્યાન

તો પ્રદેશોદય પણ હોવો ન જોઈએ. તેથી ઉપશમના અંતર્મુ. કાળભાવી નિષેકોના દલિકોને અંતરકરણની પ્રક્રિયાથી ખાલી કરવા પડે છે. નિષેકોમાં જો દલિક હોય તો ઉદયસમયે છેવટે એનો પ્રદેશોદય તો થાય જ. માટે એને ખાલી કરે છે. ત્યારબાદ બીજીસ્થિતિમાં રહેલ દલિકોને અંતર્મુહૂર્ત કાળમાં ઉપશમાવે છે. એટલે કે તે દલિકો ખસીને ઉપરનીચે કયાંય ન જાય તેમ જ દર્શનમોહનીય સિવાયની પ્રકૃતિઓના દલિકો તો અન્ય પ્રકૃતિમાં પણ ન જાય એવા કરે છે. આ રીતે સત્તાગત બધા દલિકો ઉપશાંત થાય અને ઉદયમાં પ્રદેશોદયથી પણ નથી, તેથી તે કર્મથી આવરિત ગુણ સંપૂર્ણ પ્રકટ થાય છે.

આમ સર્વોપશમ માત્ર મોહનીયકર્મનો જ થતો હોવાથી એનાથી માત્ર, મોહનીયકર્મદ્વારા આવરિત ગુણો જ પેદા થાય છે. એટલે **ઔપશમિકભાવો તરીકે માત્ર સમ્યક્ત્વ અને ચારિત્ર એ બે જ ભાવો મળે છે.** જો કે મોહનીયકર્મની અવાંતર પ્રકૃતિઓનો પણ સર્વોપશમ થાય છે. તેમ છતાં જીવ દર્શનમોહનીયની સત્તાગત એક પ્રકૃતિ હોય તો એકને (પ્રથમસમ્યક્ત્વોત્પત્તિકાળે) અને ત્રણ હોય તો ત્રણને (ઉપશમશ્રેણિમાટે ઉપશમ કરે ત્યારે) ઉપશમાવ્યા વિના રહેતો નથી, તેથી એ ત્રણેયના ઉપશમદ્વારા 'સમ્યક્ત્વ'ગુણ પ્રકટ થાય છે. એમ ચારિત્રમોહનીયનો ઉપશમક પણ જો મરણવ્યાઘાત ન આવે, તો ક્રમશઃ સર્વપ્રકૃતિઓને ઉપશમાવ્યા વિના રહેતો નથી. પ્રથમસમ્યક્ત્વથી ઉપશમશ્રેણિ માંડી શકાતી નથી પણ ઉપશમશ્રેણિના ઉપશમસમ્યક્ત્વથી એકવાર શ્રેણિ માંડ્યા પછી અંતર્મુ.માં જ ક્ષયોપશમ સમ્યક્ત્વ પામ્યા વગર જ બીજીવાર ઉપશમશ્રેણિ માંડે નહીં. પરંતુ પુનઃ ક્ષયોપશમસમ્યકત્વમાંથી ઉપશમસમ્યક્ત્વ અવશ્ય પામવું પડે છે. ઉપશમ સમ્યક્ત્વમાં અનંતા.નો ક્ષયોપશમ અને દર્શન ત્રિકનો ઉપશમ હોય છે. શ્રેણિમાટેના ઉપશમ સમ્યક્ત્વમાં અનંતા.ની વિસંયોજના હોય છે મતાંતરે ઉપશમ પણ ચાલે. કિન્તુ ક્ષયોપશમ તો નહીં જ. તેથી પ્રથમ સમ્યક્ત્વથી શ્રેણિ માંડી શકાતી નથી.

આમ આ બે રીતે ઉપશમકાર્ય થતું હોવાથી બે ભેદ બતાવ્યા છે. **અનુયોગદ્વારમાં** અવાંતર પ્રકૃતિઓ જેટલી છે, એટલા અવાંતર ભેદો બતાવ્યા છે.

**દેશોપશમના :** ઉદયાવલિકાની બહારના દરેક નિષેકોમાં રહેલા અને

જેની બંધાવલિકા વગેરે વીતી ગયેલી છે, તેવા દલિકોના એક અસં.મા ભાગના દલિકોમાં એવી અવસ્થા ઊભી કરવી કે જેવી અંતર્મુ.કાળસુધી ઉદીરણા-સંક્રમવગેરે દ્વારા એ ત્યાંથી ખસી ન શકે તે **દેશોપશમ** કહેવાય છે. અનાદિકાળથી યાવત્ અપૂર્વકરણસુધી આ આઠે ય કર્મોમાં ચાલુ હોય છે. અનિવૃત્તિકરણથી એ બંધ પડે છે. તેમ જ જૂની થયેલી હોય તે પણ ચાલી જાય છે. અસં.માં ભાગ સિવાયનું શેષ દલિક અનુપશાંત હોવાના કારણે ઉદયાદિ ચાલુ રહેવાથી આ ઉપશમદ્વારા ક્ષાયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક કોઈ પણ આત્મગુણ પ્રકટ થતો નથી.

**વિપાકોપશમ:** ઉદયમાં જેટલો રસ હોય એના કરતાં વધારે રસવાળા ઉદયાવલિકાની ઉપર રહેલા દલિકોમાં એ અધિકરસ સ્વરૂપે ઉદયમાં આવી ન શકે એવી યોગ્યતા પેદા કરવી એ ***વિપાકોપશમ*** છે. આ વધારે રસવાળા દલિકો જો ઉદયમાં આવે તો રસહીન થઈને જ ઉદયમાં આવી શકે છે અને તેથી ગુણનાશક બની શકતા નથી. ***આ વિપાકોપશમ, ક્ષયોપશમનો એક અંશ છે. જ્યાં સુધી ક્ષાયોપશમિકભાવ ચાલુ હોય ત્યાં સુધી આ વિપાકોપશમ પણ ચાલુ રહે છે.***

ઉદયપ્રાપ્ત નિષેકમાં પણ અધિકરસવાળા દલિકો હોય તો છે જ, પણ એમાંથી કેટલો રસ ઉદયમાં આવી શકે એનો નિર્ણય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ પર થાય છે. જ્યાં સુધી ક્ષાયોપશમિક ભાવરૂપ વિશુદ્ધિને જીવ જાળવી રાખે છે ત્યાં સુધી ઉદયમાં અધિક રસ આવી શકતો નથી. ઉદયપ્રાપ્ત નિષેકમાં પણ અધિક-રસવાળા જે દલિકો રહેલાં હોય તે આ ક્ષાયોપશમિકભાવથી હીનરસવાળાં થઈને જ ઉદયમાં આવે છે અને તેથી આ **વિપાકોપશમના** પ્રભાવે ઉપર રહેલા અધિકરસવાળા દલિકો પણ સ્વરૂપે ઉદયમાં આવી શકતા નથી. જ્યારે જીવ આ ક્ષાયોપશમિકભાવને જાળવી રાખવામાં ગરબડ કરે છે. ત્યારે ભાવમાં અશુદ્ધિ આવે છે, તેથી શુદ્ધભાવના કારણે અલ્પરસનો જ જે ઉદય હતો તે બદલાઈને હવે અધિકરસનો પણ ઉદય થાય છે અને તેથી ઉપરથી પણ અધિકરસવાળા દલિકો સ્વરૂપે ઉદયમાં આવી શકે છે. એટલે કે તેઓની ***'વિપાકોપશમ'*** નામની અવસ્થા ચાલી જાય છે. તેમજ ઉદયમાં આવેલ અધિકરસ વાળું દલિક ગુણનાશક હોવાથી જીવ પ્રાપ્ત થયેલ ક્ષાયોપશમિક ગુણને

ગુમાવી દે છે.

આમ વિપાકોપશમ એ ક્ષયોપશમનો એક અંશ હોવાથી એમ કહી શકાય કે વિપાકોપશમથી ક્ષાયોપશમિક ગુણ પ્રકટ થાય છે.

**ક્ષયોપશમ :-** કર્મનો અમુક અંશે ક્ષય અને અમુક અંશે ઉપશમ થવો એ ક્ષયોપશમ છે. કર્મની આ ક્ષયોપશમ નામની અવસ્થાના પ્રભાવે તે તે કર્મથી જે જે આત્મિકગુણ આવરિત થયો હોય તે આંશિકરીતે ખુલ્લો થાય છે. જેમકે મતિજ્ઞાનાવરણના ક્ષયોપશમથી મતિજ્ઞાન ગુણ પ્રકટ થાય. ક્ષયોપશમમાં વધઘટ થવાસાથે આ ગુણમાં પણ વધઘટ થાય છે. આ ગુણો શુદ્ધઆત્મસ્વરૂપના હોતા નથી. પણ કર્મના ઉદયથી થયેલ કંઈક મલિનતા-અધૂરાશથી મિશ્રિત હોય છે. જેમકે સ્વચ્છ આકાશમાં પડતા સૂર્યપ્રકાશ સિવાયનો કોઈપણ (મેઘાચ્છાદનકાળે) સૂર્યપ્રકાશ ઓછે વત્તે અંશે આવરણભૂત વાદળાંને અનુસરીને અંધકારથી મિશ્રિત હોય છે, તેમ મતિજ્ઞાનસાથે મતિજ્ઞાનની અધૂરાશ પણ હોય છે.

આવારક કર્મોમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ મોહનીય અને અંતરાય એ ૪ ઘાતી કર્મો છે જે અનુક્રમે જ્ઞાન, દર્શન, સમ્યક્ત્વ-ચારિત્ર અને દાન-લાભ વગેરે લબ્ધિ સ્વરૂપ આત્મગુણોને ઢાંકે છે.

વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર કર્મ અઘાતી છે, જે અનુક્રમે અવ્યાબાધસુખ, અક્ષય સ્થિતિ, અરૂપીપણું અને અગુરુલઘુપણું સ્વરૂપ આત્મગુણોને આવરે છે. અઘાતીથી આવરાયેલા આ ગુણો ક્યારેય પણ આંશિક રીતે પ્રકટ થતા નથી, એ ગુણોની માત્રામાં ક્યારેય વધઘટ થતી નથી. ***તેથી અઘાતી કર્મોનો ક્ષયોપશમ હોતો નથી.***

બીજી રીતે કહીએ તો અઘાતીપ્રકૃતિઓના રસનો એક જ પ્રકાર હોય છે, એટલે કે એનો જઘન્યરસ પણ સર્વઘાતીરસ જેવો જ હોય છે તેથી કેવલજ્ઞાનાવ. જેમ એનો ક્ષયોપશમ હોતો નથી. ***ઘાતીપ્રકૃતિઓનો રસ ઉદયની અપેક્ષાએ ૩ પ્રકારનો હોય છે,*** કેવલ દેશઘાતીરસ (મતિજ્ઞાના.વગેરે) કેવલસર્વઘાતીરસ (કેવલજ્ઞાના.વગેરે) અને ઉભયરસ (અવધિજ્ઞાના.વગેરે).

ઘાતીકર્મોથી આવરાતા ગુણો અવાંતરભેદોની અપેક્ષાએ બે પ્રકારના છે. આંશિક ખુલ્લા થાય એવા અને આંશિક ખુલ્લા ન થાય એવા. કેવલજ્ઞાનાવરણ, કેવલદર્શનાવરણ અને ૫ નિદ્રા આ ૭ કર્મો એવા

છે કે જેનાથી આવરિત ગુણો ક્યારેય આંશિકરીતે ખુલ્લા થતા નથી. માટે આ સાત પ્રકૃતિઓનો પણ ક્ષયોપશમ હોતો નથી. વળી આમાંથી કેવલદ્વિક એવી બે પ્રકૃતિઓ છે કે જેનો ક્ષય ન થાય ત્યાં સુધી હંમેશા ઉદય ચાલુ જ હોય છે. તેથી એનો ક્ષય થઈને જ્યાં સુધી ક્ષાયિકગુણ પ્રગટ ન થાય ત્યાં સુધી એના સંબંધિત ગુણો સર્વથા અપ્રકટ જ રહે છે. નિદ્રાપંચક પ્રકૃતિઓ એવી છે કે એનો હંમેશા ઉદય હોતો નથી. એટલે ક્ષયપૂર્વે પણ જ્યારે એનો ઉદય ન હોય ત્યારે એનાથી આવરિત થનાર ગુણ પ્રકટ હોય છે. તેમ છતાં એ વખતે પણ સર્વઘાતીરસરૂપે ઉદયમાં ન જ આવી શકે એવી એનામાં યોગ્યતા થઈ શકતી ન હોવાથી ક્ષયોપશમ કહેવાતો નથી. જ્યારે એનો ઉદય હોય ત્યારે એ ગુણો સંપૂર્ણતયા આવરાયેલા હોય છે. આંશિકરૂપપણે પ્રગટ હોતા નથી, તેથી નિદ્રાકાળે સભાનપણે સાંભળવું-જોવું વગેરે બનતું નથી. આમ આ ૭ પ્રકૃતિઓ ક્ષયોપશમને અયોગ્ય સર્વઘાતી રસવાલી છે.

જે ગુણો આંશિક ખુલ્લા થાય છે. તે તેના આવારક કર્મોના ક્ષયોપશમથી થાય છે. આ આવારકકર્મો બે પ્રકારના છે (અને તેથી આંશિક ખુલ્લા થતા ગુણો પણ બે પ્રકારના છે.) ક્યારેક ક્ષયોપશમવાળા અને કાયમ (નિત્ય) ક્ષયોપશમવાળા. ચારિત્ર મોહનીયની ૨૫ પ્રકૃતિઓ, દર્શનમોહનીયની ૩ પ્રકૃતિઓ, અવધિદ્વિક, મન:પર્યવજ્ઞાનાવરણ અને ચક્ષુદર્શનાવરણ... આ ૩૨ પ્રકૃતિઓ ક્યારેક ક્ષયોપશમ થનારી છે. જ્યારે મતિજ્ઞાના. શ્રુતજ્ઞાના. અચક્ષુદર્શના. અને પાંચ અંતરાય.. આ ૮ પ્રકૃતિઓ નિત્યક્ષયોપશમવાળી છે. આ ૮ સંબંધી ગુણો અમુક અંશે હંમેશા ખુલ્લા જ રહે છે. એટલે આ ૩૨+૮=૪૦ પ્રકૃતિઓનો ક્ષયોપશમ હોય છે. આમાં આદ્ય ૧૨ કષાય, મિશ્ર અને મિથ્યાત્વ એ ક્ષયોપશમને યોગ્ય ફક્ત સર્વઘાતીરસવાળી છે. જ્યારે શેષ પ્રકૃતિઓ સર્વઘાતી-દેશઘાતી બન્ને રસવાળી છે. સમકીત મોહ. માત્ર દેશઘાતીરસવાળી છે.

**(૧) સર્વઘાતીરસરૂપે :-** જ્યારે અવધિજ્ઞાન પ્રાપ્ત થયું ન હોય ત્યારે અવધિજ્ઞાનાવરણનો સર્વઘાતીરસ ઉદયમાં હોય છે. આ વખતે અવધિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોતો નથી.

**(૨) સર્વઘાતીરસ સર્વઘાતીરૂપે ઉદયમાં ન આવે, માત્ર દેશઘાતીરૂપે જ ઉદયમાં આવે.** અને દેશઘાતીરસનો પણ ઉદય હોય. દા.ત.

અવધિજ્ઞાનીને અવધિજ્ઞાનાવરણનો દેશઘાતીરસનો જ ઉદય હોય છે. આ **ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ** કહેવાય છે. જેનો માત્ર દેશાઘાતીરસ જ સત્તામાં હોય અને ઉદયમાં પણ હોય તેનો પણ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ છે જેમકે ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને સમ્યક્ત્વ મોહનીયનો.
(૩) સર્વઘાતી કે દેશઘાતી એકેયરૂપે વિપાકોદય ન હોય, માત્ર પ્રદેશોદય હોય. આને **શુદ્ધક્ષયોપશમ** કહે છે. દા.ત. આદ્ય ૧૨ કષાયોનો ક્ષયોપશમ...

## પ્રદેશોદય ત્રણ પ્રકારે હોય છે.

(અ) પરાવર્ત્તમાન પ્રકૃતિઓમાં, પ્રતિપક્ષી પ્રકૃતિનો ઉદય હોય ત્યારે વિવક્ષિત પ્રકૃતિ સ્વસ્વરૂપે ઉદયમાં આવી શકતી નથી. પ્રદેશોદયરૂપે ઉદયમાં આવે છે. તેમ છતાં, જો એ વખતે પ્રતિપક્ષીપ્રકૃતિનો ઉદય અટકી જવાથી વિવક્ષિતપ્રકૃતિ સર્વઘાતીસ્વરૂપે જ ઉદયમાં આવી શકે એમ હોય, તો આવા પ્રદેશોદયકાળે ક્ષયોપશમ કહેવાતો નથી. કિન્તુ ઔદયિકભાવની યોગ્યતા હોવાથી **ઔદયિકભાવ** કહેવાય છે. દા.ત. ૧લે ગુણઠાણે અનંતાનુબંધી ક્રોધના ઉદયકાળે માનવગેરે પ્રકૃતિઓ, અથવા ૧ થી ૪ ગુણઠાણે વિપાકોદયપ્રાપ્ત વેદ કે યુગલ સિવાયના વેદ કે યુગલ.

આ અવસ્થામાં વિવક્ષિતપ્રકૃતિનો વિપાકોદય ન હોવા છતાં, કોઈ જ આત્મગુણ પ્રગટ થયો હોતો નથી, માટે આને ક્ષયોપશમ ન કહેતાં **ઔદયિકભાવ** કહે છે.

(બ) પ્રતિપક્ષીપ્રકૃતિનો ઉદય હોવાથી વિવક્ષિત પરાવર્ત્તમાનપ્રકૃતિ ઉદયમાં નથી. તેમ છતાં જો બીજે સમયે એનો ઉદય થાય તો પણ દેશઘાતીરૂપે જ ઉદય થાય, સર્વઘાતીરૂપે નહીં જ, તો એનો **ક્ષયોપશમ** કહેવાય છે. ઉદયઅપ્રાપ્ત પરાવર્તમાનપ્રકૃતિનો આ ઉદયાનુવિદ્ધ એવા વિશેષણવિનાનો **શુદ્ધક્ષયોપ.** વ્યવહારથી કહેવાય છે. આ અવસ્થામાં વિવક્ષિતકાળે પ્રતિપક્ષી જે પ્રકૃતિ ઉદયમાં છે તેનો પણ દેશઘાતીરસ જ ઉદયમાં હોય છે, સર્વઘાતી નહીં... એટલે કે પ્રતિપક્ષી પ્રકૃતિનો પણ ક્ષયોપશમ સાથે જ હોય છે, ઉદયપ્રાપ્ત પ્રકૃતિનો આ ક્ષયોપશમ **ઉદયાનુવિદ્ધક્ષયોપશમ** કહેવાય છે. માત્ર એક પરાવર્ત્તમાન પ્રકૃતિનો ક્ષયોપશમ હોય અને એની પ્રતિપક્ષી અન્યપ્રકૃતિનો ક્ષયોપશમ સાથે ન હોય એવું બનતું નથી. જેમકે પાંચમે ગુણઠાણે વેદ કે યુગલ...

'માત્ર પુ.વેદનો ક્ષયોપશમ હોય અને સ્ત્રી.નપું.વેદનો નહીં' એવું બનતું નથી.

(ક) જે **સર્વઘાતી** પ્રકૃતિ હોવા છતાં, વિવક્ષિતકાળે વિશુદ્ધિના કારણે સર્વઘાતીરસરૂપે ઉદયમાં આવી શકે, એમ નથી, તેમજ દેશઘાતીરૂપે ઉદયમાં આવવાની તો એની તથાસ્વભાવે યોગ્યતા જ નથી. તેથી એનો માત્ર પ્રદેશોદય જ હોય છે. આ ***શુદ્ધક્ષયોપશમભાવ*** કહેવાય છે. દા.ત. ૪થા વગેરે ગુણઠાણે અનંતા. ક્રોધ વગેરે આદ્ય ૧૨ કષાયો. આ અવસ્થામાં તે તે કષાય સંબંધિત બધી પરાવર્ત્તમાન પ્રકૃતિઓનો પ્રદેશોદય જ હોય છે. કોઈનો પણ વિપાકોદય હોતો નથી. અને તેથી બધીનો એકીસાથે ક્ષયોપશમ હોય છે. (અ)માં પરાવર્ત્તમાન એક પ્રકૃતિનો વિપાકોદય હતો અને પ્રદેશોદયવાળી અન્ય સર્વ પ્રકૃતિઓની પણ વિપાકોદયમાટે યોગ્યતા હતી, માટે પ્રદેશોદયવાળીનો પણ ક્ષયોપશમ કહેવાતો નથી, જ્યારે અહીં વિપાકોદય કોઈનો નથી, તેમજ એની યોગ્યતા પણ નથી, માટે ક્ષયોપશમ કહેવાય છે [એટલે કે પરાવર્તમાનતાના કારણે થયેલ પ્રદેશોદય એ ક્ષયો. નથી, પણ વિપાકોદયની અયોગ્યતાના કારણે થયેલ પ્રદેશોદય એ ક્ષયોપશમ છે. ટૂંકમાં, સર્વઘાતીરસનો ઉદય હોય તો ઔદયિકભાવ કહેવાય.]

કેવળ દેશઘાતીરસનો ઉદય હોય તેને તેમ જ દેશઘાતીરસના ઉદયસાથે સર્વઘાતીરસને દેશઘાતી કરીને જ ઉદયમાં લાવે તેને **ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમભાવ** કહે છે. દા.ત. સમ્ય. મોહનીય તેમજ છઠ્ઠે ગુણઠાણે ઉદિત યુગલ-વેદ.

★ જે પ્રકૃતિનો સર્વઘાતીરસ, ક્ષયોપશમ થયો હોવાના કારણે ઉદયમાં નથી આવતો, તેમજ તેનો દેશઘાતીરસ, પોતાની સાથે પરાવર્ત્તમાનભાવવાળી પ્રતિપક્ષી પ્રકૃતિનો ઉદય હોવાથી ઉદયમાં નથી આવતો અને માત્ર પ્રદેશોદય જ હોય છે, ત્યારે એને વ્યવહારથી શુદ્ધ (ઉદયાનુવિદ્ધ એવા વિશેષણ વિનાના) ક્ષયોપશમભાવવાળી કહે છે. દા.ત. ૫ થી ૯ ગુણઠાણે અનુદિત યુગલ અને અનુદિત વેદ.

★ જેઓનો દેશઘાતીરસ જ નથી એવી સર્વઘાતી પ્રકૃતિઓનો વિપાકોદય ન હોય અને પ્રદેશોદય જ હોય તો શુદ્ધક્ષયોપશમ જાણવો દા.ત. આદ્ય અનુદિત ૧૨ કષાય.

★ સર્વઘાતીરસના ઉદયની યોગ્યતા હોવા છતાં અન્ય પ્રતિપક્ષી પ્રકૃતિનો ઉદય હોવાના કારણે માત્ર પ્રદેશોદય હોય તો ક્ષયોપશમ

ન કહેવાય, પણ સ્તિબુક સંક્રમથી ક્ષય થતો કહેવાય છે. આનાથી કોઈ આત્મગુણ પ્રકટ થતો નથી.

ધારો કે ૧ પાવર(માત્રા)થી માંડીને ૧ લાખ પાવરસુધીનો કુલ રસ છે. જેમાંથી ૧ થી ૧૦૦૦૦ દેશઘાતી છે અને શેષ (૧૦૦૦૧ થી ૧ લાખ) સર્વઘાતી છે.

☐ જે પ્રકૃતિના ૧ થી ૧૦૦૦૦ રસવાળા દલિકો હોય જ નહીં એને સર્વઘાતી કહે છે. જેમ કે કેવલજ્ઞાનાવરણ.

☐ જે પ્રકૃતિના ૧૦૦૦૦થી ઓછા અને વધારે બન્ને રસવાળા દલિકો હોય એને દેશઘાતી કહે છે. જેમકે મતિજ્ઞાનાવરણ વગેરે.

☐ સમ્ય. મોહનીયમાં માત્ર ૧૦૦૦૦ થી ઓછા રસવાળાં જ દલિકો હોય છે.

☐ મિશ્ર મોહનીયમાં ૧૦૦૦૧ થી ૨૫૦૦૦ (ધારો કે) સુધીના રસવાળા જ દલિકો હોય છે.

☐ ૧૦૦૦૦ સુધીમાં ૧ ઠાણીયો અને પ્રારંભિક ૨ ઠાણીયો રસવાળા સ્પર્દ્ધકો આવે છે. ૨ઠા. ના શેષ બહુભાગ સ્પર્દ્ધકો તેમ જ ૩-૪ ઠા. રસવાળા સ્પર્દ્ધકો ૧૦૦૦૧ થી ૧ લાખ સુધીમાં આવશે.

☐ ૧૦૦૦૦થી ઉપરનો રસ ઉદયમાં હોય તો ઔદયિકભાવ કહેવાય.

☐ ૧૦૦૦૦ની અંદરનો જ રસ ઉદયમાં હોય તો, તેમજ ૧૦૦૦૦ની ઉપરનો રસ ઘટીને ૧૦૦૦૦ની અંદરનો થઈને જ ઉદયમાં આવતો હોય તો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ કહેવાય છે.

☐ ૧૦૦૦૦ની ઉપરનો રસ તો ઉદયમાં નથી જ આવતો, પણ અંદરનો રસ પણ, પ્રતિપક્ષી પ્રકૃતિનો ઉદય હોવાથી ઉદયમાં નથી આવતો, તો જ્યાં સુધી પ્રતિપક્ષી પ્રકૃતિનો ઉદય હોય ત્યાં સુધી વિવક્ષિત પ્રકૃતિનો વ્યવહારથી શુદ્ધક્ષયોપશમ હોય છે. આ વખતે વિવક્ષિત પ્રકૃતિનો સર્વઘાતી કે દેશઘાતીરસ ઉદિત પ્રતિપક્ષીપ્રકૃતિના દેશઘાતીરસરૂપે સ્તિબુકસંક્રમથી સંક્રમીને ઉદયમાં આવે છે. અને વિવક્ષિત પ્રકૃતિનો પ્રદેશોદય હોય છે. વિવક્ષિત પ્રકૃતિનો પાછો જ્યારે ઉપરોક્ત પ્રમાણે ૧ થી ૧૦૦૦૦ સુધીનોં જ રસ ઉદયમાં ચાલુ થઈ જાય તો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ જાણવો, અને એ વખતે પ્રતિપક્ષી પ્રકૃતિનો વિપાકોદય બંધ પડ્યો હોવાથી એનો વ્યવહારથી શુદ્ધક્ષયોપશમ જાણવો.

□ આ પ્રકૃતિઓનો માત્ર ૧ થી ૧૦૦૦૦ સુધીનો જ રસ ઉદયમાં આવે એવું બનતું જ નથી કારણ કે ક્યારેય એવી સત્તા નથી. જો વિપાકોદય હોય તો ૧૦૦૦૦ની ઉપરનો જ હોય, આવી પ્રકૃતિઓને સર્વઘાતી કહે છે. તેમ છતાં, વિશુદ્ધિવિશેષના કારણે એવું જો બને કે, પરસ્પર પરાવર્ત્તમાન બધી જ પ્રકૃતિઓનો ૧૦૦૦૦થી ૧ લાખમાં નો એકેય રસ વિપાકોદયવાળો ન હોય. **બધુંજ દલિક પ્રદેશોદયવાળું જ હોય, તો શુદ્ધક્ષયોપશમ કહેવાય.**

★ **અવસ્થાવિશેષમાં જો એનો પ્રદેશોદય પણ ન હોય તો ઉપશમ કહેવાય છે.**

★ **જો એની સત્તા પણ રહી ન હોય તો ક્ષાયિકભાવ કહેવાય છે.**

ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમમાં દેશઘાતી (૧ થી ૧૦૦૦૦ પાવરવાળા) રસનો ઉદય હોય છે એ જોયું. ઉદય પામનાર આ દેશઘાતીરસ પણ, ક્ષયોપશમની સંપૂર્ણ અવસ્થા દરમ્યાન એકરખો જ રહે છે એવું નથી, કિન્તુ જીવના શુભ-અશુભ ભાવો વગેરેને અનુસરીને એમાં વધઘટ થયા કરે છે. અને એને અનુસરીને ક્ષાયોપશમિકભાવમાં તરતમતા આવે છે. ધારોકે વિવક્ષિતકાલે ૧૦૦૦ પાવરનો રસોદય છે. પછી જો જીવના પરિણામ વધુ વિશુદ્ધ થાય, તો રસોદયની માત્રામાં ઘટાડો થાય છે... થયેલ વિશુદ્ધિના અનુસારે ૯૯૯-૯૯૮ વગેરે પાવરનો રસોદય રહે છે. જેમ જેમ વિશુદ્ધિ વધતી જાય છે તેમ તેમ આ પાવરમાં વધુને વધુ ઘટાડો થવાથી રસોદય અધિક ને અધિક મંદ થતો જાય છે. જેના પ્રભાવે ક્ષયોપશમ વધુને વધુ વિશદ થતો જાય છે. જો વિશુદ્ધિ ખૂબ જ વધી જાય તો ક્ષાયોપશમિકભાવ ક્ષાયિકભાવમાં પરિણમે છે એમ, જેમ જીવનો પરિણામ અશુદ્ધ થાય તેમ રસોદયની માત્રમાં વધારો થાય છે. થયેલ અશુદ્ધિને અનુસરીને ૧૦૦૧, ૧૦૦૨.. વગેરે પાવરનો રસોદય થાય છે. અશુદ્ધિ જેમ જેમ વધતી જાય છે તેમ તેમ આ પાવર વધતો જવાથી રસોદય અધિકને અધિક તીવ્ર થતો જાય છે, જેના પ્રભાવે ક્ષયોપશમ મલિન થતો જાય છે. આ અશુદ્ધિ વધતાં વધતાં જો એટલી વધી જાય કે જેથી રસોદયની માત્રા વધીને દેશઘાતીમાંથી સર્વઘાતી થઇ જાય તો (૧૦૦૦૦થી અધિક થઈ જાય તો) ક્ષાયોપશમિકભાવ નાશ પામી જઇને ઔદયિક ભાવ થઇ જાય છે.

જ્યાં સુધી અશુદ્ધિ એટલી બધી વધતી નથી અને રસોદય ૧૦૦૦૦ની અંદર જ રહે છે ત્યાં સુધી ક્ષાયોપશમિકભાવ જળવાઈ રહે છે. આ ક્ષયોપશમકાળે ઉદયપ્રાપ્ત તે તે નિષેકોમાં પણ ૧૦૦૦૦થી અધિક રસ વિદ્યમાન તો હોય છે જ, પણ પોતાની વિશુદ્ધિના બળે એ અધિક રસને, તે તે સમયે ઉત્કૃષ્ટથી જેટલો રસ (૧૦૦૦વગેરે પાવરવાળો) ઉદયમાં હોય, ત્યાં સુધી ઘટાડી નાંખી એ મંદરસ તરીકે જ ભોગવે છે. રસની આ મંદતા કરવી એ ***એક પ્રકારનો ક્ષય*** છે. તે તે સમયે ઉદયપ્રાપ્ત ૧૦૦૦ વગેરે રસથી અધિક રસવાળા જે દલિકો ઉદયાવલિકા બહાર રહ્યા હોય અને ઉદીરણાથી ઉદયસમયમાં આવી ભોગવાઈ જવાના હોય તેને પણ ૧૦૦૦ કે એથી વધુ મંદરસવાળા કરીને ભોગવે છે. આ જે રસની મંદતા થઈ એ ***બીજા પ્રકારનો ક્ષય છે.*** આ બીજા પ્રકારના ક્ષયદ્વારા ઉદયાવલિકાની બહાર રહેલા અધિકરસવાળા (૧૦૦૦ની ઉપરના રસવાળા) સર્વ દલિકોનો રસ કાંઈ ઘટી જતો નથી. મોટા ભાગના દલિકોનો અધિકરસ તો અકબંધ જ હોય છે. એ પણ ઉદીરણાદ્વારા ઉદયમાં આવી ગુણનાશ ન કરી નાંખે એટલા માટે એના ઉદીરણાઉદયને અટકાવવાનો હોય છે. આ અટકાયત એ **વિપાકોપશમ છે.** આમ ઉદયપ્રાપ્ત ૧૦૦૦ રસથી અધિકરસવાળા ઉદયાવલિકા બહાર રહેલા દલિકોને સ્વસ્વરૂપે અધિક રસવાળા રૂપે ઉદયમાં ન આવવા દેવા એ વિપાકોપશમ છે. ઉદયપ્રાપ્ત પ્રકૃતિની પ્રતિપક્ષી પ્રકૃતિના તીવ્ર કે મંદરસવાળા દલિકો સ્વરૂપે ઉદયમાં ન આવતાં માત્ર પ્રદેશોદયથી જ જે ભોગવટો થાય છે એ **ત્રીજાપ્રકારનો ક્ષય છે.**

***આમ ત્રણપ્રકારનો ક્ષય અને ચોથો વિપાકોપશમ એમ ચાર દ્વારા ક્ષયોપશમ થાય છે.*** વળી ઉદયપ્રાપ્ત પ્રકૃતિનો ૧૦૦૦ સુધીનો જે મંદ રસ વિપાકથી ઉદયમાં આવી, પ્રકટ થયેલ આત્મગુણની અધૂરાશ-કંઈક મલિનતા વગેરે રાખે છે તે **ઉદય** કહેવાય છે અને તેથી એ પ્રકૃતિના ક્ષયોપશમને **ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ** કહે છે. ઉદયપ્રાપ્ત આ મંદરસની હાનિ-વૃદ્ધિથી ક્ષયોપશમની તીવ્રતા-મંદતા થવાદ્વાર ગુણની નિર્મળતા-મલિનતા થાય છે.

ક્ષાયિક અને ઔપશમિકભાવકાળે આવો મંદરસ પણ ઉદયમાં હોતો નથી, તેથી ક્ષાયિક-ઔપશમિકગુણોમાં કોઈ વધ-ઘટ હોતી નથી.

આ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમવાળી પ્રકૃતિઓનો ૧૦૦૦ સુધીનો રસ જેમ વિપાકથી ઉદયમાં હોય છે, એમ આદ્ય ૧૨ કષાયોમાં

હોતું નથી. આ ૧૨ નો તો જ્યારે ક્ષયોપશમ હોય ત્યારે માત્ર પ્રદેશોદય જ હોય છે. રસોદય હોતો નથી. તેથી એનો **શુદ્ધક્ષયોપશમ** કહેવાય છે. વળી રસોદય હોય તો એની મંદતા-તીવ્રતા પર ગુણની વધઘટ થાય, પણ એ તો છે નહીં. તેથી ગુણમાં વધ-ઘટ હોતી નથી કે એનો વ્યવહાર થતો નથી. ક્ષાયિક અને ઔપશમિકભાવમાં તો પ્રદેશોદય પણ હોતો નથી, જે અહીં હોય છે, એ તફાવત જાણવો.

આમ શુદ્ધક્ષયોપશમવાળા ગુણમાં તીવ્રતા-મંદતા નથી. તેમ છતાં જીવના પરિણામની વિશુદ્ધિવગેરેદ્વારા સર્વઘાતીરસ ઉદયમાં ન આવી જાય એ માટેની દઢતા થાય છે એને **ક્ષયોપશમની વૃદ્ધિ** કહી શકાય. જેના પરિણામ એટલા વિશુદ્ધ નથી. એને આવી દઢતા હોતી નથી. આને ***ક્ષયોપશમની મંદતા*** કહી શકાય. એટલે જ સમાન નિમિત્ત મળતાં એક ને (મંદક્ષયોપશમવાળાને) સર્વઘાતીનો રસોદય થવાદ્વારા ગુણનાશ થઈ જાય છે જ્યારે અન્યને (તીવ્ર ક્ષયોપશમવાળાને) સર્વઘાતીનો રસોદય અટકેલો રહી શકવાથી ગુણ જળવાઈ રહે છે. ક્ષાયિક-ઔપશમિક ભાવમાં આવી પણ હાનિ-વૃદ્ધિ હોતી નથી એ જાણવું.

**પ્રશ્ન :** પ્રતિપક્ષી પ્રકૃતિના મંદરસોદયકાળે, ક્ષયોપશમવાળી વિવક્ષિત પરાવર્ત્તમાન પ્રકૃતિનો સર્વથા પ્રદેશોદય હોય છે. મંદરસનો પણ ઉદય હોતો નથી. માટે તો એ કાળે એનો પણ શુદ્ધક્ષયોપશમ કહ્યો છે, તો આદ્ય ૧૨ કષાયની જેમ એમાં પણ એ કાળે હાનિવૃદ્ધિ ન હોય ?

**ઉત્તર :** એ કાળે એનો શુદ્ધક્ષયોપશમ માત્ર વ્યવહારથી કહેવાય છે, વસ્તુત: તો ઉદયાનુવિદ્ધ જ હોય છે. તેથી એમાં હાનિ-વૃદ્ધિ હોય છે. જીવના પરિણામોથી ઉદયવાળી પરાવર્ત્તમાન પ્રકૃતિપર જે અસર થાય છે એ જ અસર આ પ્રદેશોદયવાળી પ્રકૃતિપર થવાની પણ યોગ્યતા ધરાવતી હોય છે. એટલે કે પરિણામો વિશુદ્ધ થાય તો જેમ ઉદયવતી પ્રકૃતિનો વિપાકોદયપ્રાપ્ત રસ મંદ થતો જાય છે તેમ અનુદિતપ્રકૃતિની પણ તે તે સમયે વિપાકથી ઉદયમાં આવી શકવાની યોગ્યતા પણ મંદ થતી જાય છે. એ જ રીતે પરિણામની અશુદ્ધિ થાય તો એ તીવ્ર થતી જાય છે આ જ રીતે ઉપર બતાવ્યા પ્રમાણે વિપાકોદયથી અનુદિત દેશઘાતી પ્રકૃતિઓના ક્ષયોપશમની વૃદ્ધિ-હાનિ સમજવી.

# દ્વાર-૨ ભેદ

**ભેદદ્વાર :** (૧) ક્ષયોપશમરહિતપણું (૨) નિત્યક્ષયોપશમ (૩) શુદ્ધ ક્ષયોપશમ (૪) ઉદયાનુવિદ્ધક્ષયોપશમ (૫) વિકલ્પે ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ.

**(૧) *ક્ષયોપશમરહિતપણું*:-** અઘાતી પ્રકૃતિઓ તેમ જ નિદ્રાપંચક અને કેવલદ્વિક આ પ્રકૃતિઓનો કયારેય ક્ષયોપશમ થતો નથી.

**(૨) *નિત્યક્ષયોપશમ*:** બધા છદ્મસ્થોને જેનો હંમેશા ક્ષયોપશમ હોય તેવી પ્રકૃતિઓ: મતિજ્ઞાના. શ્રુતજ્ઞાના. અચક્ષુદર્શના. અને ૫ અંતરાય આ ૮નો પૂર્વોકત કલ્પના પ્રમાણે ક્યારેય ૧૦૦૦૦ થી અધિકરસ (સર્વઘાતીરસ) ઉદયમાં આવતો નથી. તેથી આત્માનો ગુણ અમુક અંશમાં નિત્ય ઉઘાડેલો રહે છે. વળી આ ૮નો હંમેશા અમુક (૧૦૦૦૦ની અંદર) રસોદય હોય જ છે. તેથી હંમેશા ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમવાળી જ હોય છે અને તેથી ઉદયપ્રાપ્ત રસની માત્રામાં હાનિ-વૃદ્ધિને અનુસરીને ક્ષયોપશમની તીવ્રતા-મંદતા થયા કરે છે. આ ૮ પ્રકૃતિની કેટલીક પ્રકૃતિઓની અવાંતર પ્રકૃતિઓમાં સર્વઘાતી ઉદય અને ક્ષયોપશમરહિતપણું કયારેક હોય છે. જેમ કે એકેન્દ્રયજીવને મતિજ્ઞાનાવરણની રસનેન્દ્રિયજન્ય મતિજ્ઞાનનું આવરણ કરનાર અવાંતરભેદનો ક્ષયોપશમ હોતો નથી. પાંચ અંતરાય હંમેશા દેશઘાતી રસોદયવાળા જ હોય છે.

મતિ-શ્રુતજ્ઞાના, અચક્ષુદર્શના. ના ક્ષયોપશમથી અનુક્રમે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અચક્ષુદર્શન નામના ક્ષાયોપશમિકગુણો પ્રકટ થાય છે. પાંચ અંતરાયના ક્ષયોપ.થી દાનાદિ ૫ લબ્ધિઓ પ્રકટ થાય છે.

**(૩) શુદ્ધક્ષયોપશમ :** આદ્ય ૧૨ કષાય અને મિથ્યાત્વ મોહનીય આ ૧૩ પ્રકૃતિઓ માત્ર સર્વઘાતી સ્પર્દ્ધકોવાળી જ હોય છે. આના વિપાકોદયકાળે ક્ષયોપશમ હોતો નથી અને ક્ષયોપશમકાળે વિપાકોદય હોતો નથી, માત્ર પ્રદેશોદય હોય છે એટલે એ શુદ્ધક્ષયોપશમવાળી છે. અનંતા.નો ક્ષયોપ. ૩ થી ૭, અપ્રત્યા. નો ૫ થી ૯,

પ્રત્યા. નો ૬ થી ૯ અને મિથ્યાત્વનો ૪ થી ૭ ગુણઠાણે ક્ષયોપ. હોય છે. મિશ્રમોહ.નો પણ આ જ રીતે પ્રદેશોદયરૂપ શુદ્ધક્ષયોપ. ૪ થી ૭ ગુણઠાણે હોય છે.

જો કે મિથ્યાત્વમોહનીયનો રસ ઘટીને દેશઘાતી થઈ શકે છે. તેમ છતાં એ દેશઘાતીરસવાળા દલિકો એક સ્વતંત્ર પ્રકૃતિરૂપે (સમ્ય. મોહનીયરૂપે) લેખાતા હોવાથી મિથ્યાત્વનો તો રસ સર્વઘાતી જ કહેવાય છે. તેમજ મંદરસવાળા થયેલા તે દલિકોનો વિપાકઉદય હોવા છતાં એ તો સમ્ય. ના ઉદયતરીકે ગણાતો હોવાથી મિથ્યાત્વનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપ. ન કહેવાતાં શુદ્ધક્ષયોપશમ કહેવાય છે.

૪ અપ્રત્યાના ક્ષયોપ.થી દેશવિરતિ, ૪ પ્રત્યા. ના ક્ષયોપ. થી સર્વવિરતિ ગુણ પ્રકટ થાય છે. ૪ અનંતા. તથા મિથ્યા.ના ક્ષયોપ.થી સમ્ય ક્ત્વ તેમજ મિશ્રગુણઠાણારૂપ ક્ષાયોપશમિક ગુણ પ્રકટ થાય છે. જો કે મિશ્રમોહનીય એ સર્વઘાતીપ્રકૃતિ છે અને એનો સર્વઘાતીરસ જ ઉદયમાં હોય છે. તેમ છતાં મિથ્યાત્વના રસને વિશેષરૂપે ઘટાડીને ૩ પુંજમાંના ૧ પુંજતરીકે એ અસ્તિત્વમાં આવી હોવાથી અને અધિકરસવાળા મિથ્યાત્વના દલિકોના ઉદયને અટકાવ્યો હોવાથી શાસ્ત્રકારો મિશ્રગુણસ્થાનકનો ક્ષાયોપશમિકભાવમાં સમાવેશ કરે છે.

***(૪) ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ :*** અવધિજ્ઞાના., મન :પર્યવજ્ઞાના. ચક્ષુદર્શના. અવધિદર્શનાવરણ આ પ્રકૃતિઓ દેશઘાતી છે. જેના દેશઘાતી સ્પર્દ્ધકો પણ (એટલે કે સર્વઘાતી તો ખરા જ) સત્તામાં હોય તેવી પ્રકૃતિઓને દેશઘાતી કહે છે. જો કે સમ્યક્ત્વ મોહનીય દેશઘાતી હોવા છતાં એના સર્વઘાતી સ્પર્દ્ધકો હોતા નથી એટલો અપવાદ જાણવો.

આ જનો ચારનો સર્વઘાતીરસ (૧૦૦૦૦થી વધું) ઉદયમાં હોય ત્યારે ક્ષયોપશમ હોતો નથી. જ્યારે દેશઘાતીરસ (૧૦૦૦૦ થી ઓછો) ઉદયમાં હોય ત્યારે ઉદયાનુવિદ્ધ ક્ષયોપ. હોય છે. આ પ્રકૃતિઓ સત્તાવિચ્છેદ પર્યંત ધ્રુવોદયી હોવાથી ક્યારેય એનો શુદ્ધ ક્ષયોપશમ હોતો નથી.

સમ્યક્ત્વ મોહનીયનો માત્ર દેશઘાતીરસ જ હોય છે. સર્વઘાતી

નહીં, તેમ છતાં દ્રેશઘાતીરસના ઉદયકાળે ઔદયિકભાવ નથી કહેવાતો પણ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ કહેવાય છે, કેમકે સર્વઘાતીરસવાળી મિથ્યા. પ્રકૃતિનો ઉદય અટકાવેલો હોવાથી સમ્યક્ત્વનામનો આત્મગુણ પ્રકટ થયો હોય છે. સમ્ય. મોહનીયનો ઉદયપ્રાપ્ત દેશઘાતીરસ જેટલો મંદ થાય એટલી સમ્યક્ત્વની નિર્મળતા થાય છે અને અધ્યવસાયોની અશુદ્ધિના કારણે ઉદયપ્રાપ્ત રસ જેટલો વધે એટલી સમ્યક્ત્વની મલિનતા થાય છે અને અતિચાર લાગે છે. એના કરતાં પણ અધ્યવસાયની મલિનતા ઉત્તરોત્તર વધતી જાય તો મિશ્ર કે મિથ્યાત્વમોહનીયનો ઉદય થવાથી સમ્યક્ત્વગુણ નાશ પામે છે.

અવધિજ્ઞાનાવરણવગેરેના ક્ષયોપશમથી અનુક્રમે અવધિજ્ઞાન, મન:પર્યવજ્ઞાન, ચક્ષુદર્શન, અવધિ દર્શન અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ નામના ગુણો પ્રકટ થાય છે.

***(૫) વિકલ્પે ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ :*** નોકષાય, ૪ સંજ્વ, બે યુગલમાંથી વારાફરતો ૧ યુગલનો, ૩ વેદમાંથી વારાફરતો ૧ વેદનો અને સંજ્વ. ક્રોધાદિમાંથી વારાફરતો ૧ કષાયનો ઉદય હોય છે. તેમ જ ભય અને જુગુપ્સાનો ક્યારેક ઉદય હોય છે ક્યારેક નથી હોતો (જ્યારે ન હોય ત્યારે પ્રદેશોદય હોય છે.) આમ આ ૧૩ અધ્રુવોદયી છે. તેથી ક્ષયોપશમઅવસ્થામાં જ્યારે આમાંની જે પ્રકૃતિઓનો દેશઘાતી વિપાકોદય હોય એ પ્રકૃતિઓનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ કહેવાય છે. શેષ પ્રકૃતિઓનો શુદ્ધ ક્ષયોપશમ કહી શકાય છે. પરાવર્ત્તન થઈને જ્યારે બીજી પ્રકૃતિઓનો ઉદય થાય છે ત્યારે એ ઉદયાનુવિદ્ધ ક્ષયોપ. વાળી બને છે. અને શેષ શુદ્ધ ક્ષયોપ.વાળી જેવી બને છે. તેથી વિકલ્પે ઉદયાનુવિદ્ધ ક્ષયોપ.વાળી કહી શકાય છે.

જો કે વિપાકોદય ન હોય એ કાળે પણ એના દેશઘાતીરસની ઉદયમાં આવવાની યોગ્યતા તો હોય જ છે તેમજ પૂર્વે કહી ગયા મુજબ પરિણામની શુદ્ધિ અશુદ્ધિથી એના ક્ષયોપશમમાં ઉદયાનુવિદ્ધ ક્ષયોપ.વાળી પ્રકૃતિની જેમ તીવ્રતા-મંદતા થાય છે. માટે વાસ્તવિક રીતે તો આ પ્રકૃતિઓ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમવાળી જ જાણવી, શુદ્ધ ક્ષયોપશમપણું તો માત્ર વ્યવહાર પૂરતું જ જાણવું. વળી આદ્ય ૧૨ કષાયોમાટે રસોદય ન હોવો, માત્ર પ્રદેશોદય હોવો એ ક્ષયોપ.

છે. તેમ છતાં પ્રથમ ગુણઠાણે ક્રોધોદયકાળે માનાદિનો માત્ર પ્રદેશોદય હોવા છતાં રસોદયની પણ યોગ્યતા હોવાથી ક્ષયોપ. નથી કહેવાતો પણ ઔદયિકભાવ જ કહેવાય છે. એટલે કે રસોદયની જેમ રસોદયની યોગ્યતા પણ ઉદયતરીકે જ લેખાય છે. તેમ પ્રસ્તુતમાં પણ દેશઘાતી રસોદયની યોગ્યતા એક પ્રકારનો ઉદય જ કહેવાય છે, અને તેથી આ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ જ છે. માટે આ વિકલ્પે ઉદયાનુવિદ્ધ ક્ષયોપ. નામનો પાંચમો ભેદ વ્યવહારપૂરતો જ જાણવો, વસ્તુતઃ એનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમમાં જ અંતર્ભાવ છે. એ જ રીતે નિત્યક્ષયોપ. એવો જે બીજો ભેદ દર્શાવ્યો છે તે પણ ઉદયાનુવિદ્ધ જ હોવાથી આમાં જ અંતર્ભૂત થઈ શકે છે. અને પહેલો ભેદ તો અક્ષયોપ.નો છે એટલે વસ્તુતઃ તો ક્ષયોપ.ના ઉદયાનુવિદ્ધ અને શુદ્ધ એમ બે જ ભેદ જાણવા.

૯ નોકષાયોનો ક્ષયોપ. ૫ થી ૯ ગુણઠાણે, સંજવ. ૩નો ૬ થી ૯ ગુણઠાણે અને સંજવ. લોભનો ૬ થી ૧૦ ગુણઠાણે હોય છે. ૯ નોકષાય અને ૪ સંજવ.ના ક્ષયોપ.થી અનુક્રમે દેશવિરતિ અને સર્વવિરતિ ગુણ પ્રકટ થાય છે. કેટલાક આચાર્યો ૫ મે ગુણઠાણે પણ સંજવ. ૪ નો ક્ષયોપ. માને છે.

૫ મે ગુણઠાણે દેશવિરતિના જે અસંખ્યસ્થાનો અને છઠ્ઠે સંયમના જે અસંખ્ય સંયમસ્થાનો મળે છે. તે આ ૯ નોકષાય અને ૪ સંજ્વના ઉદયાનુવિદ્ધ ક્ષયોપ. અંતર્ગત રસોદયના જે અસંખ્ય ભેદો પડે છે તેના કારણે જાણવા.

કેટલાકની માન્યતા એવી છે કે ૧લે અને ૪થે વિશુધ્યમાન અવસ્થામાં (સમ્યક્ત્વ અને વિરતિ પ્રાપ્ત થવાની અવસ્થામાં) ૯ નોકષાયોમાં ફકત દેશઘાતી રસોદય હોય છે અને તેથી ઉદયાનુવિદ્ધ ક્ષયોપ. હોય છે. **કર્મપ્રકૃતિ** અને **પંચસંગ્રહમાં** ૫ મા ગુણઠાણેથી ૯ નોકષાયોનો શરુઆતના અનંતમાં કે અસંખ્યાતમાં ભાગના રસસ્પર્દ્ધકો જ ઉદયમાં હોય છે એમ જે કહ્યું છે, તે ઉત્કૃષ્ટની અપેક્ષાએ છે. એના કરતાં અધિકરસવાળા અને તેમ છતાં દેશઘાતી એવા રસસ્પર્દ્ધકોના ઉદયથી ૧લે અને ૪થે પણ આ ૯નો ક્ષયોપ. હોવાનો એનાથી નિષેધ ન થઈ શકે.

આમ આ એક વિવક્ષાથી ક્ષયોપ.ના ૫ ભેદો દર્શાવ્યા. એમાંથી પહેલો ભેદ અક્ષયોપ. નો છે, બીજો નિત્ય (કાયમી) ક્ષયોપ. નો છે અને શેષ ૩ કાદાચિત્ક-અનિત્ય ક્ષયોપ. ના છે તે જાણવું.

આત્મગુણોની અપેક્ષાએ ભેદ ગણીએ તો ક્ષયોપશમના ૧૮ ભેદો છે. મતિ, શ્રુત, અવધિ, મનપર્યવજ્ઞાન; ચક્ષુ-અચક્ષુ અવધિદર્શન; દાન-લાભ-ભોગ-ઉપભોગ વીર્યલબ્ધિ, સમ્યક્ત્વ-દેશવિરતિ-સર્વવિરતિ.

પૂર્વે કહી ગયા મુજબ મિશ્રગુણઠાણાને પણ ક્ષયોપશમમાં ગણીએ તો ૧૯ ભેદ થાય છે.

તેમ જ મિથ્યાત્વઅવસ્થામાં મતિજ્ઞાનાવરણાદિના ક્ષયોપશમથી થતા મતિઅજ્ઞાન-શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન ને જુદા ગણીએ તો બાવીશ ભેદ જાણવા.

વળી આ ગુણોના વ્યવહારદષ્ટિથી જેટલા અવાંતરભેદો હોય (જેમકે મતિજ્ઞાનના સ્પર્શનેન્દ્રિયજન્ય અવગ્રહવગેરે ૨૮ ભેદ) એટલા એના કારણભૂત કર્મક્ષયોપશમના ભેદ ગણી શકાય છે. કારણ કે કાર્યભેદ કારણભેદ વિના સંભવતો નથી.

આ જ રીતે આ ગુણોના વિષયના જેટલા ભેદ પડે છે તેમાંથી તે તે કર્મ જેટલા ભેદોને આવરી શકે છે તે તે કર્મના ક્ષયોપશમ પણ તેટલા અવાંતરભેદો માની શકાય છે, કેમકે વિષયભેદે વિષયી ગુણનો ભેદ છે અને ગુણ(કાર્ય)ના ભેદે કારણભૂત ક્ષયોપશમનો ભેદ માનવો પડે છે.

આવરણ(કર્મ)ને મુખ્ય કરીને વિચારીએ તો... તે તે મતિજ્ઞાનાવરણાદિ કર્મોની જેટલી અવાંતર પ્રકૃતિઓ હોય, એના જેટલા ભેદ એટલા ક્ષયોપશમના ભેદ પડે અને તેથી એટલા આત્માના ક્ષાયોપશમિક ગુણના ભેદ પડે.

તે તે અવાંતરપ્રકૃતિઓમાં પણ જેટલા રસોદયના ભેદ પડે છે એટલા ક્ષયોપશમના ભેદ પડે અને તેથી એટલા ક્ષાયોપશમિક ગુણના ભેદ પડે છે. જેમકે પૂર્વે કહેલી કલ્પનામુજબ ૧ થી ૧૦૦૦૦સુધી દેશઘાતીરસ છે. એમાં ૧માત્રાનો રસોદય હોય એના કરતાં ૨માત્રાનો રસોદય આત્માની જુદી જ અવસ્થા પેદા કરે એ સ્પષ્ટ છે (કારણ

કે કારણભેદે કાર્યભેદ થાય છે) તેથી ૧માત્રાના રસોદયથી થયેલ ક્ષયોપશમ અને ક્ષાયોપશમિકગુણ કરતાં ૨માત્રાના રસોદયથી થયેલ ક્ષયોપ. અને ક્ષાયોપ. ગુણ ભિન્ન જ હોવાના. આમ એ કલ્પનામુજબ રસોદયના ૧૦૦૦૦ ભેદ હોવાથી (કેમકે ૧૦૦૦૧ વગેરેનો રસોદય ક્ષયોપ.ને નષ્ટ કરી નાખે છે માટે એ અહીં ગણવાનો નથી) ક્ષયોપશમના પણ ૧૦૦૦૦ ભેદ ગણાય. વસ્તુતઃ રસોદયના સ્થાનભેદથી અસંખ્ય ભેદ હોવાથી અસંખ્યભેદ અને રસસ્પર્દ્ધકભેદથી અનંતભેદ હોય છે.

શુદ્ધક્ષયોપશમવાળી પ્રકૃતિઓમાં રસોદય હોતો જ નથી, માટે એના અવાંતરભેદો કે તરતમતા હોતા નથી.

આમ જુદી જુદી અપેક્ષાએ ક્ષયોપ.ના જુદી જુદી રીતે ભેદો થઈ શકે છે. મૂળ તો શુદ્ધક્ષયોપ. અને ઉદયાનુવિદ્ધ ક્ષયોપ. એમ બે ભેદો છે.

**અથવા** બીજી રીતે પણ ક્ષયોપ.ના બે ભેદો છે. લબ્ધિક્ષયોપ. અને ઉપયોગક્ષયોપ. તે તે કર્મના ક્ષયોપ.થી આત્મામાં લબ્ધિગુણ પ્રકટ થયો. પણ જ્યારે ઉપયોગક્ષયોપ. એમાં ભળે ત્યારે જ જીવ એમાં ઉપયોગવાળો બની શકે છે. નવકાર જાણવા છતાં બીજે ઉપયુક્ત હોય તો એ વખતે નવકારના જ્ઞાનનો લબ્ધિક્ષયોપ. છે. પણ ઉપયોગક્ષયોપ. નથી. આ રીતે જ્ઞાના. અને દર્શના. કર્મોના ક્ષયોપ.ના બબ્બે ભેદ પાડવા. મોહનીય અને અંતરાયના ક્ષયોપ.માં પણ એ સંભવિત છે.

**લબ્ધિનું કાર્ય:** જ્યારે વિપરીત પરિસ્થિતિ નિર્માણ થાય ત્યારે જો અન્યત્ર તીવ્ર ઉપયોગ ન હોય તો આ લબ્ધિરૂપ ક્ષયોપશમ ઉપયોગ જન્માવી વિપરીત પરિસ્થિતિનું વારણ કરવા પ્રેરે છે. જેમ કે કોઈ અશુદ્ધ સૂત્ર બોલે તો તરત ખ્યાલ આવી જાય અને અટકાવી શકાય. જો ઉપયોગ ન આવે તો સમજવું કે લબ્ધિ નથી અથવા મંદ છે અથવા અન્યત્ર તીવ્રઉપયોગ છે. અન્યત્ર તીવ્રઉપયોગ હોય તો લબ્ધિ ઉપયોગ ને જન્માવે જ એવું નહીં. જેમકે કોઈ બીજા વિચારમાં લીન બની ગયેલાને કોઈ અશુદ્ધ સૂત્ર બોલે તો પણ ખબર પડતી નથી.

આ જ રીતે અન્યત્ર તીવ્રઉપયોગમાં હોઈએ અને જીવહિંસા

- અસત્યવચનવગેરે થઈ જાય તો પણ ખ્યાલ આવે નહીં એવું બને છે. પણ લબ્ધિ તીવ્ર હોય બીજે ઉપયોગ મંદ હોય અને અહિંસાવગેરેમાં પણ વચ્ચે વચ્ચે ઉપયોગ લઈ જવાયો હોય તો આત્મા તુરંત સાવધ બને છે, અને ભૂલને પારખીને શક્યતા મુજબ દૂર કરવા પ્રયાસ કરે છે, તેમજ થયેલી ભૂલને હૃદયથી સ્વીકારે છે.

કર્મક્ષયથી પ્રાદુર્ભૂત કેવલજ્ઞાનાદિમાં આત્મા નિત્ય ઉપયુક્ત રહે છે પણ એ રીતે ક્ષયોપશમથી પ્રાદુર્ભૂત મતિજ્ઞાનાદિમાં નિત્ય ઉપયુક્ત રહેતો નથી. જ્યારે એમાં ઉપયોગ ન હોય, ત્યારે પણ ક્ષયોપશમ કંઈ ચાલ્યો ગયો તો નથી. તેથી લબ્ધિગુણ અને ઉપયોગ ગુણના બે જુદા જુદા આવરણ અને એ બન્નેના જુદા જુદા ક્ષયોપશમની કલ્પના કરવી પડે છે. આમાં પણ લબ્ધિઆવરણ તીવ્ર હોય છે. એટલે એનો ક્ષયોપ. જ્યાં સુધી ન થયો હોય, ત્યાં સુધી ઉપયોગ ને ગમે એટલો તીવ્ર બનાવવા અને બોધ કરવા મથીએ તો પણ બોધ થતો નથી. ઉપયોગઆવરણ મંદ હોય છે એટલે લબ્ધિક્ષયોપ. થયા બાદ જ્યારે જ્યારે ઉપયોગ મૂકવામાં આવે ત્યારે ત્યારે બોધ થઈ જાય છે. આ જ રીતે સંયમના ઉપયોગ અંગે જાણવું.

ક્ષાયિકભાવમાં તો કોઈ આવરણ જ રહ્યું ન હોવાથી લબ્ધિ-ઉપયોગ એમ બે ભેદ હોતા નથી. નિત્ય ઉપયોગ જ હોય છે.

ક્ષાયિકસમ્યક્ત્વી છદ્મસ્થને છદ્મસ્થતાના યોગે ઉપયોગાન્તર થાય છે. તેથી નિરંતર ઉપયોગનો સંભવ નથી. તેમ છતાં, ક્ષાયિકભાવના યોગે બાધકઉપયોગ કે અતિચારાપાદકઉપયોગ હોતા નથી, માટે ઉપયોગ આવરણ જુદું માનવાનું રહેતું નથી.

# દ્વાર-૩ ક્ષયોપશમની ઉત્પત્તિના કારણો

ઔપશમિકભાવ માત્ર અંતર્મુ. કાળભાવી હોય છે તે ક્યારેક અનાભોગથી જ વીર્યપ્રકર્ષદ્વારા પ્રાપ્ત થઈ જાય છે. એટલે એની ઉત્પત્તિના કારણોની વિચારણા કરવાની રહેતી નથી. અમુક કારણોનું આસેવન કરવાથી ઔપશમિકભાવ પ્રાપ્ત થઈ શકે એવું વ્યવહાર્ય પણ નથી.

છતાં ક્ષયોપશમભાવના કારણોથી જ સાહજિક-અચાનક વીર્યોલ્લાસ પ્રગટવાથી ઔપશમિક ભાવ પ્રાપ્ત થાય છે.

ક્ષાયિકભાવ ક્ષાયોપશમિકભાવના જ ઉત્તરોત્તર અભ્યાસથી અને નિર્મળતાથી સામર્થ્યવીર્યદ્વારા પ્રાપ્ત થાય છે. એટલે ક્ષાયોપ.ભાવના કારણો જ એના કારણો બને છે, માટે એની પણ જુદી વિચારણ નથી.

સામાન્યથી કર્મના બંધના અને ઉદયના જે જે કારણો હોય છે તે બન્નેથી વિપરીત કારણોથી તે તે કર્મનો ક્ષયોપશમ થાય છે તેમજ ઉત્તરોત્તર એની નિર્મળતા થાય છે. એટલે સામાન્યથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ જેમ કર્મના ઉદયના કારણ બને છે, એમ એનાથી વિપરીત દ્રવ્યાદિ ક્ષયોપશમના કારણ બને છે.

**જેમકે દ્રવ્ય :** બ્રાહ્મી વગેરે ઔષધિરૂપ દ્રવ્ય, ઊણોદરી, પ્રકૃતિને અનુકૂળદ્રવ્યવગેરે જ્ઞાનાવરણનો ક્ષયોપ. કરે છે. જ્યારે મદિરા, દહીં વધુ પડતો ખોરાક, પ્રકૃતિને પ્રતિકૂળદ્રવ્ય જ્ઞાનની હાનિ (અર્થાત્ જ્ઞાનાવરણનો ઉદય) કરે છે.

શુભલક્ષણવંત વસ્ત્રપાત્રાદિ દ્રવ્ય લાભાન્તરાયનો ક્ષયોપશમ કરે છે, આરાધનાની બીજી અનુકૂળતાઓ પ્રાપ્ત કરાવવાદ્વારા સંયમ સ્થાનોમાં આગળ વધારે છે એટલે કે સંજ્વલનાદિનો ક્ષયોપ. વધારે છે) જ્યારે અપલક્ષણવાળી વસ્તુથી આપત્તિઓ-પ્રતિકૂળતા આવવા દ્વારા અંતરાયનો ઉદય થાય છે, સંયમસ્થાનોમાં પાછા પડવાનું થાય છે.

આકર્ષક વસ્તુ મળવાથી મમત્વ-દાનાંતરાયનો ઉદય સંભવિત બને છે જ્યારે સાદી વસ્તુથી એ થતું નથી, એનો ક્ષયોપ. જળવાઈ રહે છે.

**શ્રીઋષભદેવ** પ્રભુના ઉપદેશાત્મક શબ્દદ્રવ્યથી ૯૮ પુત્રોનો ક્રોધાદિભાવ નાશ પામ્યો, સંયમનો ક્ષયોપ. થયો. વિપરીત શબ્દોથી ક્રોધાદિ પેદા થાય છે. (ઉદય પામે છે)

સારા પ્રેરક હિતશિક્ષાના શબ્દોથી પ્રેરણા મળે છે. ઉત્સાહ જાગે છે, અને સત્કાર્યનો ક્ષયોપ. થાય છે.

નિરાશાજનક શબ્દોથી નિરાશા ઉત્પન્ન થાય છે. માટે જ શકુનશાસ્ત્રમાં શુકનિયાળ-અપશુકનિયાળ શબ્દો કહ્યા છે.

સાધક કે સિદ્ધ વ્યક્તિઓ રૂપ દ્રવ્યના સાન્નિધ્યમાં શુભભાવો જન્મે છે, જ્યારે હિંસકવગેરે વ્યક્તિઓના સાન્નિધ્યમાં અશુભભાવો જાગે છે. માટે સોબત તેવી અસર કહી છે.

**ક્ષેત્ર :** તે તે શુભ ક્ષેત્રના પ્રભાવે જીવમાં ક્ષયોપશમ પ્રશમાદિ ભાવો જન્મે છે. અને વિપરીતક્ષેત્રમાં વિપરીતભાવો (ઔદયિકભાવો) જન્મે છે.

સિદ્ધક્ષેત્ર વગેરે તીર્થક્ષેત્રોમાં આરાધનાના ભાવ જન્મે છે. જ્યારે કુરુક્ષેત્રવગેરે જેવા ક્ષેત્રમાં વૈરભાવ-ક્રોધાદિનો ઉદય થાય છે.

સાધુઓને ગામમાં ઉતરવામાટે મકાન કયા ભાગમાં મળે તો સંયમભાવોમાં વૃદ્ધિ અને કયા ભાગમાં મળે તો એમાં હાનિવગેરે શાસ્ત્રોમાં બતાવ્યાં છે. દીક્ષા-આલોચના વગેરે વિશિષ્ટ કાર્યો કેવા પ્રશસ્ત ક્ષેત્રમાં કરવી તે તેમ જ પૂર્વ-ઉત્તર-ઈશાન કે વિહરમાન જિનની દિશા લેવી તે શાસ્ત્રોમાં દેખાડ્યું છે એ પણ આ જ વાતનું સૂચન કરે છે.

પ્રકૃતિને અનુકૂળ ક્ષેત્ર મળે તો આરાધનામાં સારો વેગ આવે છે અન્યથા મંદતા આવે છે એ પ્રતીતિસિદ્ધ છે.

**કાળ :-** કાળ પણ કર્મના ક્ષયોપશમ-ઉદયનું કારણ બને છે. સવારે જલ્દીથી ગાથા ગોખાઈ જાય છે, બપોરે ભોજનબાદ જલ્દી યાદ રહેતું નથી, બાલ્યવયમાં ગોખવાની શક્તિ અધિક હોય છે, યૌવનવયમાં સમજણશક્તિ-વિચારક શક્તિ સારી હોય છે. પ્રૌઢ-વૃદ્ધવયમાં પારિણામિકી બુદ્ધિનો ક્ષયોપશમ ખીલે છે જ્યારે યાદ કરેલું ભૂલાવા માંડતા એ અંગે ઉદય થાય છે.

રાત્રીકાળ-યૌવનાવસ્થા વાસનાનો ઉદય કરે છે, વૃદ્ધત્વ અશક્તિ, રોગવગેરે રૂપે અશાતાવેદનીયનો ઉદય કરે છે.

દીક્ષા-પ્રતિષ્ઠાવગેરે કાર્યોમાં શુભમુહૂર્ત જોવાનું કહ્યું છે એ પણ એ કાળ આરાધનાનો વેગ આપવા સાથે ક્ષયોપશમ વધારનાર છે એનું સૂચન કરે છે, આનાથી વિપરીત કાળ વિચિત્ર કર્મોદયદ્વારા

પતન પણ કરાવી શકે છે. અકાળસ્વાધ્યાય જ્ઞાનાવરણાદિનો ઉદય કરનાર હોવાથી નિષિદ્ધ છે.

**ભાવ :-** જ્ઞાન-જ્ઞાની પ્રત્યે વિનય-બહુમાન-શ્રદ્ધા ઉત્સાહભાવથી ક્ષયોપ. વધે છે, અવિનયાદિથી જ્ઞાનાવરણનો ઉદય વધે છે.

પઠન-પાઠન-પુનરાવર્ત્તન-ચિંતનાદિમાં અપ્રમત્તભાવ ક્ષયોપ. વધારે છે, જ્યારે આ બધામાં પ્રમાદ, બેદરકારી, જ્ઞાનની નિંદા-જ્ઞાનનું અભિમાનવગેરે જ્ઞાનાવરણાદિનો ઉદય કરે છે.

જ્યોતિષશાસ્ત્રમાં પણ કહ્યું છે કે મુહૂર્ત ઓછુવત્તું હોય તો પણ જો ઉલ્લાસ-ભાવ ઘણો હોય તો કાર્ય કરી જ લેવું-સફળતા મળે જ છે. એટલે કે ઉલ્લાસ ભાવ જ શકુન-મુહૂર્ત બનીને અંતરાયાદિનો ક્ષયોપ. કરી કાર્યસિદ્ધિ કરી આપે છે. આનાથી ઊલટું ઉલ્લાસહીનતા-નિરુત્સાહ હોય તો કાર્ય નિષ્ફળતાને વરે છે. ખોટી ખોટી કલ્પના વગેરેથી ક્રોધાદિનો ઉદય થાય છે, મમત્વાદિ થાય છે. સત્ પણ વિચારણા ક્રોધાદિનું નિમિત્ત હોય તો છોડી દેવાથી ક્રોધાદિનો ક્ષયોપ. થાય છે.

અનિત્ય-સંસારાદિ ભાવનાથી અપ્રત્યાખ્યાનાવરણાદિ કષાયોનો ક્ષયોપ. થઇ વૈરાગ્યભાવ પ્રગટે છે.

ચારિત્રની ભાવનાથી પણ સંયમસ્થાનમાં આગળ વધાય છે. માટે સદ્‌વિચારણા, પ્રતિક્ષણ જાગૃતિભાવ કર્મના ક્ષયોપશમનું કારણ છે. જ્યારે અસદ્‌વિચારણા-અસાવધાનીભાવ-બેદરકારીવગેરે ક્ષયોપ.ને આવરવાનું અને રાગાદિના ઉદયનું કારણ બને છે.

**ભવ :-** ભવને અનુસરીને કર્મોના ઉદય કે ક્ષયોપ. થાય છે. પ્રખરવૈરાગી શ્રીતીર્થંકરદેવના જીવોને પણ ચારિત્રમોહનીયનો ક્ષયોપ. થતો નથી, અશાતાનો તીવ્ર કે દીર્ઘ કાલીન ઉદય થતો નથી.

તે તે ક્ષયોપ. ને અયોગ્યભવમાં પણ જો શક્ય આરાધના કરવામાં આવે તો એના પ્રભાવે ભવાંતરમાં વધારે આરાધનાયોગ્ય તીવ્ર ક્ષયોપ. યોગ્ય ભવ પ્રાપ્ત થાય છે એ ખ્યાલમાં રાખવું.

આમ અમુકપ્રકારના દ્રવ્ય-ક્ષેત્રાદિ કર્મના ઉદયનું કારણ બને છે અને અન્યપ્રકારના દ્રવ્ય-ક્ષેત્રાદિ કર્મના ક્ષયોપશમનું કારણ બને છે એ જોયું. અહીં એ ખ્યાલ રાખવો કે જેમ દીવાને સાવ પવનનો અભાવ કે ઘણો પવન આ બન્ને નાશક બને છે, માપસરનો પવન જ સહાયક બને છે. જ્યારે દાવાનળને તો જોરદાર પવન પણ વધુ પ્રદીપ્ત કરનારો જ બને છે; એમ ભાવ જ્યારે એટલો તીવ્ર હોતો નથી, ત્યારે દ્રવ્યાદિ અસરકારક બને છે, પણ જ્યારે અસંગઅનુષ્ઠાનને

યોગ્ય પ્રકૃષ્ટ ભાવ પેદા થાય છે, ત્યારે દ્રવ્યાદિની અસર મુખ્ય રહેતી નથી. દરેક દ્રવ્યાદિથી એના આરાધકભાવમાં વૃદ્ધિ જ થતી રહે છે. પણ જ્યાં સુધી એવા પ્રકૃષ્ટ ભાવો નથી આવ્યા ત્યાં સુધી સંઘ-ગુરુવગેરે ક્ષયોપશમભાવનું કારણ બને છે. તેથી ગુરુ કહે તેમ કરવું એ ક્ષયોપ.ભાવનું કારણ છે. માટે તપશ્ચર્યા, અધ્યયનાદિ આરાધનાયોગોમાટે પણ ગુરુને પૂછવાનું વિધાન કર્યું છે. અને ઠેર ઠેર કહ્યું છે કે **આયરિયા પચ્ચવાયં જાણંતિ** ગુરુની ના છતાં જો કરવામાં આવે તો એ ક્રિયા ક્ષયોપ. ભાવનું કારણ બનતી નથી અને તેથી વાસ્તવિક ધર્મક્રિયા રૂપ બનતી નથી.

જેણે કર્મનો ક્ષયોપશમવગેરેરૂપ જે કાર્ય સાધવું હોય, તેણે તે કાર્યના અનુકૂળ દ્રવ્યાદિને અનુસરવું જોઈએ, વિપરીત દ્રવ્યાદિને અનુસરે તો કાર્ય બગડી જાય.

**અનુકૂળ દ્રવ્યાદિને અનુસરવું એ આચાર છે.**

**પ્રતિકૂળદ્રવ્યાદિને અનુસરવું એ અનાચાર છે.**

તેથી ઘાતીકર્મનો ક્ષયોપશમ કરવાદ્વારા સંપૂર્ણક્ષય થઈ શકે એ માટે પંચાચાર દર્શાવવામાં આવેલા છે.

★ જ્ઞાનાચારનું પાલન કરવાથી જ્ઞાનાવરણ-દર્શનાવરણનો ક્ષયોપશમ ઉત્પન્ન થાય છે, તેમજ ઉત્તરોત્તર વિશદતા થવાદ્વારા યાવત્ ક્ષય થાય છે. આ પ્રમાણે બધે જાણવું.

★ દર્શનાચારનું પાલન કરવાથી દર્શનમોહનીયનો ક્ષયોપશમ થાય છે. તેમજ પરંપરાએ ચારે ય ઘાતી કર્મોનો ક્ષયોપ. થાય છે.

★ ચારિત્રાચારનું પાલન કરવાથી ચારિત્રમોહનીયનો ક્ષયોપ. થાય છે.

★ તપાચારના પાલનથી ચારિત્રમોહનીય અને પાંચે ય અંતરાયનો ક્ષયોપ. થાય છે.

★ વીર્યાચારના પાલનથી ચારેય ઘાતી કર્મોનો ક્ષયોપ. થાય છે. પરંપરાએ પાંચે આચાર ઘાતીકર્મોનો ક્ષયોપ. કરી યાવત્ ક્ષય કરી આપે છે. એટલે કે પંચાચારપાલન એ કારણ છે અને પરમપદની પ્રાપ્તિ એ કાર્ય છે. આમ...

★ જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષયોપશમ કરવામાટે,
★ થયેલા ક્ષયોપશમને સાનુબંધ કરવામાટે,
★ થયેલા ક્ષયોપશમને પ્રકૃષ્ટ કરવા માટે,
★ ક્ષાયિકભાવ સુધી પહોંચવા માટે,

★ કર્મોના ઉદયભાવને રોકવા માટે,
★ કર્મોના ઉદયપ્રાપ્ત રસને ઘટાડવા માટે,
★ કર્મોના અનુબંધને તોડવા માટે,
★ કર્મોનો સંપૂર્ણક્ષય કરવા માટે,

શ્રી તીર્થંકર દેવોએ પંચાચારના વ્યવહારમાર્ગ સ્વરૂપ **શાસનની** સ્થાપના કરી છે. આ વ્યવહારધર્મ નિશ્ચયધર્મનું કારણ બને છે. દ્રવ્યધર્મ ભાવધર્મનું કારણ બને છે. વળી આ પંચાચારનું પાલન જ પુણ્યનું, પુણ્યના અનુબંધનું અને નિર્જરાનું કારણ હોવાથી ઉત્તરોત્તર આરાધનાને વધુને વધુ અનુકૂળ સામગ્રીનો યોગ કરાવી જીવને પરમપદે પહોંચાડે છે.

વળી આચારોનું જેમ પાલન કરવાનું છે, તેમ અનાચારોથી અટકવાનું છે. **તે તે ગુણોની પોષક પ્રવૃત્તિ એ આચાર કહેવાય છે અને વિરુદ્ધ દ્રવ્યાદિથી નિવૃત્તિ એ વાડ (ગુપ્તિ) કહેવાય છે.**

રસ્તે ગમનાગમન કરતાં ૩।। હાથ જોતા જવું એ આચાર છે, અને આજુ-બાજુ ડાફોળિયા ન મારવાં એ વાડ છે.

ક્યાંક નિ:શંકિતવગેરેમાં આચાર અને વાડ એકકાર્યક બની જાય છે. આમ આચાર પાલન અને અનાચારનિવૃત્તિ એ બન્ને ક્ષયોપ.ના સહકૃત કારણો છે.

આ આચાર-અનાચારનું વર્ણન ધર્મશાસ્ત્રોમાં આવે છે. માટે ધર્મશાસ્ત્રોનું જ્ઞાન પણ કર્મોના ક્ષયોપ.માં સહાયક બને છે. શાસ્ત્રોના ચાર વિભાગ છે. ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ, દ્રવ્યાનુયોગ અને ધર્મકથાનુયોગ **ચરણકરણાનુયોગથી** પાંચઆચાર-બાધક અનાચાર-ગુણ -દોષ વગેરે જણાય છે. જેથી એ મુજબ પ્રવૃત્તિ-નિવૃત્તિ થઇ શકે છે. **ગણિતાનુયોગથી** મુહૂર્તવગેરેના ગણિત દ્વારા વિશેષકાર્યો યોગ્ય મુહૂર્તે શરુ કરી શકાય છે જે વિશિષ્ટ ક્ષયોપ. નો હેતુ બને છે.

**ધર્મકથાનુયોગમાં** બીજા દ્રષ્ટાંતોપરથી સારામાં પ્રવર્ત્તવાની અને ખોટાંથી નિવૃત્ત થવાની રુચિ જાગે છે જે ચરણકરણની પોષક છે.

**દ્રવ્યાનુયોગ** નિ:શંકિતાદિ આચારનો હેતુ છે. તેમ જ પ્રભુશાસનપર અહોભાવ ઉત્પન્ન કરવાદ્વારા સમ્યક્ત્વમાં સ્થિર કરવાદ્વારા સ્વકીય સમ્યક્દર્શનની નિર્મળતાનો હેતુ છે. અન્યને પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ-નિર્મળતામાં હેતુ બને છે.

આમ ચારે ય અનુયોગ આચારના પોષણદ્વારા ક્ષયોપશમકારક છે. આ અનુયોગોનો વાંચનાવગેરે પાંચ પ્રકારનો સ્વાધ્યાય તેમજ અનિત્યાદિ ભાવનાઓ માર્ગની જાણકારી આપીને રાગાદિને મંદ કરીને

ભાવપૂર્વક આચાર પાલન કરવામાં પ્રેરક-પોષક બને છે.

જેઓને જેનો ક્ષયોપ. પ્રકટ થયો હોય, તેને અનુરૂપ આચારનું પાલન, શક્તિ-સંયોગ હોય તો અવશ્ય હોય જ છે, ન હોય એવું ન બને-ક્ષયોપ.વાળાને આચારપાલન સાહજિક હોય છે. તેથી નિશ્ચયથી તે તે ગુણવાળાને વ્યવહારયોગ પ્રાય: અવશ્ય હોય છે. માટે ગૃહસ્થઅવસ્થામાં કેવલજ્ઞાન પામનારને દેવો વેશ આપીને પછી વંદન કરે છે. કોઈ કેવળી વેશ લેવાની ના ન પાડે.

વ્યવહારના-આચારના પાલનથી ભાવ આવે છે. વધે છે અને પ્રકૃષ્ટ બને છે.

બીજી રીતે વિચારીએ તો,

દરેક કર્મના ક્ષયોપશમનું મૂળ કારણ મોહનીયનો ક્ષયોપ. છે, તેનું મૂળકારણ દર્શનમોહનીયનો ક્ષયોપ. છે અને તેનું મૂળ કારણ છે દેવ, ગુરુ અને સાધર્મિકની ભક્તિ, આદર, ગુણાનુવાદ તેમજ અન્ય આરાધકોમાં રહેલા આરાધનાના યોગોની રુચિ-ગુણાનુવાદ તેમજ પોતાનામાં તે પ્રકટ થાય એવી ઇચ્છા-પ્રવૃત્તિ.

આનાથી વિપરીત, કર્મના બંધ-ઉદયનું મૂળકારણ મોહનીયનો ઉદય છે. એનું કારણ દર્શનમોહનીયનો ઉદય છે. અને તેનું કારણ વિષયો, વિષયના કારણો, વિષયસંપન્ન જીવો, ધનસંપન્ન શ્રીમંતો, ભોગતત્પરજીવો, સ્વાર્થપોષક સ્વજનસ્નેહીઓ... આ બધાના ભક્તિ-આદર-પ્રશંસા વગેરેથી સમ્યક્ત્વનાશ-દર્શનમોહનીયનો ઉદય થાય છે. એમ દેવ, ગુરુ, સાધુ, સાધર્મિક પ્રત્યે અભક્તિ, આશાતના, ઉદાસીનતા, અનાદર, ઉપેક્ષા, નિંદા વગેરેથી દર્શનમોહનીયનો ઉદય થાય છે. જે યોગને પોતે ન આરાધતા હોય, બીજા આરાધતા હોય, એની અરુચિ (જેમકે ભણી ભણીને શું કરવાનું? ભણવાથી તો અભિમાન આવે... વૈયાવચ્ચ તો અપ્રતિપાતી છે.) હોય. એમાં પ્રવર્ત્તે નહીં, નિંદા કરે, ઉપેક્ષા કરે, બીજાને અટકાવે, આ બધાથી પણ દર્શનમોહનીયનો ક્ષયોપ. નાશ પામી ઉદય થાય છે અને તેથી બીજા ક્ષયોપશમો પણ આવરાય છે...

**તેથી** શ્રી તીર્થંકરદેવપ્રત્યે પ્રકૃષ્ટ આદર, ભક્તિ બહુમાન; ગુરુપ્રત્યે આદર, ભક્તિ, બહુમાન, સાધર્મિક પ્રત્યે આદર ભક્તિ બહુમાન અને બધા આરાધકોમાં રહેલ તે તે તે આરાધનાયોગો પ્રત્યે શ્રદ્ધા, રુચિ, ઇચ્છા, પ્રવૃત્તિ.... એ દર્શનમોહનીયના ક્ષયોપશમ દ્વારા બધા ક્ષયોપશમોનું કારણ છે...

# ક્ષયોપશમની ઉત્પત્તિ, જાળવણી અને વૃદ્ધિના કારણોનો જુદી જુદી રીતે વિચાર-

(૧) અચરમાવર્ત્તમાં કર્મ પ્રધાન હોય છે, જીવનો પુરુષાર્થ તેનાથી હણાયેલો હોય છે. (યોગબિન્દુ ગા. ૩૩૭) એટલે કે કર્મ જીવને જે પ્રવાહમાં તાણી જાય એમાં જીવ પોતે તણાય છે, એનો આત્મવિકાસમાટે પોતાનો કોઈ પરુષાર્થ હોતો નથી. તેથી એ અવસ્થામાં ક્ષયોપશમ ગૌણ હોય છે, ઔદયિકભાવ મુખ્ય હોય છે. તેમ છતાં કર્મ જ જો તેવા-તેવા દ્રવ્યાદિ નિમિત્તો આપે તો તે દ્રવ્યાદિનિમિત્તે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયના ક્ષયોપશમ થાય છે. આ ક્ષયોપશમમાં જીવનો કોઈ પુરુષાર્થ ન હોવાથી, એ માત્ર તે તે દ્રવ્યાદિનિમિત્તે થયેલ હોવાથી, તે તે દ્રવ્યાદિનિમિત્તો ખસી જતાં ક્ષયોપશમ જતો રહે છે. આગળ-આગળ અનેક ભવો સુધી ટકતો નથી. માટે આ ક્ષયોપશમ નિરનુબંધ છે, અને ક્ષાયિકભાવનું કારણ બનતો નથી.

અપુનર્બન્ધકની પૂર્વની આ અવસ્થામાં મોહનીયકર્મનો ક્ષયોપશમ થતો નથી. પણ અગ્નિપર રાખ ઢાંકવાથી અગ્નિની અસર જેમ ઓછી થાય છે તેમ વિશિષ્ટ શુભ દ્રવ્યાદિ સાધનો, આચાર, આચારવાન ના સાન્નિધ્યમાં મોહનીય કર્મનો ઉદય તીવ્ર થઈ શકતો નથી. ભસ્મચ્છન્ન અગ્નિની જેમ મંદ રહે છે. તેથી શ્રુતસામાયિકની પ્રાપ્તિ થાય છે. પણ તે નિમત્તો ખસતાં કે બીજા વિરુદ્ધ નિમિત્તો મળતાં મોહનીયના ઉદયની પુનઃ તીવ્રતા દેખાય છે.

(૨) ચરમાવર્ત્તમાં કર્મ કરતાં પુરુષાર્થ પ્રધાન હોય છે અને તેનાથી કર્મ હણાય છે. (યોગબિન્દુ ૩૩૯) પુરુષાર્થની પ્રધાનતા હોવાથી જીવ કર્મો જેમ તાણી જાય એમ તણાવાના બદલે એની સામો પડે છે અને તેથી તેને હણી શકે છે. પહેલાં એ આ પુરુષાર્થના આધિક્યથી ગ્રન્થિભેદ કરે છે, અને ગ્રન્થિભેદ પછી તો એનો પુરુષાર્થ એકદમ ઉલ્લસિત થાય છે જેથી કર્મ વધુ નિર્બળ બને છે.

સમ્યક્ત્વી જીવોને શુભભાવ શિરોદકતુલ્ય હોય છે, એટલે કે પાતાળકુવામાંથી ફૂટતી પાણીની સેરમાં પાણી આવ્યા કરવું, એ જેમ સાહજિક હોય છે, એમ ગ્રન્થિભેદ બાદ શુભભાવ સહજ

રીતે પ્રવર્ત્તે છે. (યોગબિન્દુ ૩૪૯) તેથી જે ક્ષયોપશમ થાય છે તે સાનુબંધ હોય છે અને ક્ષાયિકભાવનું કારણ બને છે. આમ ચરમાવર્ત્ત અને એમાં પણ વિશેષપ્રકારે ગ્રન્થિભેદ એ સાનુબંધ ક્ષયોપશમનું કારણ છે.

(૩) ચરમાવર્ત્તમાં અનુષ્ઠાનપ્રત્યે આદર-બહુમાન પ્રગટે છે. આ સામાન્યઆદર, શ્રદ્ધાથી પણ જે શુભઅનુષ્ઠાનો થાય છે તે પ્રારંભિક ક્ષયોપશમનું કારણ બને છે. એનાથી અનેક શુભ અનુભવો થાય છે તેમજ આગળ વધવાની પ્રેરણાઓ મળે છે. (યો.બિ.૪૩-૪૪)
(૪) શાસ્ત્રે ઘાતીકર્મના બંધના જે જે કારણો બતાવ્યા છે તેનાથી વિપરીત આચારો ઘાતીકર્મના ક્ષયોપશમના કારણ બને છે. એમ શુભકર્મબંધના જે જે કારણો બતાવ્યા છે તે ઘાતીકર્મના ક્ષયોપશમના પણ કારણો છે. એમાં જ્ઞાનાવરણના તીવ્રરસબંધનું સાક્ષાત્ કારણ બનવાસાથે પરંપરાએ જે સાતેય કર્મના અશુભરસબંધનું કારણ બને તે જ્ઞાનાવરણના બંધના કારણ કહેવાય છે. એ પ્રમાણે દર્શનાવરણવગેરેમાં જાણવું. અઘાતીમાં જે અશુભ કર્મબંધના કારણ છે તે પરંપરા જ્ઞાનાવરણાદિના તીવ્રરસબંધના કારણ છે અને શુભકર્મોના કારણ છે તે જ્ઞાનાવરણાદિ ત્રણના ક્ષયોપશમના અને મોહનીયની મંદતા કે ક્ષયોપ. ના કારણ છે.

(૫) જેમ એક અશુભપ્રવૃત્તિ વારંવાર કરવાથી અશુભસંસ્કારરૂપ બને છે. તેનાથી કર્મના ઉદયો પ્રધાન બની ઓઘસંજ્ઞાના સહાયક બને છે. તેમ એક શુભપ્રવત્તિ વારંવાર કરવાથી, ઉપયોગ-આદરપૂર્વક કરવાથી ક્ષયોપશમ જન્મ છે, વધે છે. આ પ્રવૃત્તિસાથે સાથે શુભસંસ્કાર-શુભકર્મોદયની સહાય પ્રેરક બને છે અને અશુભ સંસ્કાર તેમજ અશુભ પ્રવૃત્તિની બાધક બને છે. માટે શુભપ્રવૃત્તિઓ ક્ષયોપશમનું કારણ બને છે. આને **અધ્યાત્મ** કહે છે. આ શુભપ્રવૃત્તિઓનો વારંવાર અભ્યાસ ગુણરૂપ બને છે, એને **ભાવના** કહે છે. એ સાનુબંધ ક્ષયોપશમ કરે છે. આ **અધ્યાતમ** અને **ભાવના** એ બે તીર્થરૂપ છે. વ્યવહારધર્મરૂપ છે.

(૬) એક પાપ સર્વ પાપને, એક આશ્રવ સર્વ આશ્રવોને એક દોષ સર્વ દોષોને ખેંચી લાવે છે, કારણ કે આ બધા પરસ્પર સંકળાયેલા છે અથવા એકના જ અનેક રૂપ કે સાગરીતો જેવા છે.

આ જ રીતે એક સદ્આચાર સર્વ સદ્આચારોને, એક ગુણ સર્વગુણોને, એક સંવર સર્વસંવરને ખેંચી લાવે છે, કારણ કે આ બધા પણ પરસ્પર સંકળાયેલા છે યા તો એકના જ અનેક રૂપ કે સાગરીતો જેવા છે.

જ્યારે ગુણ અને દોષ બન્ને રહેલા હોય ત્યારે બેમાંથી જે મજબુત બને એ પોતાના સાગરીત જેવા અન્ય ગુણ કે દોષને ખેંચી લાવે છે અને પ્રતિપક્ષીને શિથિલ કરતાં કરતાં હ્રાસ કરે છે.

ગ્રન્થિભેદથી ક્ષયોપશમ અને પુરુષાર્થ પ્રધાન બને છે. તેથી પુરુષાર્થ ફોરવીને જો શુભઆચારોની પ્રવૃત્તિ અને નિરંતર પુનઃપુનઃ પ્રવૃત્તિ ચાલુ રાખવામાં આવે તો ગુણો મજબુત બનવાથી દોષ હ્રાસ, આશ્રવહ્રાસ, ઔદયિકભાવોનો હ્રાસ અને પાપવૃત્તિઓનો હ્રાસ થતો આવે છે તેમજ ગુણો, સંવર, ક્ષયોપશમ વગેરેની દઢતા થતી આવે છે યાવત્ કૈવલ્યપ્રાપ્તિ સુધી પહોંચાય છે. ★ વળી પૈસા કમાવામાત્રથી ધનવાન નથી બનાતું, દુર્વ્યય પણ ઘટાડવો પડે છે, ★ દવા કરવામાત્રથી આરોગ્ય નથી મળતું, અપથ્યનો ત્યાગ કરવો પડે છે, ★ ધર્મ કરવામાત્રથી ધર્મી નથી બનાતું, પાપાચારો છોડવા પડે છે. ★ મહેનત કરવામાત્રથી જ્ઞાન નથી આવતું, વિક્ષેપો છોડવા પડે છે, એમ શુભ પ્રવૃત્તિ કરવામાત્રથી ક્ષયોપશમ દઢ નથી થતો, અશુભ પ્રવૃત્તિઓ છોડવી પણ પડે છે.

ઔદયિકભાવો ઘટતા જાય તો ક્ષયોપશમ નિરાબાધ બને છે. અનાચારો, અજયણા, અનાયતનવગેરેની તેના અપાયોના ચિંતન -'ભાવનાપૂર્વક-ઉપયોગપૂર્વક દીર્ઘકાલીન નિવૃત્તિ કરવાથી ઔદયિકભાવોનો-દોષોનો હ્રાસ થતો આવે છે જેથી પછી ક્ષયોપશમને-ગુણોને બાધ થતો નથી.

***(૬) ધર્મપ્રવૃત્તિ ૩ પ્રકારે થાય છે.***

(અ) અન્ય ધર્મોક્ત ધર્મક્રિયાઓ કે જેમાં વિશેષપ્રકારે હિંસાવગેરે પાપસ્થાનો નથી તે ધર્મબુદ્ધિથી યથાકથંચિત્ કરાય.

(બ) ધર્મબુદ્ધિથી કરાતી જૈનધર્મોક્ત સ્વરૂપશુદ્ધ ક્રિયા કે જેમાં તત્ત્વ સંવેદન કે પ્રશાંતવૃત્તિ નથી તેમજ ઔત્સુક્ય ભળેલું છે.

(ક) ધર્મબુદ્ધિથી કરાતી જૈનધર્મોક્ત સ્વરૂપશુદ્ધ ક્રિયા કે જેના કર્તાને સર્વકાર્યમાં તત્ત્વસંવેદન-પ્રશાંતવૃત્તિ રહેલા હોય છે તેમ ઔત્સુક્ય

રહિતતા હોય છે.

(અ) માં અશુદ્ધિમાં પાપબુદ્ધિ નથી તેથી સામાન્ય પુણ્યબંધ થાય છે. જેના પ્રભાવે ધર્મસામગ્રી મળે છે.

(બ) માં સામાન્ય ક્ષયોપશમ થાય છે. મુખ્યક્ષયોપશમ અને (ક) ની યોગ્યતા આવે છે.

(ક) માં ક્ષયોપશમ સાનુબંધ થતો જાય છે તેમજ વધતો જાય છે જે છેવટે ક્ષાયિકભાવને ખેંચી લાવે છે.

**(૭) ધર્મ આરાધના બે રીતે થાય છે.** (અ) અવિરાધિત અને (બ) વિરાધિત. ધર્મને અવિરાધિતપણે સાધનારો ભવાંતરમાં ચારેય ઘાતીકર્મોના ક્ષયોપશમને પામે છે તેમજ પૂર્વના કોઈ નિકાચિત કર્મો ન હોય તો અઘાતીકર્મ પણ શુભ પામે છે. આ અવિરાધિત આરાધના કે જે યોગરૂપ બને છે તેનાથી સ્થૈર્ય, ધૈર્ય, શ્રદ્ધા, મૈત્રી વગેરે યાવત્ મોક્ષસુધીના ૧૮ ફળ પ્રાપ્ત થાય છે. (યોગબિન્દુ ગા. ૫૨, ૫૩, ૫૪)

વિરાધિતપણે થયેલી આરાધનામાં વિરાધના બે પ્રકારે થાય છે. સામાન્યવિરાધના અને વિશેષવિરાધના.

***સામાન્યવિરાધના હોય તો...***

(૧) જે અંશની વિરાધના હોય તે અંશ હીન પામે

(૨) બીજા અંશની સામગ્રીઓ મળે છે.

(૩) અમુકકાળ ધર્મપ્રાપ્તિ થતી નથી, પછી કર્મ ભોગવાઈ ગયે પ્રાપ્તિ થાય છે. જેમકે ઈલાચીપુત્ર, આર્દ્રકુમાર, મેતાર્ય મુનિ,

(૪) સામાન્યવિરાધના હોવા છતાં શેષ આરાધના વિશિષ્ટ હોય, તો એકાદ ભવમાં ઊંચા આવી જાય.

***વિરાધના તીવ્ર થઈ હોય તો...***

(૧) અનેક અંશોની હીનતા-અશુભતા મળે છે,

(૨) અનેક ક્ષયોપશમો આવરાઈ જાય છે,

(૩) ધર્મસામગ્રી મળતી નથી.

(૪) દીર્ઘકાળ સુધી ધર્મની યોગ્યતા રહેતી નથી. દા.ત. મરીચિ, દ્રૌપદી, રુક્ મી, લક્ષ્મણા.

(૮) યોગબિન્દુમાં બ્રહ્મચર્ય, તપ, આગમોનો અભ્યાસ, વિશેષપ્રકારના વિદ્યા, મન્ત્ર, તીર્થની ઉપાસના, માતા-પિતાની સમ્યગ્ભક્તિ, ગ્લાનને ઔષધદાન, દેવમંદિરાદિની કાળજી, આ નવ શુભપ્રવૃત્તિઓને

જાતિ-સ્મરણજ્ઞાનના કારણતરીકે જણાવીને જ્ઞાનાવરણના ક્ષયોપશમના અંતરંગકારણતરીકે કહી છે.

(૯) ઔત્પાતિકી વગેરે બુદ્ધિ પરથી મતિજ્ઞાનાવરણના ક્ષયોપશમના કારણો જાણી શકાય છે. (અ) **ઔત્પાતિકી:** અત્રેનું કોઈપણ કારણ ન હોવા છતાં પૂર્વની આરાધનાના યોગે, સાહજિકરીતે અનેક કાર્યોમાં કે સર્વકાર્યોમાં બુદ્ધિનો જે ક્ષયોપશમ પ્રગટ થાય છે તે ઔત્પતિકી.

***(બ) કાર્મિકી:-*** ચિત્ત દઈને કુશળતાપૂર્વક વ્યવસ્થિત રીતે તે તે કાર્ય કરવાથી તે તે અંશમાં ક્ષયોપશમ થાય છે. આ ***કાર્મિકી બુદ્ધિ*** કહેવાય છે.

***(ક) વૈનયિકી:-*** ગુરુ, દેવ, ઋષિ, વચનસિદ્ધ પુરુષોવગેરેના વિનય-ભક્તિ-ઉપાસના-સેવાથી તેઓના આશીર્વાદદ્વારા જે ક્ષયોપશમ થાય તે વૈનયિકી બુદ્ધિ. ઈતરોમાં જે શક્તિપાત મનાયો છે તે પણ આમાં આવે છે. આ વિનયાદિથી અનેક કર્મોના ક્ષયોપશમ થાય છે.

***(ડ) પારિણામિકી:-*** વાસ્તવિક કાર્ય-કારણભાવની વિચારણ કરવાથી આ ક્ષયોપશમ થાય છે. વિપાકવિચય અને અપાયવિચયનો આમાં સમાવેશ થઈ શકે છે.

આ ચારદ્વારા જેમ મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ થાય છે, તેમ શ્રુતજ્ઞાનાવરણ, દર્શનાવરણ, દર્શનમોહનીય, ચારિત્રમોહનીય અને અંતરાયના પણ ક્ષયોપશમ થાય છે.

(૧૦) શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, વિજ્ઞાન, ઊહા, અપોહ, તત્ત્વાભિનિવેશ. બુદ્ધિના આ જે આઠ ગુણો બતાવ્યા છે એ પણ મતિ-શ્રુતજ્ઞાનાવરણવગેરેના ક્ષયોપશમના કારણ બને છે.

યોગદષ્ટિસમુચ્ચય શ્લોક ૫૩-૫૪ માં બતાવેલ તત્ત્વશ્રવણની તીવ્ર ઈચ્છા એ ***શુશ્રૂષા.*** આ હોય તો, કદાચ શ્રવણનો યોગ ન થાય તો પણ ક્ષયોપશમ થાય છે. આ રીતે જે જે ગુણ-શક્તિઓની સદ્‌બુદ્ધિથી તીવ્રઈચ્છા હોય તેના તેના આવરણકર્મોનો ક્ષયોપશમ થાય છે અને તેના શક્ય ઉપાયોમાં પ્રવૃત્તિ પણ થાય છે.

તત્ત્વને સાંભળવાની ઈચ્છાસ્વરૂપ શુશ્રૂષા પછી એની પ્રવૃત્તિરૂપે જેમ ***શ્રવણ*** છે તેમ દરેક ગુણ વગેરેમાં તીવ્ર ઈચ્છા પછી તેના કારણોમાં ***પ્રવૃત્તિ*** છે.

તીવ્ર શુશ્રૂષાપૂર્વકનું શ્રવણ હોય તો ***ગ્રહણ*** (તત્ત્વબોધ) સ્વરૂપ

કાર્ય થાય છે, એમ તીવ્ર ઈચ્છાપૂર્વકની પ્રવૃત્તિ કાર્યનિષ્પાદક બને છે. તીવ્રઈચ્છા વિનાની પ્રવૃત્તિ સચોટ કાર્ય કરી શકતી નથી.

તત્ત્વબોધ (ગ્રહણ) થયા પછી એને ધારી રાખવાનો (ધારણા) હોય છે, એમ દરેક ગુણ-શક્તિને પ્રાપ્તિ બાદ ટકાવી રાખવાના છે. જ્યાં સુધી ગુણ-શક્તિ, સ્થિર-સ્વાભાવિક-આત્મસાત્ ન થાય, ત્યાં સુધી નાશ પામી જવાની શક્યતા હોય છે. માટે વારંવાર સંભાળ-પરાવર્ત્તન વગેરેદ્વારા **ધારણા** કરવી એ પણ ક્ષયોપશમની સ્થિરતાનું કારણ છે. દરેક ક્ષયોપશમ-ગુણ-શક્તિમાટે તેમજ ઔદયિકભાવોમાટે પણ ગ્રહણ પછી ધારણા આવશ્યક છે.

પહેલા જે બોધ થયો હોય તેને સ્થિર કરવામાં વારંવાર પુનરાવર્ત્તન વગેરે કરવાથી એનો વિશેષ પરિચય થાય છે તેમ જ એની અવાંતર જાતિઓ (એનું ચડિયાતાપણું-ઉત્તરતાપણું, તરતમતા) નો વિશેષ બોધ થાય છે. આ ***વિજ્ઞાન*** છે.

જેમ રાજ્ય મળ્યા પછી એની સંભાળ ન કરે તો શત્રુરાજાઓ પચાવી પાડે. માટે એની સંભાળ કરવી આવશ્યક છે, આ ધારણા છે. આમાં પ્રવૃત્તિશીલ બનનારને રાજ્યની વ્યવસ્થા, સમૃદ્ધિ વગેરેનો બોધ થતો જાય છે એ વિજ્ઞાન છે. ઉત્તરોત્તર ચડિયાતી વ્યવસ્થા-સમૃદ્ધિ વગેરે કઈ રીતે થાય? એના અન્વયધર્મોની તપાસ-વિચારણા એ ***ઊહા*** છે. આ જ રીતે ક્ષયોપશમગુણઅંગે પણ અન્વયધર્મથી તપાસ એ ઊહા છે. આનાથી પ્રાપ્ત થયેલ ચીજ કે ગુણ વાસ્તવિક છે કે આભાસ છે, અલ્પપાવરનો છે કે અધિક પાવરનો, સાનુબંધ છે કે નિરનુબંધવગેરેનો નિર્ણય થાય છે.

અન્વયધર્મથી વસ્તુની તપાસ અને એ મુજબ વિકાસમાટેના પ્રયત્નો કરવા છતાં એ વસ્તુને-ગુણને નુકશાનકર્તા કોણ છે? એ નુકશાનકર્તા શું નુકશાન કરે છે? તેનું વારણ શી રીતે થાય? ઈત્યાદિ તપાસ-વિચારણા કરવામાં ન આવે, એ વારણ ન કરાય તો રાજ્યાદિ વસ્તુ-ગુણવગેરે અપાયયુક્ત હોવાના કારણે અપ્રધાન બને છે. એટલે નુકશાનકર્તા બાબતોનો નિર્ણય કરી એને દૂર કરવા એ આવશ્યક છે. આ ***અપોહ*** છે. આનાદ્વારા જ પ્રાપ્ત થયેલ ચીજ-ગુણ વાસ્તવિક-પ્રધાન બને છે. આ ક્રમે તત્ત્વની વાસ્તવિકતાનો જે નિર્ણય તે ***તત્ત્વાભિનિવેશ*** છે.

સદ્પ્રવૃત્તિઓ, તેમાં ઉપયોગ, એને અનુકૂળ ભાવનાઓ, આ

બધાના જાણકારી વગેરેનો ઊહાવગેરેમાં સમાવેશ થઈ શકે અને તેથી એ રીતે એ ક્ષયોપશમનું કારણ બને છે. ક્ષયોપશમના અપાય-અનાયતન અસત્પ્રવૃત્તિઓ વગેરે અપોહનો વિષય બને છે. એટલે એનો પરિહાર એ પણ ક્ષયોપશમનું કારણ બને છે.

શાસ્ત્ર, સંઘ, આચારો ભાવનાઓ આ બધા તીર્થના અંગો-પાસાં છે એ બધા પરસ્પર-સાપેક્ષ છે અને ક્ષયોપશમના કારણ બને છે. વ્રતોની વાડો, ભાવનાઓ, સમ્યક્ત્વના ૬૭ વ્યવહારો આ બધા પણ ક્ષયોપશમના કારણો છે. જે જે ક્ષયોપશમનું કારણ હોય તે તે ક્ષયોપશમને ટકવાનું-વધવાનું પણ કારણ બને છે, પરંપરાએ સર્વ ઘાતીકર્મના ક્ષયોપશમનું કારણ બનવાદ્વારા છેવટે ક્ષાયિકભાવનું પણ કારણ બને છે.

***(૯) શ્રી ભગવતી સૂત્રમાં*** કહ્યું છે કે જ્ઞાનાવરણના ઉદયથી દર્શનાવરણનો ઉદય થાય છે, દર્શના.ના ઉદયથી દર્શનમોહ.નો ઉદય થાય છે. અને એના ઉદયથી આઠેય કર્મોનો બંધ થાય છે. આ જ રીતે જ્ઞાનાવરણના ક્ષયોપશમથી દર્શનાવરણનો ક્ષયોપ. થાય છે, એનાથી દર્શનમોહનીયને ક્ષયોપ. થાય છે અને એનાથી બધા ઘાતીકર્મોનો ક્ષયોપ. થવા દ્વારા પછી ક્ષય થાય છે. એ સમજી લેવું.

છદ્મસ્થને દર્શન પ્રથમ થાય છે. પછી જ્ઞાન. તેમ છતાં બન્નેના બંધહેતુઓ સરખા કહ્યાં છે. વળી જ્ઞાનાવરણના ઉદયથી દર્શનાવરણનો ઉદય કહ્યો છે. જ્ઞાનાવરણનો ક્ષયોપ. થાય તો દર્શના.નો અવશ્ય ક્ષયોપ. થાય છે. પણ દર્શનાવરણનો ક્ષયોપ. થાય, તો જ્ઞાના.નો વિશિષ્ટ ક્ષયોપ. થાય કે ન પણ થાય. તેથી જણાય છે કે જ્ઞાનાવરણ બળવાન્ છે, દર્શના. નિર્બળ છે. કારણ કે નિર્બળ બળવાન્‌ને અનુસરે, બળવાન્ નિર્બળને અનુસરે જ એવું નહીં. તેથી ક્ષયોપ. પણ દર્શના. કરતાં જ્ઞાના. નો બળવાન્ હોય છે.

**ભગવતીજીના** ઉક્ત પાઠમાં, પૂર્વ-પૂર્વનો ઉદય ઉત્તર-ઉત્તરના ઉદય અને બંધમાં કારણ છે એમ જાણવું. એમ પૂર્વ-પૂર્વનો ક્ષયોપ. ઉત્તર-ઉત્તરના ક્ષયોપ.માં કારણ છે એમ સમજવું. તેથી અમુક પ્રકારના જ્ઞાના.-દર્શના.ના ક્ષયોપ.થી દર્શનમોહ.નો ક્ષયોપ. અને અમુકપ્રકારના જ્ઞાના. દર્શના. ના ઉદયથી દર્શન મોહ.નો ઉદય થાય છે.

***(૧૨) ક્ષયોપશમના ૭ કારણો :*** - નિત્યસ્મૃતિ, પ્રસ્તુત ગુણમાં બહુમાન,

પ્રતિપક્ષજુગુપ્સા, પરિણતિની આલોચના, તીર્થંકરભક્તિ, સુસાધુજન પર્યુપાસના, ઉત્તરગુણ શ્રદ્ધા.

***(અ) નિત્ય સ્મૃતિ:*** જે ચીજવસ્તુની યોગ્ય સંભાળ-કાળજી કરવામાં આવે છે તે બગડતી નથી, નાશ પામતી નથી. પણ ઉપરથી તાજી રહે છે એ અનુભવસિદ્ધ છે. આ વાત ગુણોને-ક્ષાયોપશમિકભાવોને પણ લાગુ પડે છે. માટે વ્રત-નિયમો-આચારોની નિત્યસ્મૃતિ આવશ્યક છે. એનાથી એ સ્પષ્ટ થાય છે, સ્થિર થાય છે, વૃદ્ધિ પામે છે, અન્યથા કટાવા માંડે છે, ધીમે ધીમે હ્રાસ પામે છે. શરીરનાં અંગો, બુદ્ધિ વગેરેનો વપરાશ રહે તો સક્રિય રહે છે-સમર્થ રહે છે અન્યથા શિથિલ થઈ જાય છે. એમ ક્ષાયોપશમિકગુણો માટે જાણવું. દિવસમાં નવ વાર કરેમિભંતે, પાક્ષિકસૂત્રમાં મહાવ્રતોના આલાવાનું ઉચ્ચારણ નિત્યસ્મૃતિને સહાય કરનાર છે.

**(બ) પ્રસ્તુત ગુણમાં બહુમાન** : જેને શારીરિક તંદુરસ્તીપ્રત્યે આદર-બહુમાન-આકર્ષણ હોય છે એ વ્યાયામ કરે છે અને એનાથી એની તંદુરસ્તી વધે છે. જેને ધનમાટેનું તીવ્ર આકર્ષણ છે એ કાળજી પૂર્વક વેપાર કરે છે અને એનાથી એની સંપત્તિ વધે છે. એટલે કે જેને જેની ઉપર આદર-આકર્ષણ હોય તેની તે રક્ષા-કાળજી માટે વારંવાર પ્રવૃત્તિ કરે છે. આ જ વાત ક્ષયોપશમમાં લગાડવી. જેને જ્ઞાનનું આકર્ષણ છે એ ભણવા માટે વ્યવસ્થિત પ્રયત્ન કરશે અને તેનાથી એનો જ્ઞાનાવરણનો ક્ષયોપ. વધશે. જેને સંયમપ્રત્યે વિશેષ બહુમાન છે એ એની કાળજીવાળો બનશે અને એનો ક્ષયોપ. વધશે. સદ્‌વિષયકબહુમાન પોતે પણ ક્ષયોપ. કરે છે અને યોગ્ય ઉપાયોના આસેવન દ્વારા પણ ક્ષયોપ. કરાવે છે.

**(ક) પ્રતિપક્ષ જુગુપ્સા :** પ્રસ્તુતગુણના પ્રતિપક્ષભૂત દોષપ્રત્યે જુગુપ્સા હોવી જોઈએ. નહીંતર જીવ અનાદિકાળથી એ દોષોથી ભાવિત હોવાના કારણે પ્રમાદમાં પડી ક્ષયોપશમ ગુમાવે છે. માટે આળસુ, બેદરકાર, રખડનાર, જેમ ભણતર-વેપારવગેરેમાં આગળ નથી આવતો એમ ક્ષાયોપ. ભાવમાટે જાણવું. પ્રતિપક્ષભૂત દોષપ્રત્યે નફરત વિના ક્ષયોપ.ની વૃદ્ધિ-સ્થિરતા વગેરે થતાં નથી.

**(ડ) પરિણતિની આલોચના :** ભણવાથી શું લાભ-પરિણામ આવે, ન ભણવાથી શું નુકશાનમય પરિણામ આવે? આનો વિચાર. આ રીતે આધ્યાત્મિક કે ભૌતિક નાની કે મોટી દરેક બાબતમાં આગંતુક

અને દીર્ઘકાલીન પરિણામોનો વિચાર કરવાથી રભસિક કાર્યોથી ક્ષણિક એકદમ ઉલ્લાસમાં આવીને પછી પાછા પડવાનું થાય એવી પ્રવૃત્તિથી, જેમ ફાવે તેવાં નુકશાનકારી વર્તનવગેરેથી બચી શકાય છે. તેમ જ અસ્ખલિતપણે ઉતરોત્તર આગળ વધી શકાય છે. માટે પરિણતિ=પરિણામ-ફળની વિચારણા ક્ષયોપ. ને વધારનારી છે.

(ઈ) **શ્રીતીર્થંકરની ભક્તિ :** પરમાત્મા સર્વગુણસંપન્ન છે અને સર્વગુણોના કારણભૂત શાસનના સ્થાપક તેમજ નાયક છે. તેથી તેમના ભક્તિ-બહુમાન એ સર્વગુણોના આવારક કર્મોનો તોડે છે. ક્ષયોપશમને પ્રગટાવે છે. વધારે છે. સર્વ ભૌતિક-આધ્યાત્મિક શક્તિઓની પ્રાપ્તિનું મૂળ પ્રભુભક્તિ છે. માટે એ સર્વ ક્ષયોપ.નું કારણ છે.

***(ફ) સુસાધુજનપર્યુપાસના :-*** તપસ્વીના સાન્નિધ્યમાં તપના અને જ્ઞાનીના સાન્નિધ્યમાં ભણવાના ઉત્સાહ-પ્રયત્ન સામાન્યરીતે સહજભાવે થાય છે એ અનુભવસિદ્ધ છે. સર્વવિરતિધર સુસાધુઓ અનેક ગુણ-સદ્આચારસંપન્ન હોય છે. એટલે એમના સાન્નિધ્યમાં-એમની નજર-આમન્યામાં રહેવાથી તે તે ગુણવગેરેની પ્રાપ્તિ માટે સાહજિક ઈચ્છા-રુચિ-પ્રવૃત્તિવગેરે થાય છે જે ક્ષયોપશમને પ્રગટાવે છે. એમના સાન્નિધ્યમાં રહેવું-સેવા બહુમાન કરવા-આ બધું એમની પર્યુપાસના છે. એમના સાન્નિધ્ય-મર્યાદામાં રહેવાથી લજ્જાવગેરેના કારણે કે એમની ટકોર-પ્રેરણાના કારણે ગુણવિરુદ્ધ પ્રવૃત્તિથી બચી શકાય છે જે ક્ષયોપ. ને ટકાવવા-વધારવામાં કારણભૂત છે. સાધુજનો સદાચારવાળા હોવાથી પ્રધાનતયા સર્વ ક્ષયોપશમને-તેની યોગ્યતાને ધારણ કરનારા હોય છે. માટે એમનું સાન્નિધ્ય સર્વ ક્ષયોપ.નું કારણ છે.

***(જી) ઉત્તરગુણશ્રદ્ધા :-*** જ્ઞાનપ્રાપ્તિ જેમ મુખ્યતયા તેના કારણભૂત ગ્રહણ-ધારણા-શક્તિપર આધાર રાખે છે તેમ સાથે સાથે આપનારની પ્રસન્નતા, આપનારનું આરોગ્ય, પોતાનું આરોગ્ય, સ્ફૂર્તિવગેરેમાં સહાયક પ્રકાશ-પવન, આહાર-પાણીની અનુકૂળતા, વિઘ્નકર્તાનો અભાવવગેરે બીજા કારણો પર પણ આધાર રાખે છે. આ કારણોની બાબતમાં જો વ્યવસ્થિત કાળજી ન લેવાય તો ધારેલી કાર્યસિદ્ધિ થતી નથી. આવું બધા કાર્યો-ગુણો માટે છે.

આવા નિમિત્તકારણો એ ઉત્તરગુણ કહેવાય છે.

મૂળગુણની જેવી ચીવટ-કાળજી-શ્રદ્ધા હોય છે એવી ઉત્તરગુણમાટે પણ જોઈએ, એમાં બેદરકારી સેવાય તો ક્ષયોપશમ વધતો નથી

કે ટકતો નથી. આ ઉત્તરગુણો મૂળગુણ પછી પ્રાપ્ત થાય છે. મૂળગુણને શોભાવનારા હોય છે, મૂળગુણથી સ્વયં વધનારા હોય છે અને મૂળગુણને પોતે અખંડિત રાખનારા હોય છે.

સંયમમાટે પિંડવિશુદ્ધિ, સમિતિ, ગુપ્તિ, ભાવનાવગેરે, યતના, કષાયજય, ઈન્દ્રિયનિગ્રહવગેરે ઉત્તરગુણો છે. આમાં બેદરકારી કરનારો ચારિત્રમોહનીયના ક્ષયોપશમનો નાશ કરે છે.

આમ નિત્યસ્મૃતિ વગેરે સાત સામાન્યરીતે દરેક ક્ષયોપશમના કારણ છે.

(૧૩) ***આવરણકર્મનો ક્ષયોપ. કે ઉદય ૩-૩ પ્રકારે થાય છે.***

(અ) પૂર્વની આરાધનાના પ્રભાવે સાહજિક ક્ષયોપ. થાય પૂર્વની આરાધનાના પ્રભાવે નિમિત્ત મળતાં ક્ષયોપ. થાય. પૂર્વની વિરાધનાના પ્રભાવે સાહજિક ઉદય થાય. પૂર્વની વિરાધનાના પ્રભાવે નિમિત્ત મળતા ઉદય થાય. આ પ્રકારમાં વર્ત્તમાન સત્ કે અસત્ પ્રવૃત્તિની મુખ્યતા નથી.

(બ) પૂર્વપુણ્ય, ક્ષેત્ર, શરીરવગેરેની જે સામગ્રી કે તેને અનુસરીને ક્ષયોપ. પ્રાપ્ત થયેલ હોય તેને યોગ્ય રીતે સંભાળવાથી-ઉપયોગ કરવાથી ક્ષયોપ. પ્રગટ થાય છે, ટકે છે, વધે છે, એ **ઉપકરણો** કાર્યક્ષમ રહે છે.

એ રીતે યોગ્ય આચાર-વાડ વગેરેના પાલનમાં વ્યવસ્થિત રહેવાથી ક્ષયોપ. જન્મે, ટકે, વધે છે.

સામગ્રીઅંગેની બેદરકારીથી, પોષણ ન મળવાથી, ઉપયોગ ન કરવાથી, અતિઘણો ઉપયોગ કરવાથી, અયોગ્યરીતે ઉપયોગ કરવાથી સામગ્રી ઘસાઈ જાય છે, બગડે છે, યા નાશ પામે છે અને તેથી આવરણ કર્મોનો ઉદય થવાથી ક્ષયોપ. નાશ પામે છે અથવા કાર્યક્ષમ રહેતો નથી. જેમકે એકદમ ઝાંખા પ્રકાશમાં વાંચવાથી કે સામેથી એકદમ પ્રકાશ આવતો હોય એવી રીતે બેસીને વાંચવાથી આંખને નુકશાન થાય છે. બાજુપરથી પૂરતો પ્રકાશ આવતો હોય એ રીતે વાંચવાથી આંખને ઉપ્રગહ થાય છે. અત્યંત ગરમ-તીખું-વગેરે ખાવાથી જીભવગેરેને ઉપઘાત થાય છે, સમશીતોષ્ણવગેરેથી અનુગ્રહ થાય છે.

એ જ રીતે આચારો ન પાળવાથી, વિપરીત આચારોથી,

વાડો-નિયમોને ઓળંગવાથી, અવ્યવસ્થિત રહેવાથી, બેકાળજીવાળા થવાથી કર્મોના ઉદય થાય છે, ક્ષયોપ. ઘસાય છે, નાશ પામે છે.

(ક) પૂર્વભવના અંતરાયો આ ભવમાં કાળપરિપાકે ખસે કે વિશિષ્ટઆરાધનાના નિમિત્તે ખસે ત્યારે સહજ રીતે ક્ષયોપ. જન્મે છે, યા તો વિશિષ્ટ સદ્‌બુદ્ધિ, મંત્ર, તંત્ર, જડીબુટ્ટી, મહાપુરુષના આશીર્વાદ, દેવતાનું વરદાન વગેરે જેવા નિમિત્તોદ્વારા ક્ષયોપ. જન્મે છે. આંખ વગેરે ઉપકરણો પ્રબળ-કાર્યક્ષમ બને છે યા નવા મળે છે, અને ક્ષયોપ. જન્મે છે, ટકે છે, વધે છે.

આથી વિપરીત પૂર્વભવના અંતરાયો, અબાધાકાળ પૂર્ણ થવાથી કે તીવ્ર વિરાધના, મંત્ર-તંત્ર વિપરીત પડવા, શ્રાપ મળવો વગેરે વિપરીત નિમિત્તોથી ઉદયમાં આવે છે અને તેથી ઉપકરણો નાશ પામે છે યા કાર્યક્ષમ રહેતા નથી. એટલે ક્ષયોપ. પણ ઘટે છે યા નાશ પામે છે.

***આ (અ) (બ) (ક) પરથી નીચે મુજબ તારણો કાઢી શકાય છે.***

(અ) આ ભવમાં અનેક આધ્યાત્મિકયોગોની આરાધના કરવાથી ભવાંતરમાં સહજ ક્ષયોપ. શક્તિઓ મળે છે. એ રીતે વિરાધના કરવાથી ભવાંતરમાં અંતરાય ઊભો થાય છે.

આ ભવમાં પૂર્વની આરાધનાથી બળવાન્ સ્થિતિ હોય તો પણ એ શક્તિઓનો આધ્યાત્મિક ઉપયોગ કરવાથી પ્રાપ્ત શક્તિઓ નિરંતર બને છે, સાનુબંધ થાય છે. વધુ મજબુત બને છે. આની સામે એનો સદુપયોગ ન કરવાથી તે સાનુબંધ બનતી નથી, તેમાંથી બીજી શક્તિઓ પ્રકટ થતી નથી, કાળાન્તરે એ સ્વયં નાશ પામી જાય છે અને તેથી અંતરાયોનો પુન: ઉદય થવાથી દુર્ગુણો પાછા ઊભા થાય છે.

આ જ રીતે એ શક્તિઓનો દુરુપયોગ કરવાથી તે શીઘ્ર આ જ ભવમાં કે ભવાંતરે નાશ પામી આવરણોનો ઉદય થવાદ્વારા આત્માને શક્તિહીન-ગુણહીન અને કર્મોદયને પરાધીન બનાવે છે.

(બ) ઉપક્રમવાળા કર્મોવગેરેથી આ ભવમાં મળેલી સામગ્રી-ક્ષયોપ.નો સદુપયોગ-કાળજી કરવાથી અને દુરુપયોગ-અપાય-અનાયતન વગેરેનો પરિહાર કરવાથી એ શક્તિઓ

આ ભવ સુધી ટકે છે, સાનુબંધ થાય છે અને ભવાંતરમાં પણ પ્રાપ્ત થાય છે.

આ શક્તિઓ અંગેની બેકાળજી-ઉપેક્ષા-અનુપયોગ કે દુરુપયોગથી એ શક્તિઓ નાશ પામી જાય છે.

(ક) પૂર્વભવની વિરાધનાથી આ ભવમાં મળેલી અંતરાયવાળી નબળી સ્થિતિમાં શક્ય સમતા સાથે શક્ય આરાધના કરવામાં આવે તો એ અંતરાયકર્મો ખપે છે, પુણ્ય ઉપાર્જન થાય છે, અને તેથી આ ભવમાં કે ભવાંતરે ક્ષયોપ.-શક્તિઓ પ્રાપ્ત થાય છે.

આવી નબળી સ્થિતિમાં-વિપરીતનિમિત્તોની પરિસ્થિતિમાં જીવ જો અસમાધિ કરે છે, પાપાચરણોમાં તણાય છે; તો પાપાનુબંધ કરી ભવાંતરમાં પણ દુઃખી થાય છે. કદાચ પાપાચરણ ન કરે, તો પણ નબળી સ્થિતિના રોદણા રોવા બંધ કરીને જો શક્ય આરાધનાઓમાં પણ પ્રયાસ કરતો નથી તો નવા અંતરાયો બંધાયા કરે છે, જૂના ખસતા નથી અને તેથી ક્ષયોપ.ની યોગ્યતા થતી નથી. એટલે આ ભવમાં તો શક્તિહીનતા-ગુણહીનતા રહી પણ અંતરાયો સાનુબંધ થયા હોવાથી ભવાંતરે પણ એ શક્તિવગરની અવસ્થા મળે છે. પરિણામે અનેક ભવોસુધી આત્માની આ દશા રહે છે.

# દ્વાર-૪ ક્ષયોપશમ ન હોવાના દોષો

જ્ઞાનાવરણાદિના ક્ષયોપ.રહિત છદ્મસ્થજીવોને અનુક્રમે અજ્ઞાન, અદર્શન, મિથ્યાત્વ, અવિરતિ અને લબ્ધિહીનતા હોય છે.

જેમ અજીર્ણ અને અશક્તિ સર્વરોગનું મૂળ છે, દરિદ્રતા અને બુદ્ધિહીનતા સર્વ ભૌતિકદુ:ખોનું કારણ છે, તેમ **અજ્ઞાન-અદર્શન એ અનેક દુ:ખોનું મૂળ છે.** અજ્ઞાનના કારણે જીવ પ્રિય-અપ્રિય, ઉપકારી-અપકારી વગેરેને જાણી શકતો નથી અને પરિણામે દુ:ખી થાય છે. મિથ્યાત્વ-અવિરતિવગેરે દુર્ગતિમાં લઈ જવા દ્વારા દુ:ખનું કારણ બને છે.

જ્ઞાનાવરણ, દર્શના. અને અંતરાયના ક્ષયોપશમથી જ્ઞાન, દર્શન અને દાનાદિ લબ્ધિઓ મળે છે. તે જીવને સ્વસ્થ બનાવે છે. વ્યવહારમાં સુખી જણાવે છે. એકે. બેઈ. વગેરે જીવો ઉત્તરોત્તર વધુ સુખી અને સ્વસ્થ હોવાથી જણાય છે કે તેઓને ઉત્તરોત્તર વધુ વધુ ક્ષયોપ. હોય છે.

પણ જો મોહનીયનો ક્ષયોપ. ન હોય તો જ્ઞાના.વગેરેના આ ક્ષયોપશમો જેમ જેમ મોહનીયના ઉદયમાં કારણ બને છે તેમ તેમ સાનુબંધ તીવ્રપાપનું કારણ બને છે જેથી દુ:ખ અને દુર્ગતિની પરંપરા સર્જાય છે. કિન્તુ જો આ જ્ઞાનાદિ શક્તિઓ મોહનીયકર્મના ક્ષયોપ. નું કે મંદતાનું કારણ બને તો પરંપરાએ યાવત્ કેવલજ્ઞાન સુધીના અનેકગુણોને ઉત્પન્ન કરવાનું કારણ બને છે.

ભણવાથી બુદ્ધિ આવે કે બુદ્ધિ હોય તો ભણાય? કમાવાથી પૈસા આવે કે પૈસા હોય તો વેપારદ્વારા કમાવાય ? આવી અન્યોન્યાશ્રયવાળી જેવી બાબતોમાં વાસ્તવિકતા એ હોય છે કે યોગ્યતાવાળા જીવમાં કંઈક પુરુષાર્થથી આંશિક ગુણ-શક્તિ પેદા થાય છે. પછી એ જ ગુણદ્વારા પુરુષાર્થ વધે છે. પુરુષાર્થ વધવાથી પાછા એ ગુણો-શક્તિઓ વધે છે. જેમ પૈસા પૈસાને, આબરુ આબરુને, બુદ્ધિ બુદ્ધિને વધારે છે, એમ ગુણો-શક્તિઓ ગુણોને-શક્તિઓને વધારે છે. આમ ઉત્તરોત્તર ચાલવાથી ગુણો જ્યારે ખુબ પાવરફુલ બને છે ત્યારે પછી પુરુષાર્થ સાહજિક બની જાય છે, એ માટે વિશેષ કાળજી લેવાની રહેતી નથી. આવા પ્રધાનશક્તિના કાળમાં શક્તિની બાધક પ્રવૃત્તિઓ આભોગ

કે અનાભોગથી પણ હોતી નથી. પ્રકૃષ્ટ બનેલી શક્તિનું આ કાર્ય છે કે સ્વવિરુદ્ધ પ્રવૃત્તિને જીવ જાણતાં કે અજાણતાં કરી શકતો નથી. વિપરીતપ્રવૃત્તિવખતે સ્વાભાવિક રીતે ખ્યાલ આવી જ જાય અને અટકી જાય, આમ વિશિષ્ટ ક્ષયોપ. અપાય-પાપમાંથી જીવનું સહજ વારણ કરે છે. ક્ષયોપ. વિના જીવો તે અપાયાદિને હિતકર જાણીને એમાં પ્રવર્ત્તે છે અને પરિણામે ક્ષયોપ.થી વધુ દૂર થાય છે. અને તેથી ગુણોથી તેમજ અમુક યોગ્યતાથી દૂર થાય છે અને નરકાદિ દુર્ગતિના કર્મો બાંધે છે.

**મોહનીયકર્મનો ક્ષયોપ. ન થાય ત્યાં સુધી** નીચેના દોષો સામાન્ય હોય છે (૧) અશુભપ્રવૃત્તિઓ (૨) એમાં વિશેષ રસ-રુચિ (૩) એની અનુબંધ-પરંપરા (૪) તિર્યંચ-નરકાદિ દુર્ગતિમાં પરિભ્રમણ (૫) કર્મને આધીન વિચારણા (૬) જ્ઞાનાદિ શક્તિઓ મોહવર્ધક તેમજ પાપ-પાપસ્થાનકની પોષક (૭) પુરુષાર્થ અશુભ હોય. **શુભ દેખાતો હોય તે પણ પરંપરાએ પાપસ્થાનકોનો પોષક હોય.** અને તેથી (૮) જ્ઞાનાદિશક્તિ પણ ઘણી આવરાઈ જાય છે, ઘણો કાળ આવરાયેલી રહે છે. (૮) ભવાભિનંદીદોષોનું સ્થાન હોય છે. (૧૦) પાપના ભયનો અભાવ (૧૧) હિંસાદિ પાપસ્થાનોમાં નિ:શૂકતા (૧૨) દરેક પ્રવૃત્તિ સંસારસ્વરૂપ-સંસાર વર્ધક (૧૩) કર્મપ્રેરિત આચરણ હોવાથી પુરુષાર્થની અપ્રધાનતા (૧૪) મૂઢતાના કારણે તત્ત્વ-અતત્ત્વનો નિર્ણય કે એની નિર્ણાયકશક્તિનો અભાવ (૧૫) જ્ઞાનાદિ અમુક ક્ષયોપ. હોય, ઉપરના વિશિષ્ટ ક્ષયોપ. પ્રાપ્ત થતા નથી. અને તેથી (૧૬) ક્ષાયિકભાવો પણ પ્રાપ્ત થતા નથી. (૧૭) અનુત્તરવિમાન, તીર્થંકરપણું, ચક્રવર્તીપણું, વાસુદેવપણું, બળદેવપણું, ઈન્દ્રત્વવગેરે વિશિષ્ટ પુણ્યબંધ કે એ પુણ્યબંધના સ્થાનો પણ પ્રાપ્ત થતા નથી (૧૮) વૈરાગ્ય, અભય વગેરે ગુણોની અપ્રાપ્તિ (૧૯) ગુણવાન્ વ્યક્તિઓની ગુણવાનતરીકે ઓળખાણ ન થાય (૨૦) સર્વત્ર ભૌતિક દૃષ્ટિ-વિચારણા જ હોય, આધ્યાત્મિક દ્રષ્ટિ-વિચારણા ક્યારેય ક્યાંય ન આવે. (૨૧) ભવાભિનંદીના દોષોનો હ્રાસ કે અપુન-ર્બંધકઅવસ્થા યોગ્યા મોહનીયની મંદતા ન થાય ત્યાં સુધી તે દોષોની લબ્ધિરૂપે નિત્ય વિદ્યમાનતા (૨૨) આશ્રવનું આશ્રવ તરીકેના અને સંવરનું સંવરતરીકેના સંવેદનનો અભાવ (વેદ્યસંવેદ્યપદાભાવ) (૨૩) સુખ-શાંતિ-પ્રસન્નતામય કાળ ઘણો અલ્પ, દુ:ખ અશાંતિ-અપ્રસન્નતામય કાળ ઘણો વધારે હોય.

જેમ જેમ મોહનીયનો ક્ષયોપશમ થતો આવે છે તેમ તેમ આનાથી વિપરીત બધા ગુણો આવતા જાય છે.


# દ્વાર-૫ ક્ષયોપશમના ગુણો (લાભો)

ક્ષયોપશમ એ કર્મની નિર્બળ અવસ્થા છે. આ નિર્બળતાના કારણે આત્મગુણ પ્રગટ થાય છે. જેમ જેમ ક્ષયોપશમ વધે તેમ તેમ આત્મગુણ વધે છે. વિશદ થાય છે. મોહનીયકર્મનો ક્ષયોપશમ એ વિશેષ સાનુબંધ આત્મગુણ છે.

**ક્ષયોપશમ થી આવા આવા લાભો થાય છે.**

(૧) તે તે કર્મના ઉદયમાં તીવ્રતા ઘટે છે. મંદતા થાય છે. (૨) જ્ઞાન, દાનાદિ લબ્ધિઓ પુષ્ટ થાય છે. (૩) જ્ઞાન-દર્શન વીર્ય વગેરે શક્તિઓ વ્યવહારમાં અને આત્મસાધનામાં ઉપયોગી બને છે. (૪) જ્ઞાનાદિનો સદુપયોગ થાય છે જે મોહનીયના ક્ષયોપ. ને જન્માવે છે, વધારે છે. (૫) ઘણી પાપપ્રકૃતિઓનો બંધવિચ્છેદ થાય છે. (૬) પાપપ્રવૃત્તિ પણ સાહજિક અટકે છે. (૭) અમુક પ્રકારનાં ક્ષયોપ.થી દુર્ગતિ પણ અટકે છે (૮) વિશેષ તીવ્ર કષાય-આવેશ વગેરે થતા નથી. થાય તો લાંબુ ટકતા નથી. (૯) સત્પુરુષાર્થમાં પ્રેરણા-ઉત્સાહ વધે છે. ભણતાં આવડે-ચઢે એટલે વિશેષઉત્સાહ થાય જે વિશેષક્ષયોપ.નુ કારણ બને. આ રીતે તપ-દાનાદિ અનેક સત્કાર્યોમાં થાય (૧૦) ક્ષયોપ.માંથી ઔપશમિક કે ક્ષાયિક ભાવોની પણ પ્રાપ્તિ (૧૧) વિશિષ્ટપુણ્યની પ્રાપ્તિ (૧૨) અમુક હીન ઔદયિકભાવોનો ઉદય અટકે. જેમકે સમકીતીને એકેન્દ્રિયજાતિવગેરેના ઉદય ન થાય (૧૩) પાપપ્રકૃતિના તીવ્રરસોદયનો અભાવ (૧૪) મોહનીયના ક્ષયોપ.થી કર્મસ્થિતિનો હ્રાસ, અશુભ રસનો હ્રાસ (૧૫) સજ્જન બળવાન્ માણસના સાન્નિધ્યમાં જેમ ભૌતિક લાભ મળે છે, આપત્તિઓ દૂર થાય છે, તેમ મોહનીયના ક્ષયોપશમથી સર્વ આધ્યાત્મિક શક્તિઓ મળે છે, યથોચિત ભૌતિકશક્તિઓ પણ મળે છે. આપત્તિઓ-અશુભતમ પરિણામો ઘટે છે દૂર થાય છે યાવત્ સંપૂર્ણ નાશ થાય છે. (૧૬) મોહનીયનો ક્ષયોપ. હોય તો જ્ઞાના.વગેરેનો અમુક વિશિષ્ટ ક્ષયોપ. થઇ શકે છે. જેમકે ૧૪ પૂર્વવગેરેનો ક્ષયોપ. સમકીતીને જ થાય છે. એમ જ્ઞાના.વગેરેનો અમુક ક્ષયોપ. હોય

તો જ મોહનીયનો અમુક ક્ષયોપ. થાય છે. (૧૭) અમુક ક્ષયોપશમો પરસ્પર અનિયંત્રિત છે. બધા ક્ષયોપ. સજ્જન જેવા છે. પણ કેટલાક ક્ષયોપ. મોહનીયનો ઉદય ભળવાથી દોષરૂપ બને છે, જેમકે વિષમિશ્રિત દૂધપાક. એમાં શક્તિનો દોષ નથી, પણ મોહનીયના ઉદયનો દોષ જાણવો. (૧૮) મોક્ષમાર્ગનો વ્યવહારથી આધાર આચારો છે અને ભાવથી આધાર ક્ષયોપ. છે. માટે ક્ષયોપ. એ મોક્ષમાર્ગ છે. (૧૯) ચરમાવર્ત્તમાં ક્રિયાવાદિતા, આસ્તિક દર્શન, શુકલપાક્ષિકપણું, યોગની પ્રથમ ૪ દ્રષ્ટિ, આ બધું મોહનીયની મંદતાથી પ્રાપ્ત થાય છે. તેથી આ પણ ક્ષયોપ. નું કાર્ય છે. (૨૦) ક્ષયોપ. ભાવ એ ક્ષાયિકભાવ મોક્ષનું મૂળ છે. જ્યારે ઔદ.ભાવ સંસારનું મૂળ છે. (૨૧) જેમ જેમ મોહનીયનો ક્ષયોપ. વધે તેમ ધર્મ વધ્યો ગણાય (૨૨) મોહનીયના ક્ષયોપ. વગર કોઈ ગુણ સાનુબંધ હોતા-થતાં નથી. (૨૩) શુભ ઔદયિકભાવો અને ક્ષાયોપ.ભાવો ક્ષયોપ. થી સાનુબંધ થાય છે. (૨૪) અશુભ ઔદયિકભાવોના અશુભ અનુબંધોને નિર્મૂળ કરવાનું કાર્ય પણ મોહનીયના ક્ષયોપ.થી થાય છે. (૨૫) ઔદ.ભાવો જીવપાસે ભૂલ કરાવે છે જેને સુધારવાનું કાર્ય ક્ષાયોપ.ભાવ કરે છે (૨૬) અશુભ ઔદ. ભાવોને તથા વિષય-કષાયના ઉદયોને રોકવાનું તેમજ શુભઅધ્યવસાયો-શુભઆચારોને પ્રવર્ત્તાવવાનું કાર્ય ક્ષયોપ. કરે છે. માટે અશુભની રુકાવટ અને શુભનું પ્રવર્ત્તન એ ક્ષયોપ. ને જણાવનાર જ્ઞાપક લિંગ બની શકે છે.



# દ્વાર-૬ યતના (જયણા)

**જયણા એટલે શું ?**

ગુણની-આરાધનાની પ્રવૃત્તિ કરતી વખતે, એમાં દોષો ન આવી જાય-આરાધના ગૌણ ન થઈ જાય એવી શક્ય કાળજી એ યતના છે.

એમ ગુણનો પક્ષપાત-ઈચ્છા રુચિ હોવા છતાં બાહ્ય સંયોગ-સામગ્રી ન હોવાના કારણે બાહ્ય આરાધના પ્રવૃત્તિ ન થાય અને દોષની પ્રવૃત્તિ થાય ત્યારે દોષપ્રવૃત્તિને ઘટાડવાનો-રોકવાનો પ્રયાસ એ યતના છે આ પણ ગુણનું કારણ બને છે.

આમાં, (૧) દોષની પ્રશંસા નથી હોતી કિન્તુ નિંદા-ગર્હા હોય છે.

(૨) દોષને છૂટો દોર આપવામાં આવતો નથી, કિન્તુ શક્ય એટલી વધુમાં વધુ બ્રેક મારવામાં આવતી હોય છે.

(૩) આ દોષમાંથી છૂટવાની તમન્ના હોય છે.

(૪) ભૂતકાળમાં પોતે જે દોષ સેવેલા હોય, તે ઉપાદેય નથી લાગતા પણ હેય લાગે છે.

(૫) ભવિષ્યમાં દોષો સેવવા ન પડે એવી ઝંખના હોય છે.

(૬) અન્યના દોષોમાં આનંદ નથી, કિન્તુ કરુણા-ઉપેક્ષા છે.

(૭) બીજાઓ પણ દોષોમાંથી ક્યારે છૂટે ? કેમ છૂટે ? એવી ભાવના છે.

આ સાતેય વાતો પરસ્પર સંકળાયેલી છે. એક આવે એટલે બીજી આવે, બીજી આવે એટલે ત્રીજી આવે. એમ બધી આવે છે.

ક્ષયોપશમભાવ હોવા છતાં, બાહ્યસંયોગ-સામગ્રીના અભાવે અનુકૂળ આચાર ન હોવાની સાથે વિપરીત દોષરૂપ પ્રવૃત્તિ હોવા છતાં, આવી જયણાના પ્રભાવે દોષો ઘટતા જાય છે અને તેથી એ ક્ષયોપશમનું અને તેની વૃદ્ધિનું કારણ બને છે. માટે અવિરતિ હોવા છતાં, આ સાત કાળજીદ્વારા સર્વવિરતિને ખેંચીને લાવે છે.

જ્ઞાન, શ્રદ્ધા, આચારપાલન, મૂળગુણ, ઉત્તરગુણ, વ્રત,

પચ્ચક્ખાણ, જીવદયા, પૂજવું, પ્રમાર્જવું, સમિતિ, ગુપ્તિ, વગેરે દરેક ગુણ-સત્પ્રવૃત્તિ અંગે આ સાત વાતો જાણવી.

વિપરીત-દોષાચરણવખતે વિવક્ષિતગુણપ્રાપ્તિને ઉદ્દેશીને આ સાત પ્રવર્તે તો તે યતના છે. આ સાત ન પ્રવર્ત્તે તો તે યતના નથી.

આ સાત બાબતોથી વિપરીત એક યા અનેક બાબતો પ્રવર્ત્તતી હોય તો યતના નથી, કિન્તુ અયતના, અતિચાર, અનાચાર કે નાશ જાણવો.

દોષમાં પ્રવૃત્ત થનારો પણ, ઉપરોક્ત સાતથી ક્ષયોપશમ પામે છે. તેથી આ સાતયુક્ત દોષ, આ સાતના કારણે સાનુબંધ ગુણનું કારણ બને છે. માટે ક્ષયોપશમશૂન્ય વ્યક્તિએ ક્ષયોપશમ પામેલા ગુણવાનને આગળ કરવા જોઈએ, તેના હાથ નીચે રહેવું જોઈએ, વિપરીતપ્રવૃત્તિ પણ તેને કહીને કરવી જોઈએ, (કદાચ પહેલાં ન કહ્યું હોય તો) કર્યા પછી પણ કહેવું જોઈએ. વારંવાર પૂછવું જોઈએ. આમ કરવામાં ગુણવાન્‌ની મુખ્યતા ને પોતાની ગૌણતા થાય છે. આ જયણા છે.

જે દોષપ્રવૃત્તિ કર્યા પહેલાં, કરતીવખતે કે કર્યા બાદ ગુણવાન્‌ને મુખ્ય કરવાનું છે નહીં, અને દિલમાં તથા બાહ્યરીતે જાતની જ મુખ્યતા છે (મને જે પ્રમાણે લાગશે એ પ્રમાણે હું તો કરીશ... હું કોઈને પૂછવાનો નથી.. ઈત્યાદિ રીતે પોતાની મુખ્યતા છે) તે દોષાચરણ જયણાવાળું નથી.

★ દરદી રાજા પણ વૈદ્યને મુખ્ય કરે છે.

★ વિદ્યાર્થી રાજપુત્ર પણ વિદ્યાગુરુને આગળ કરે છે.

★ ક્લાયંટ વકીલની સલાહને પ્રમાણ કરે છે.

એમ જો જયણા હોય તો એ, દોષને અને દોષવાન્ વ્યક્તિને (પોતાને) ગૌણ કરીને ગુણવાન્‌ને તથા એના ગુણ-આચરણને મુખ્ય કરે જ.

### યતનાથી વિપરીત અયતના...

ક્ષયોપશમ હોય, તદનુકૂળ આચરણ હોય, ત્યારે પણ જો યતના ન હોય, ઉપરથી વિપરીતબાબતો હોય તો ક્ષયોપશમ મંદ થતો જાય છે. યાવત્ ચાલી પણ જાય છે. આ વિપરીતબાબતો અયતના છે. તેના પ્રકારો....

(૧) અન્ય ગુણવાન્‌ની પ્રશંસા ન હોય, નિંદા-ગર્હા હોય...
(૨) ગુણની નિંદા-ગર્હા હોય.
(૩) ગુણ અને ગુણના આચારોપર અહોભાવ ન હોય.
(૪) ગુણપ્રવૃત્તિમાં ચુસ્તતા-પક્કડ ન હોય,
(૫) અન્યને ગુણપ્રવૃત્તિમાં શક્ય સહાય ન હોય.
(૬) ગુણના વિપરીત દોષ-દોષના આચારો ઉપર અરુચિ-તિરસ્કાર ન હોય. અથવા ધન, કુટુમ્બી વગેરે કારણોએ વિપરીત આચારો ઉપર દિલનો આદર હોય.
(૭) દોષપાત્ર વ્યક્તિ પર કરુણા ન હોય.
(૮) ગુણવાન્‌ના સંગમાં ન રહે... (પોતે ગમે તેટલા ગુણવાન્ હોય તો પણ ગુણવાનોના સંગમાં રહેવું જોઈએ.)

આ અને આવા કારણોથી ગુણનાશ પામે છે. આવું ન થાય એની કાળજી લેવી એ જયણા છે.

★ જયણાના પાલનથી ગુણહીન જીવો ગુણ પામે છે.
★ ગુણભ્રષ્ટ જીવો પુનઃ ગુણ પામે છે.
★ ગુણવાન જીવો ગુણને સ્થિર-અપ્રતિપાતી કરે છે. ★ અજયણાથી ગુણવાન્ જીવનો ક્ષયોપશમ આવરાય છે. (ગુણ મોળા પડે છે)
★ ગુણભ્રષ્ટ જીવને કાલાંતરે પણ ગુણપ્રાપ્તિ દુર્લભ થાય છે.
★ ગુણહીન જીવને કાલાંતરે પણ ગુણપ્રાપ્તિ દુર્લભ બને છે.

ગુણપ્રાપ્તિમાટેના આચારોઅંગેની કાળજી એ પણ યતના છે.

દરેક ગુણોના આચારો બે પ્રકારે હોય છે. સામાન્યઆચારો અને વિશેષઆચારો. આ બન્ને પ્રકારના આચારોમાં ચોકસાઈ અને યતના છે. એ આચારોમાં ઢીલાશ-ગૌણતા-ઉપેક્ષા-બેદરકારી -અવજ્ઞા-અરુચિવગેરે આવી ન જાય એ માટેની કાળજી-એમાટે જાતપ્રત્યેની કઠોરતાવગેરે પણ યતના છે.

વિષમપરિસ્થિતિમાં પણ (૧) આચારો ન છોડવા (૨) અશક્યપરિહારવાળી પરિસ્થિતિમાં જે જે આચારોમાં દોષ લગાડવો પડે એ અતિક્રમવગેરેના ક્રમે લગાડવો (એટલે કે અતિક્રમની કક્ષાના દોષસેવનથી કામ પતી જતું હોય, તો વ્યતિક્રમકક્ષાનો દોષ ન સેવવો, વ્યતિક્રમદોષથી કાર્ય સરી જતું હોય, તો અતિચાર ન લાગવા દેવો. ઈત્યાદિ) (૩) કદાચ તેવી પરિસ્થિતિના કારણે અનાચાર સુધી જવું પડે, તો પણ આવશ્યકતાથી અધિક છૂટ ન લેવાઈ

જાય એની કાળજી રાખવી (૪) જેટલી છૂટ લીધી હોય તે પણ શક્ય એટલી વહેલી બંધ કરી દેવી (૫) જ્યાં સુધી એ બંધ કરી ન શકાય અને છૂટ લેવાનું ચાલુ હોય ત્યાં સુધી એમાં આનંદ ન પામતા ખેદ-પશ્ચાત્તાપ રાખવો (૬) પરિસ્થિતિ થાળે પડ્યા બાદ (છૂટની આવશ્યકતા પૂરી થાય એટલે તૂર્ત) છૂટને તિલાંજલિ આપી પુનઃ આચારમાર્ગે આવી જવું (૭) ત્યાં સુધી જે છૂટ લીધી તે અપવાદરૂપ હોવા છતાં એની પણ આલોચના પ્રતિક્રમણ-પ્રાયશ્ચિત કરવું.

આપવાદિક આચરણાઓમાં આવી બધી કાળજી એ જયણા છે. જેમ ઉપાયથી ક્ષયોપશમ જન્મે છે, વધે છે; તેમ આવી જયણાથી પણ ક્ષયોપશમ જન્મે છે, વધે છે અને ક્ષાયિક ગુણ સુધી પહોંચાય છે.



# દ્વાર-૭ અપાય અતિચાર

ક્ષયોપશમને હાનિ પહોંચાડનારા કારણોનો આમાં વિચાર છે. ક્ષયોપ.ની ઉત્પત્તિ અને વૃદ્ધિના જે જે કારણો બતાવ્યા છે, તેનાથી વિપરીત કારણો ક્ષયોપ. ને આવરનારા છે, માટે અપાયભૂત છે.

(૧) જેમકે ઈન્દ્રિયોની જાળવણી-પટુતા કરનાર આહાર-વિહારાદિ ઈન્દ્રિયોની જાળવણીદ્વારા ક્ષયોપ.ની સ્થિતિ-વૃદ્ધિમાં કારણ બને છે, તેવી રીતે ઈન્દ્રિયોની શક્તિ હણાય, મગજ-જ્ઞાનતંતુઓની શક્તિ હણાય એવી આહારવગેરે ક્ષયોપ.ને આવરનારા બને છે. જે આચાર કે વિચાર આયુષ્યને ઉપક્રમ લગાડે છે, એ અંશત: હોય તો ઈન્દ્રિય-મનની શક્તિને ઉપહત કરનાર બની શકે છે માટે અપાયભૂત છે (૨) તે તે ક્ષયોપ.ની બાબતમાં જે વાતાવરણ હીન-નિર્બળ હોય તે ક્ષયોપ.ને આવરે છે અને જે વાતાવરણ સબળ-ઊંચુ-સારું હોય તે ક્ષયોપ.ને વધારે છે.

જેમકે વિચારકોની-બુદ્ધિશાળીઓની વચમાં રહેનારની વિચારશક્તિ-બુદ્ધિ વધે છે. બુદ્ધિમંદોની વચમાં રહેનાર બુદ્ધિશાળીની બુદ્ધિ પણ ધીમે ધીમે કુંઠિત થવા માંડે છે. આ જ રીતે, ઉદાર વાતાવરણ ઉદારતામાં કારણ બને છે. એમ કંજુસોનું વાતાવરણ કંજુસાઈમાં, વિવેકી વાતા. વિવેકમાં, અવિવેકી વાતા. અવિવેકમાં, શાંત વાતા. શાંતતામાં, અશાંતવાતા. અશાંતતામાં કારણ બને છે.

આજુ-બાજુ બધા તપસ્વીઓ હોય, તો તપશ્ચર્યા સાહજિક બને છે એ અનુભવસિદ્ધ છે. એ રીતે સંયમ-જયણા-અધ્યયન - ત્યાગ-વિનય વગેરેથી સંપન્ન વાતા. સંયમાદિનું વર્ધક બને છે, અને એનાથી વિપરીત અસંયમાદિકથી પ્રચુર વાતા. સંયમાદિમાં શિથિલતા લાવનાર બને છે. તેથી ગુણવાનોના સાન્નિધ્યમાં -ગુણમયવાતાવરણમાં રહેવું જોઈએ. ***સાધુઓના સાન્નિધ્યમાં સાધુતા વધે છે અને ગૃહસ્થોના વિશેષ સંપર્કથી સાધુતા ઘટે છે.***

***મુખ્યવડીલની ઈચ્છા-પ્રરૂપણા-પ્રવૃત્તિ એ વાતાવરણરૂપ બને છે.*** અથવા મોટાભાગના સહવર્ત્તીઓની પ્રવૃત્તિવગેરે વાતાવરણરૂપ બને છે એ જાણવું (૩) સામાન્યથી ગુણો અને દોષો પાંચ પ્રકારના હોય છે.

સહજસિદ્ધ, સ્મૃતિસાધ્ય, અલ્પપ્રયત્નસાધ્ય, વિશેષપ્રયત્ન સાધ્ય અને અસાધ્ય.

(અ) **સહજસિદ્ધ,** અસંગઅનુષ્ઠાનની જેમ પ્રબળ સંસ્કારયુક્ત ગુણ કે દોષ સાહજિકરીતે પ્રવર્ત્યા કરે છે, એટલે કે સહજ બનેલ ગુણ પ્રબળ ક્ષયોપ.ભાવનો સૂચક છે. જ્યારે દોષ તે તે ક્ષયોપ.ના અભાવ સહકૃત પ્રબળઔદયિકભાવનો સૂચક છે. આવા દોષને અટકાવવો હોય તો એ સાહજિક પ્રવૃત્તિને ઉપયોગપૂર્વક પ્રયત્નથી અટકાવવી પડે છે.

તે તે ગુણ યા દોષની વારંવાર થતી દૃઢપ્રવૃત્તિ પ્રબળસંસ્કારને ઊભા કરે છે, માટે ગુણમાં વારંવાર પ્રવૃત્ત થવું અને દોષથી બને એટલું અટકતાં રહેવું.

**(બ) સ્મૃતિસાધ્ય:** કેટલાક ગુણો-સદાચારો એવા હોય છે કે તેને કેળવવા કઠિન નથી હોતા. માત્ર ઈચ્છા-આદરપૂર્વકની સ્મૃતિ જોઈએ.

જે જે ગુણના આવારકકર્મોની લઘુતા એટલી થયેલી હોય કે જેથી ઈચ્છા-આદર અને સ્મૃતિમાત્રથી એનો ક્ષયોપ. થઈ જાય, તે તે ગુણો આ પ્રકારમાં આવે છે. 'મારે આ રીતે વર્તવાનું છે' એવું સ્મરણમાંથી નીકળી જવામાત્રના કારણે જેની પ્રવૃત્તિ થતી નથી [કારણ કે સાહજિક બની નથી], પણ એ સ્મરણમાં આવી જવામાત્રથી એ મુજબની પ્રવૃત્તિ વિના કોઈ બીજા કષ્ટપ્રદ પ્રયાસે થઈ જાય છે, તો એ આચાર આ કક્ષામાં આવે છે. વારંવાર સ્મૃતિ જાળવીને આમાં વારંવાર પ્રવૃત્ત થવાથી તે ક્ષયોપ. સાનુબંધ-સ્થિર થતો જાય છે. આ જ રીતે નિર્બળ બનેલા કેટલાક દોષોનો નિગ્રહ પણ ઈચ્છા-આદરપૂર્વકની સ્મૃતિથી થાય છે. પ્રબળ ઔદયિકભાવથી કંઈક મંદઔદયિકભાવવાળા દોષો આ કક્ષામાં આવે છે. ઔદયિકભાવ પ્રબળ ન હોવાથી એ સાહજિક નથી; પણ ઈચ્છા-આદરના કારણે સ્મૃતિ થવામાત્રથી જીવ એમાં પ્રવર્ત્તવા માંડે છે. આ રીતે વારંવાર પ્રવર્ત્તવાથી એ ઔદ.ભાવ પ્રબળ બનવાના કારણે દોષ સહજસિદ્ધ બની જાય છે. અને જીવ ક્ષયોપ.થી દૂર ફેંકાઈ જાય છે. સત્પ્રવૃત્તિ અને સદ્ આલંબનોમાં રોકાયેલા રહી એની સ્મૃતિને વારવાથી પ્રવૃત્તિથી અટકવાદ્વારા ક્ષયોપ.ની નજીક આવી શકાય છે. એમ સ્મૃતિસાધ્યગુણોમાં પ્રમાદ-ઉપેક્ષા-સંયોગોવગેરે કારણે પ્રવૃત્તિ અટકી જાય તો પછી એ ગુણ પ્રયત્નસાધ્ય બની જાય છે. જેમ કે તપસ્વીને પોરસી સ્મૃતિસાધ્ય

હોય છે, તપ છૂટ્યાં પછી પ્રયત્નસાધ્ય બને છે.

**(ક) અલ્પપ્રયાસસાધ્ય**: ગુણોના આવારક કર્મો એટલા બધા નબળા પડ્યા નથી હોતા કે જેથી ગુણની સ્મૃતિ થવામાત્રથી એ ગુણનું આચરણ થઈ શકે. આવા ગુણોની ઈચ્છા-આદર હોવા છતાં યા તો એ ઈચ્છાવગેરે એટલા તીવ્ર નથી હોતા અથવા તો એટલો વીર્યોલ્લાસ નથી હોતો. આવા ગુણો આ કક્ષામાં આવે છે. આના આવારકકર્મોનો ક્ષયોપ. કરવા માટે ઈચ્છા-સ્મૃતિ ઉપરાંત જેમાં કંઈક સહન કરવું પડે એવા અલ્પકષ્ટપ્રદ પ્રયત્નની પણ આવશ્યકતા હોય છે. તેથી કંઈક પ્રબળ ઈચ્છા ઊભી કરીને-કષ્ટ ઊઠાવીને પણ જો આમાં વારંવાર પ્રવૃત્તિશીલ બનાય તો ધીમે ધીમે તે આવારક કર્મોનો ક્ષયોપશમ થવાથી પછી એની પ્રવૃત્તિમાં કષ્ટ રહેતું નથી અને એ ગુણ સ્મૃતિસાધ્ય ગુણોની કક્ષાનો થાય છે.

એમ જે દોષનિગ્રહ આ કક્ષામાં આવ્યો હોય તેનામાટે પણ એ પ્રમાણે જાણવું. એ માટે ઔદ.ભાવોને કંઈક મન મારીને-કંઈક સહન કરીને પણ રોકવા. તો ક્ષયોપ. થાય છે આજ રીતે આ કક્ષાના દોષો અંગે જાણવું. દોષોત્પદક ઔદ.ભાવ નબળો પડ્યો હોવાથી-ક્ષયોપશંમ થયો હોવાથી જીવને દોષમાં પ્રવર્ત્તવાની રુચિ હોતી નથી. દોષ ગમતો હોતો નથી. તેમ છતાં પ્રમાદ, ઉપેક્ષા, બીજાની પ્રેરણા, આગ્રહ, તેવા સંયોગો વગેરેના કારણે જીવ, એ દોષની ઊભી થયેલી સૂગની ઉપરવટ જવા, કંઈક મન મારીને પાપમાં પ્રવૃત્ત થાય છે. આ રીતે વારંવાર પ્રવૃત્ત થવાથી ક્ષયોપ. મોળો પડે છે. ઉદય પ્રબળ થાય છે અને દોષ ત્રીજાનંબરમાંથી બીજા નંબરમાં સ્મૃતિસાધ્યકક્ષામાં ચાલ્યો જાય છે.

ક્ષયોપ.ના ગુણો અને દોષનિગ્રહમાં.. જો એ બે ત્રીજાનંબરના હોય અને એમાં પ્રયત્ન કરાય તો એ બીજા નંબરના બને છે, બીજા નંબરમાં પ્રયત્નશીલ રહેવાય તો એ પ્રથમ નંબરના બને છે, અને ત્યારબાદ પણ સતત પ્રવર્ત્તતા રહેવામાં આવે તો ક્ષાયિકભાવ પ્રાપ્ત થાય છે.

આનાથી ઊલટું પ્રથમનંબરના બનેલ ગુણ અને દોષનિગ્રહમાં પણ તીવ્ર ઉપેક્ષા-પ્રમાદના કારણે ક્યારેક ક્યારેક શિથિલતા સેવાય તો એ બીજા નંબરના બને છે, વળી પ્રમાદ સેવાયા કરે તો એ ત્રીજા નંબરનાં બને છે. એ પછી પણ થોડું ઘણું સહન કરીને-મન

મારીને જો પ્રયત્ન ન કરાય તો એ ઉત્તરોત્તર ચોથા અને યાવત્ પાંચમાં પ્રકારના બની જાય છે.

આજ વાત ઔદ.ભાવના દોષોઅંગે જાણવી. એટલે કે ત્રીજી કક્ષામાં વારંવાર પ્રવર્ત્તવાથી બીજી કક્ષામાં, પછી પ્રથમ કક્ષામાં એ દોષ આવી જાય છે... પ્રવૃત્તિને રોકવાથી પ્રથમમાંથી બીજી કક્ષામાં, બીજીમાંથી ત્રીજી કક્ષામાં વગેરે જાણવું.,

તેથી બીજા-ત્રીજા નંબરના ગુણ અને દોષનિગ્રહમાં પ્રવૃત્તિશીલ રહેવું એ ક્ષયોપ.નો મુખ્ય-સહેલો-સચોટ રાજમાર્ગ છે. બીજા-ત્રીજા નંબરના દોષોમાં પ્રવૃત્તિ કરવી એ ઔદ.ભાવનું કારણ છે. ક્ષયોપ. ને આવરનાર અપાય છે.

પ્રથમ (અ) બીજી (બ) અને ત્રીજી (ક) કક્ષાના ગુણોને સમજવા, ઉદાહરણ: જ્યારે પણ ગમનાગમન કરવાનું હોય, સાહજિક રીતે જ જેની નજર નીચી થઈ જાય છે, વારંવારનો અભ્યાસ અને ઈર્યાસમિતિમાટેની દિલમાં પ્રબળ શ્રદ્ધાનાં કારણે આજુબાજુ ગમે તેવા આકર્ષણો હોવા છતાં જેની નજર ઊંચી નથી થતી... એને ઈર્યાસમિતિના પાલનનો સદાચાર પ્રથમ કક્ષામાં છે.

જેને વાતોચીતોની કે આજુબાજુ નજર નાંખવાની એવી કોઈ વિશેષ ઉત્સુકતા નથી, પણ તેમ છતાં અભ્યાસ તેવા દઢ ન હોવાના કારણે ગમનાગમનાવસરે નજર સહજરીતે નીચી થઈ જતી નથી, પણ એ અવસરે યાદ કરી લે કે 'મારે નીચે જોઈને ચાલવાનું છે' તો સહેજે નીચે જોઈને ચાલે છે... આવા જીવને ઈર્યાસમિતિના પાલનનો સદાચાર બીજી કક્ષામાં છે.

જેને દઢ અભ્યાસ ન હોવાથી સાહજિક નીચે જોઈને ચાલવાનું થતું નથી, દિલમાં ઈર્યામિતિના પાલનનો એટલો તીવ્ર આગ્રહ પેદા થયો નથી, તેમજ વાતોચીતોનો કે આજુબાજુ ડાફોળિયાં મારવાનો કંઈક રસ છે તેવા જીવને ગમનાવસરે ઈર્યાસમિતિપાલનની યાદ દેવા છતાં એટલામાત્રથી એ નીચે જોઈને ચાલી શકતો નથી, કિન્તુ એ રસને દાબવામાટે મનને કંઈક મારવું પડે છે. એમાં એને કંઈક કષ્ટ અનુભવવું પડે છે. આવા જીવને આ સદાચાર ત્રીજી કક્ષામાં છે.

આ ત્રીજા કક્ષાના સદાચારવાળો જીવ, પોતાના વાતચીતવગેરેના આકર્ષણને રોકીને વારંવારે ઈર્યાસમિતિનું પાલન કર્યા કરે તો પછી

એને એ આકર્ષણને રોકવામાં પહેલા જેવું કંઈક કષ્ટ અનુભવાતું નથી-મનને મારવાનું રહેતું નથી, માત્ર યાદ કરવું જ આવશ્યક રહે છે. માટે હવે એ સદાચાર બીજીકક્ષાનો બને છે. એમ વારંવાર યાદ કરવાદ્વારા એ પ્રવૃત્તિ થયા કરવાથી પછી એટલી સાહજિક બની જાય છે કે, જેથી યાદ કરવાની પણ આવશ્યકતા રહેતી નથી. તેથી એ સદાચાર પ્રથમ કક્ષાનો બની ગયો કહેવાય.

આનાથી વિપરીત ત્રીજીકક્ષાના સદાચારવાળો જીવ વાતો વગેરેના આકર્ષણને જ વશ થયા કરે અને ઈર્યાસમિતિનું પાલન ન કરે, તો ધીમે ધીમે એ આકર્ષણ એટલું તીવ્ર બની જાય છે કે, જેથી ગમનના દરેક અવસરે તો નહીં, પણ ક્યારેક વિશિષ્ટ પ્રેરણાવગેરે મળવાથી એકાદવાર એ પાલનની કંઈક ઈચ્છા જાગે તો પણ એ આકર્ષણને ઘટાડી ઈર્યાસમિતિનું પાલન કરવું ઘણું જ કઠિન બની ગયું હોય છે, એટલે આ સદાચાર એનામાટે ચોથી (ડ) કક્ષામાં આવી ગયો. પછી પણ એ આકર્ષણને જ વશ થવાનું ચાલુ રહે, મનને બહુ મારીને ક્યારેક ક્યારેક પણ ઈર્યાસંમિતિનું પાલન કરવામાં ન આવે તો કર્મસત્તા એવી પરિસ્થિતિમાં મૂકી દે કે જેથી ચક્ષુહીનતા થઈ હોવાથી એ પાલન કરવું અશક્ય બની ગયું હોય. એટલે આ સદાચાર પાંચમી કક્ષાનો બની ગયો.

***(ડ) વિશિષ્ટપ્રયત્નસાધ્ય :*** જે ગુણોમાં સામાન્ય કષ્ટદાયક પ્રયત્નથી પ્રવર્ત્તી શકાતું નથી અને તેથી વારંવાર પ્રવૃત્તિ થતી નથી. ક્યારેક એવા અવસરવિશેષમાં એ પ્રવૃત્તિ કરવી હોય તો પણ એ ઘણી જ કષ્ટપ્રદ હોય, મનને ઘણું જ મારવું પડતું હોય, તનને ઘણું કષ્ટ ઊઠાવવું પડતું હોય, તો આવા ગુણો આ કક્ષામાં આવે છે. અવસરે અવસરે મનને મારીને પણ આવા ગુણોમાં પ્રવર્ત્ત્યા કરવામાં આવે તો એની ઈચ્છા અખંડિત થાય છે, અખંડિત રહે છે; પ્રબલ બનતી જાય છે, જે ક્ષયોપ.ને વધારે છે અને તેથી કાલાંતરે એ પ્રવૃત્તિ અલ્પપ્રયાસસાધ્ય બને છે. આ રીતે દોષનિગ્રહમાં પણ સમજવું. કષ્ટ ઊઠાવીને પણ દોષનિગ્રહ કરવામાં આવે તો કાલાંતરે એ દોષનિગ્રહ અલ્પપ્રયત્ન સાધ્ય બને છે.

**એમ :-** આ કક્ષાના બનેલા દોષોનું પોષણ-પ્રવર્ત્તન ઘણું મન મારીને-પરાણે કરવું પડે છે. પણ એમ મન ન માનતું હોવા સાથે, અવરનવર પ્રવૃત્તિ થયા કરે તો પછી એ દોષ અલ્પપ્રયાસસાધ્ય

બની જાય છે. ઔદ.ભાવ પ્રબલ બને છે. માટે એવી પ્રવૃત્તિ ક્ષયોપ. માટે અપાયભૂત છે.

(ઈ) જે ગુણ કે દોષનિગ્રહ યા તો તેવા શક્તિ-સંઘયણ વગેરેના અભાવ હોવાના કારણે કે એટલો વીર્યોલ્લાસ વગેરેના ન હોવાના કારણે જો એ પ્રવૃત્તિ જ ન થાય-અશક્ય બની ગઈ હોય તેવા ગુણોનો આ સંગ્રહમાં સમાવેશ જાણવો. કેવલજ્ઞાનવગેરે યદ્વા જિનકલ્પાદિ આવા ગુણોમાટે પણ હંમેશા તે તેની તીવ્ર ઈચ્છા કરવી એ એની પ્રાપ્તિનો ઉપાય છે. તેનાથી કાલાંતરે શક્તિ પ્રાપ્ત થાય છે. કથંચિત્પ્રવૃત્તિ પણ થાય છે, છેવટે ભવાંતરે સાધ્ય બને છે. આ જ રીતે અસાધ્ય દોષનિગ્રહ તીવ્ર ઈચ્છાથી સાધ્ય બને છે. ગુણની પાંચમાં પ્રકારની અવસ્થા-અસાધ્યતાઅવસ્થા આ રીતે મોળી પડી ચોથા પ્રકારની થાય છે... એમ ઉત્તરોત્તર યાવત્ એ ગુણ પ્રથમ પ્રકારનો બની છેવટે ક્ષાયિકભાવનો બને છે. આ રીતે દોષનિગ્રહ માટે પણ જાણવું.

જીવને જે દોષોની તીવ્ર અનિચ્છા હોવાથી અને તીવ્ર ક્ષયોપ. હોવાથી પ્રવૃત્તિ અશક્ય છે, તે દોષ ઔદયિકભાવરૂપે નથી. તેમ છતાં, એ તીવ્રઅનિચ્છા જો મોળી પડે તો તે ક્ષયોપ. મોળો પડે છે. અને તેથી, ક્યારેક ઈચ્છા થવાદ્વારા પ્રવૃત્તિ શક્ય બને છે. એટલે કે એ દોષ ૪થા પ્રકારનો બન્યો... એમ ઉત્તરોત્તર દોષ તીવ્ર બનતાં બનતાં છેવટે સંપૂર્ણતયા ઔદયિકભાવનો સહજસિદ્ધ થઈ જાય છે.

આમ ક્ષયોપશમના,

| ઉપાયો | અપાયો |
|---|---|
| (અ)સહજ સિદ્ધ પ્રયત્ન | વિપરીત ચીજની વાત વિચારણાદ્વારા કંઈક અલ્પ કક્ષાનું આકર્ષણ પેદા થવા દ્વારા ગુણની સહજસિદ્ધ પ્રવૃત્તિમાં ક્યારેક શિથિલતા. |
| (બ)સ્મૃતિસાધ્ય પ્રયત્ન | સ્મૃતિના અવસરે પણ ક્યારેક અન્યના આકર્ષણના કારણે વિસ્મૃતિદ્વારા પ્રવૃત્તિનો અભાવ. |

(ક) અલ્પકષ્ટ ઊઠાવીને પણ વારંવાર પ્રયત્ન.. — અલ્પ કષ્ટ ઊઠાવવામાં પ્રમાદ સેવી ને ક્યારેક ક્યારેક પ્રવૃત્તિનો અભાવ.

(ડ) તીવ્ર ઈચ્છા સાથે ક્યારેક પ્રયત્ન... — ક્યારેય પ્રયત્ન જ નહીં.

(ઈ) તીવ્ર ઈચ્છા.. — ઈચ્છા મોળી પડવી.

(૪) પંચાચારનું સૂક્ષ્મ જ્ઞાન, ઈચ્છા, આદર અને પ્રવૃત્તિ એ જેમ ઉપાય છે, તેમ તેનું અજ્ઞાન, અનિચ્છા, અનાદર, શક્ય સંયોગોમાં અપ્રવર્ત્તન એ અપાય છે, ક્ષયોપ.ને હાનિ પહોંચાડનારા છે.

***(૫) હાસ્યાદિ અપાય*** (મુનિને કાઉસ્સગ્ગમાં ઉત્પન્ન થયેલ અવધિજ્ઞાન હાસ્યથી ચાલ્યું ગયું એ પ્રસિદ્ધ છે. ઈન્દ્રની કર્માધીનતાપર કરુણા આવવાને બદલે હસવું આવ્યું માટે એ ચાલ્યું ગયું. આમાં ગર્ભિત રીતે પોતાના સંયમનું અભિમાન અને અન્યના અસંયમનો તિરસ્કાર છૂપાયેલો છે. જે અપ્રશસ્ત અધ્યવસાયરૂપ હોવાથી થયેલ ક્ષયોપ. આવરાઈ ગયો. માટે હીનગુણીપર કરુણાવાસિત અંતકરણને આવશ્યક કહ્યું છે.)

આનાથી જાણી શકાય છે કે અગુણીનો તિરસ્કાર, સ્વગુણનો ગર્વ, બીજાને ગુણમાં અંતરાય, અધિકગુણવાન્‌ની ઈર્ષ્યા વગેરે ક્ષયોપ.ના અપાય છે. જ્યારે નિર્ગુણપ્રત્યે કરુણા, અન્ય ગુણવાન્ પ્રત્યે પ્રમોદ, પ્રેમ, સ્વગુણની નમ્રતા વગેરે ક્ષયોપ.ના ઉપાય છે.

***(૬) શંકાવગેરે અપાયો :*** શિવરાજર્ષિને ૭ દ્વીપ-સમુદ્રનું વિભંગજ્ઞાન થયેલ. પણ ભગવાને અસં. દ્વીપ-સમુદ્રો કહેવાપર પોતાના વિભંગજ્ઞાનમાં એને શંકા થઈ અને તેથી એ નાશ પામ્યું, એમ ***શ્રી ભગવતીજીમાં*** બતાવ્યું છે આનાથી જણાય છે કે બીજાના ગુણો, વચનો, વ્યવહારો, સમૃદ્ધિ, પ્રભાવવગેરેથી પોતાના ગુણવગેરેમાં શંકા થવી એ અપાય છે એનાથી ક્ષયોપ.નો હ્રાસ થાય છે.

★ પૂર્વે ગુણતરીકે નિર્ણીત ગુણમાં ગુણ તરીકેની શંકા એ ક્ષયોપ.નો અપાય છે.

★ પૂર્વે ગુણતરીકે અનિર્ણીત ગુણમાં ગુણતરીકેની શંકા એ ક્ષયોપ.નું કારણ બની શકે.

★ પૂર્વે દોષતરીકે અનિર્ણીત ગુણમાં દોષતરીકેની શંકા એ ક્ષયોપ.નો

અપાય છે.

★ પૂર્વે દોષતરીકે નિર્ણીત ગુણમાં ગુણતરીકેને શંકા એ ક્ષયોપ.નું કારણ બની શકે.

★ ગુણમાં ગુણતરીકેનો નિર્ણય એ ક્ષયોપ.નું કારણ છે.

★ ગુણમાં દોષતરીકેનો નિર્ણય એ ક્ષયોપ.નો નાશક અપાય છે.

★ દોષમાં દોષ તરીકેનો નિર્ણય એ ક્ષયોપ.નો ઉપાય છે.

★ દોષમાં ગુણતરીકેનો નિર્ણય ક્ષયોપ.નો નાશક છે.

★ પૂર્વે દોષતરીકે નિર્ણીત દોષમાં દોષતરીકેની શંકા એ ક્ષયોપ.નો અપાય છે.

★ પૂર્વે દોષતરીકે અનિર્ણીત દોષમાં દોષતરીકેની શંકા એ ક્ષયોપ.નો ઉપાય છે.

★ પૂર્વે ગુણ તરીકે અનિર્ણીત દોષમાં ગુણતરીકેની શંકા એ ક્ષયોપ.નો અપાય છે.

★ પૂર્વે ગુણ તરીકે નિર્ણીત દોષમાં ગુણ તરીકેની શંકા એ ક્ષયોપ.નો ઉપાય બની શકે.

(૭) ગુણ, ગુણવાન, ગુણના આચાર, ગુણના સાધનો. આ બધા ઉપર આદર, બહુમાન, વિનય, પ્રશંસા, રુચિવગેરે, તેમજ સ્વપરપ્રવર્ત્તન, સ્વકીય-પરકીયભાવોની ઉપબૃંહણા, નિ:કાંક્ષતા, નિર્વિચિકિત્સા (જુગુપ્સારહિતપણું) અમૂઢ દષ્ટિ, ઉપાદેયત્વ (ગુણત્વદષ્ટિ), સ્થિરીકરણ (સ્વની સ્થિરતા અને પરની સ્થિરતા કરવી), પરને શંકાવગેરે ૪થી રહિત કરવા, વાત્સલ્ય, પ્રભાવના...આ બધું ક્ષયોપ. ના ઉપાયરૂપ છે. આનાથી વિપરીત અનાદરવગેરેથી ક્ષયોપ. આવરાય છે... તે ક્ષયોપ. ના અપાય છે.

આ જ રીતે ગુણના વિપરીત દોષ, દોષની પ્રવૃત્તિવગેરેનો આદર, પ્રશંસાવગેરે પણ ક્ષયોપ.ના અપાયભૂત છે. જ્યારે અનાદર, જુગુપ્સા, દોષયુક્ત જીવપ્રત્યે કરુણા, અસાધ્યની ઉપેક્ષાવગેરે ક્ષયોપ.ના કારણો છે.

(૮) જિનવચનનને અનુસરીને અનુકૂળદ્રવ્યાદિ ક્ષયોપ.ના ઉપાય છે, એ આગળ જોઈ ગયા. એટલે પ્રતિકૂળ દ્રવ્યાદિ અપાયભૂત છે એ સ્પષ્ટ છે.

નિર્બળ વસ્તુ ગુણ કે દોષ બળવાન્ કે તુલ્યબળવાળા દ્રવ્યાદિને અનુરૂપ પરિણમે છે માટે તે તે ગુણવિરુદ્ધ દ્રવ્યાદિ અપાય બને

છે. બળવાન્ વસ્તુ ગુણ કે દોષ વિરુદ્ધ દ્રવ્યાદિમાં પણ પોતાનું સ્વરૂપ છોડતાં નથી. તેમ છતાં, આ બળવાન્ ગુણ જો ક્ષાયિકભાવનો ન હોય કે દોષ ભવાભિનંદીરૂપ ન હોય તો ભાવુક હોવાથી તેને પણ વિરુદ્ધ દ્રવ્યાદિ અપાયરૂપે પરિણમી શકે છે. માટે વર્જનીય છે. જે અભાવુક ક્ષાયિકભાવવાળા ગુણોથી યુક્ત છે તેઓ સ્વાભાવિક રીતે જ અનાયતનોને સેવતા નથી. વિરુદ્ધ દ્રવ્યાદિને વર્જે છે.

આચારવંતને વિચારશુદ્ધિથી ક્ષયોપ. પ્રગટ થાય છે. ક્યારેક આચારરહિત જીવને પણ પરિણામધારાથી વિરુદ્ધ અધ્યવસાયથી ક્ષયોપ. પ્રગટ થાય છે. પણ આચારશૂન્ય જીવને વિચારશુદ્ધિ અંતર્મુ.થી વધારે ટકતી નથી. ગૃહસ્થને સંયમના પરિણામ જાગે તો પણ અંતર્મુ.થી વધુ ટકે નહીં, કારણ કે યોગ્ય આચાર નથી. આચારયુક્ત જીવને ક્યારેક અશુભઅધ્યવસાયથી ક્ષયોપ. નાશ પામે તો પણ જો એ આચારમાં યોગ્ય રીતે ટકી રહ્યો હોય તો અંતર્મુ.માં **પ્રસન્નચન્દ્ર *રાજર્ષિની*** જેમ ક્ષયોપ. પાછો પ્રાપ્ત થઈ શકે છે.

આમ યોગ્ય દ્રવ્યાદિ અને યોગ્ય આચાર એ ક્ષયોપ.ના ઉપાય છે, અને તે વિપરીત હોય તો એ ક્ષયોપ. ના અપાય છે.

(૯) ધર્મમાં વિઘ્ન કરનારા ૧૩ કાઠીયાઓનું **આવશ્યક નિર્યુક્તિ** આદિ શાસ્ત્રમાં વર્ણન આવે છે. ઉપલક્ષણથી દરેક ગુણ-શુભકાર્યમાં તે વિઘ્ન કરનારા છે. તેથી જે જે કાર્ય-ગુણ પ્રત્યે આ ૧૩માંના એક કે અનેક ઊભા થાય તે તે કાર્ય થઈ શકતું નથી, થયેલ હોય તો બગડે છે ડહોળાય જાય છે. આગળ વધતું નથી. તેથી આ ૧૩ કાઠીયા ક્ષયોપ.માટે અપાયરૂપ છે. આ તેર કાઠીયા આ મુજબ છે, આળસ, સ્વજનોપ્રત્યે મોહ, અવર્ણવાદ, દંભ, ક્રોધ, પ્રમાદ, કૃપણતા, ભય, શોક, અજ્ઞાન, વિકથા, કુતુહલ અને વિષય.



# દ્વાર-૯ ભંગ

આ દ્વારમાં પ્રથમ આચાર, અનુચાર અને અતિચાર આ ત્રણનો વિચાર કરીએ.

સામાન્યથી દરેક ગુણો આત્માના પરિણામસ્વરૂપ છે. આ પરિણામની ઉત્પત્તિ, સ્થિરતા, વિશદતા, વૃદ્ધિમાટે રાજમાર્ગરૂપ, જે પ્રવૃત્તિ હોય તે **આચાર** કહેવાય છે.

આચારની પૂર્વકાળે જે અભ્યાસરૂપ હોય, પૂર્વસેવારૂપ હોય.. તેમજ આચારકાળે પણ જે, આચારની સુરક્ષા જાળવણીમાટે વાડો-ઉત્તરગુણો હોય... આ બધું ***અનુચાર*** અથવા **ઉપચાર** કહેવાય છે.

આત્મપરિણામસ્વરૂપ ગુણને જે પ્રવૃત્તિઓ મુખ્યતયા દૂષિત કરે છે, મલિન કરે છે, મોળા પાડે છે, યાવત્ વિનષ્ટ કરી નાંખે છે; તે વિપરીત પ્રવૃત્તિઓ સામાન્યથી **અતિચાર** કહેવાય છે. એ જીવને આચારથી ભ્રષ્ટ કરે છે.

આ વિપરીત પ્રવૃત્તિઓ જુદી જુદી કક્ષાની હોય છે. કક્ષાવાર એના અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર આમ ચાર ભેદ છે.

ભિક્ષામાં લાગતા દોષની અપેક્ષાએ ચારની સમજણ આ રીતે અપાય છે....

***અતિક્રમ*** સાધુને ઉદ્દેશીને બનાવેલી ચીજને વહોરવામાટેનું ગૃહસ્થ આમન્ત્રણ આપે ત્યારે એનો ઈન્કાર ન કરતાં સ્વીકાર કરવો એ ***અતિક્રમ*** દોષ છે.

**વ્યતિક્રમ**-એ વહોરવા જવામાટેની તૈયારી કરવી એ **વ્યતિક્રમ** થયો.

**અતિચાર :** વહોરવું ને વહોરીને લાવવું... આ બધું **અતિચાર** છે.

**અનાચાર :** દોષિત અને નિષિદ્ધ જાણવા છતાં એ પિંડને આરોગવો

એ **અનાચાર** છે.

ભિક્ષાઅંગે કરેલા આવા વિભાજનપરથી હવે સામાન્યરીતે દરેક આચાર અંગે વ્યાપકરીતે વિચારીએ,

***અતિક્રમ :*** તે તે ગુણ કે આચારમાટે જે અનાયતન જેવી કહેવાય એવી પરિસ્થિતિને અશક્યપરિહાર સિવાય પણ ટાળવી નહીં, એવી પરિસ્થિતિ સામે આંખ લાલ કરવાના બદલે આંખમીંચામણાં કરવા અને ચલાવી લેવી... આ બધુ અતિક્રમકક્ષાના દોષસ્વરૂપ છે. વિવક્ષિત ગુણના વિપરીત દોષનું પ્રકટ આચરણ કરતી વ્યક્તિઓની વચમાં રહેવું, એમનીસાથે અન્યબાબતોનો વ્યવહાર કરવો તેમજ તે વ્યક્તિઓની તે તે દોષપ્રવૃત્તિ વારંવાર જોવી... આ બધું અતિક્રમરૂપ બને છે. દોષપાત્ર વ્યક્તિઓની સાથે રહેવામાં કે સાથે વ્યવહાર રાખવામાં, 'રખે ને મને એ દોષનો ચેપ લાગી જાય...' એવી સાવધતા ચૂકી જવાય છે, તેમ જ દોષપ્રવૃત્તિના વારંવાર દર્શનથી એ દોષપ્રત્યેની દિલમાં રહેલી સૂગ-જુગુપ્સા ધીરે ધીરે વિદાય થવા માંડે છે. માટે આવી પરિસ્થિતિ ગુણની જાળવણી માટે વિપરીત હોવાથી અનાયતનસ્વરૂપ છે. અને તેમ છતાં એવી પ્રવૃત્તિ ચલાવી લેવી એ અતિક્રમદોષરૂપ બને છે. આચારભંગની-અનાચારની વિચારણા પણ અતિક્રમ છે.

**વ્યતિક્રમ :** દોષપ્રત્યે દિલમાં રહેલી જુગુપ્સા, દોષપ્રવૃત્તિની ઇચ્છા-રુચિને પેદા થવા દેતી નથી... જ્યારે એ જુગુપ્સા વિદાય થઈ જાય છે એટલે ઇચ્છા દિલમાં સ્થાન જમાવવા માંડે છે. તે તે ગુણની બાધક-હાનિકારક પ્રવૃત્તિઓની પૂર્વભૂમિકા રચાવા માંડે છે. આ વ્યતિક્રમકક્ષાનો દોષ બને છે.

**અતિચાર :** ગુણની બાધકપ્રવૃત્તિઓની ઇચ્છા પેદા થવા છતાં એને શાંત ન કરતા દિલમાં વહેતી રાખવામાં આવે છે ત્યારે ધીરે ધીરે એ પ્રવૃત્તિમાં પરિણમવા માંડે છે. જેથી બાધકપ્રવૃત્તિઓનો પ્રારંભ થાય છે અને સાધકપ્રવૃત્તિઓમાં મંદતા... બેદરકારી... કચાશ... ખોડ-ખાંપણ આવવા માંડે છે. આ અતિચારકક્ષાનો દોષ બને છે.

**અનાચાર :** આભોગપૂર્વક સ્પષ્ટરીતે ગુણનાશક પ્રવૃત્તિઓ કરવી-બીજાઓ ભૂલ બતાવે તો પણ સાંભળવું નહીં... વિચારવું નહીં... સ્વીકાર

ન કરવો.. ઉપરથી બચાવ કરવો ને ભૂલ ચાલુ રાખવી.. આપવાદિકપ્રવૃત્તિમાં પણ જયણાનો અભાવ.. ખેદ-પશ્ચાત્તાપનો અભાવ આ કક્ષા ***અનાચાર*** કહેવાય છે.

આ ચારે કક્ષાઓ સામાન્યથી અતિચારરૂપ છે. તે ક્ષયોપશમનો હ્રાસ અને નાશનું કારણ બને છે. અનાચાર તો સ્વયં ભંગ-નાશ રૂપ જ છે. જેમ મકાનના પાયાને ખોદી નાંખવામાં આવે તો તો મકાન પડી જાય, પણ મકાનની નજીક બહુ ઊંડો ખાડો ખોદવામાં આવે તો પણ એ પડી જાય છે. એમ અનાચારથી તો આચારભંગ થાય છે. પણ અતિક્રમવગેરેથી પણ ક્રમે કરીને આચારભંગ થાય છે.

ગુણોની જાળવણીમાટે દિલનું આંતરિક વાતાવરણ પણ ઉચિત જોઈએ છે. વિપરીત પ્રવૃત્તિઓથી એ વાતાવરણ વિક્ષિપ્ત થાય છે ને ક્રમશઃ ગુણ નાશ પામે છે. જેમકે, ચારિત્ર નિર્મળ હોવા છતાં સમ્યક્ત્વના નાશથી ચારિત્રનો નાશ થાય છે.

માટે, માર્ગાનુસારીના ગુણો, આચારો, સમ્યક્ત્વના વ્યવહારો, જિનભક્તિ, મૈત્રીવગેરે ભાવનાઓ, બાર ભાવનાઓ, શાસ્ત્રઅધ્યયન, પુનરાવર્ત્તન, ગુણવાનોનો નિરંતર સહવાસ, નિરર્થક દોષોનો ત્યાગ... આ બધી બાબતો ગુણમાટેના આવશ્યક વાતાવરણને ઊભું કરી આપે છે, જાળવે છે. માટે આ બધાથી દરેક ગુણ, દરેક ધર્મ સ્થિર બને છે. વધે છે. આ બધાની કચાશ કે અવિદ્યમાનતામાં દરેક ધર્મ-ગુણ સાતિચાર બને છે તથા ક્રમશઃ નાશ પણ પામે છે.

કષાયોની પરિણતિ; વિષયોની પરિણતિ, નોકષાયોની પરિણતિ, ત્રણગારવવગેરેની પરિણતિ... આવી બધી પરિણતિઓ અને પ્રવૃત્તિઓ ક્ષયોપશમના અતિચારરૂપ છે, નાશનું કારણ બને છે.


ભણેલા સૂત્ર-શાસ્ત્રનું પરાવર્ત્તન ન કરવાથી ભૂલો પડવા માંડે એ અતિચારરૂપ છે, અને ભૂલી જવાય એ નાશરૂપ છે તપ-ત્યાગ-ભક્તિ-વિનય વગેરેમાં ઉદ્યમશીલ ઉત્સાહિત વ્યક્તિને તેમાં આળસ આવવી, રુચિ ઓછી થવી, એ બધું અતિચારરૂપ બને છે. અને જો એ તપવગેરે નિઃશંકપણે છોડી દે, એના પ્રત્યે અરુચિ પેદા કરે, તપવગેરેમાં નુકશાનકારકતા-દોષપણું જોવા-દર્શાવવા માંડે,

તો એમ માની શકાય કે ગુણ નાશ પામ્યો છે.

પૂંજવા-પ્રમાર્જવાનું ભૂલવું એ અતિચાર છે... પણ એ યાદ જ ન આવે, યાદ આવે કે કોઈ યાદ આપે છતાં નિ:શૂકપણે પૂંજે નહીં તો, નાશરૂપ છે.

(નાના નાના અતિચારોનું વારંવાર થતું આસેવન કે મોટા અતિચારનું થતું એકવારનું આસેવન પણ ગુણનાશ કરે છે.

જેમ વસ્ત્રના મંડપ ઉપર થોડો થોડો ભાર નાંખવામાં આવે તો અમુકભારસુધી મંડપ ટકે છે, ને પછી ભાંગી જાય છે. તેમ દરેક ગુણો નાના નાના અતિચારરૂપ વિપરીત પ્રવૃત્તિઓ અમુકવાર થાય ત્યાં સુધી મલીનપણે ટકી રહે છે. પણ પછી નાશ પામે છે. એ જ વસ્ત્રના મંડપ ઉપર એક મોટો પથરો મૂકવામાં આવે તો મંડપ તત્કાળ ભાંગી પડે છે. એમ દરેક ગુણ એક મોટા દોષાસેવનથી-આવેશથી તત્કાળ નાશ પામે છે. ટકી શકતો નથી.)



# દ્વાર-૯ ભાવના

***જેને વારંવાર અભ્યસ્ત કરવાથી વિવક્ષિત ગુણ ભાવિત થાય એને ભાવના કહે છે.*** ગુણ ભાવિત થવો એટલે.. આત્મા એનાથી વાસિત થવો.. એના સંસ્કારોથી યુક્ત થવો.. એટલો વિશિષ્ટઉપયોગ ન હોય ત્યાર પણ સહજરીતે એ ગુણાનુસારી પ્રવૃત્તિ જ થાય... એનાથી વિપરીત પ્રવૃત્તિકાળે સહજરીતે આત્મામાં સાવધાનીનો સૂર ઊઠે... આત્માની આવી અવસ્થા હોવી એ, આત્મા એ ગુણથી વાસિત થયેલો છે. અથવા આત્મામાં એ ગુણ ભાવિત થયેલો છે.. એમ કહેવાય.

આનાથી વિપરીત અપ્રશસ્ત બાબતોથી વાસિતપણું. જેમકે વિષયોપ્રત્યેનું સહજઆકર્ષણવગેરે. આ બધું કષાયોદયમિશ્રિત જ્ઞાનાવરણના ક્ષયોપશમ સ્વરૂપ છે. આ અપ્રશસ્ત છે.

આમ આત્મામાં ભાવિતપણું બે પ્રકારે સંભવે છે. **પ્રશસ્તક્ષયોપશમભાવનું** અને **અપ્રશસ્ત ક્ષયોપશમભાવનું.**

આપણે પ્રસ્તુતમાં પ્રશસ્તક્ષયોપશમભાવના ભાવિતપણાંની વિચારણા કરવાની છે, એ બે પ્રકારે હોય છે. વામ્ય અને અવામ્ય. જે પુનઃ વમી જવાય-નાશ પામી જાય એ **વામ્ય છે.** અને જે હવે પછી ક્યારેય નાશ પામવાનું ન હોય, પણ ક્રમશઃ ક્ષાયિકભાવરૂપે પરિણમવાનું હોય તે **અવામ્ય.** ક્ષાયિકભાવ નિયમા અવામ્ય હોય છે.

અપ્રશસ્તભાવયુક્ત ક્ષયોપશમ અભવ્યજીવોની અપેક્ષાએ **અવામ્ય** હોય છે. અપુનર્બન્ધકપણુંવગેરે પામનારની અપેક્ષાએ **'વામ્ય'** હોય છે.

પ્રશસ્ત કે અપ્રશસ્ત કોઈપણ ભાવ જ્ઞાન અને ક્રિયાદ્વારા વાસિત થાય છે. વારંવાર તે તે ભાવને અનુકૂળ સંવેદન કરતા રહેવાથી કે તદનુરૂપ પ્રવૃત્તિ કરતા રહેવાથી આત્મા તે તે ભાવથી ભાવિત થાય છે. તેમ છતાં આ જ્ઞાન અને ક્રિયા જો શ્રદ્ધાયુક્ત ન હોય, તો એ ભાવ વાસિત થતો નથી. તેથી અભવ્ય તથા દુર્ભવ્ય જીવોને સાડાનવ પૂર્વનું જ્ઞાન અને દેશોન પૂર્વ ક્રોડ વર્ષ કાળસુધીની ચારિત્રની

નિર્મળક્રિયાઓ હોવા છતાં એ જ્ઞાન-ક્રિયા ભાવનારૂપ બનતા નથી... જીવ તેનાથી વાસિત બનતો નથી.

આમાં શ્રદ્ધાયુક્તપણું એટલે...

હેયઅંશમાં હેયતરીકેની સંવેદના... જેમ જેમ સૂક્ષ્મ... સૂક્ષ્મતર.... હેયઅંશમાં પણ આ સંવેદન થતું જાય... વધુ ને વધુ દૃઢ થતું જાય... જેટલીવાર એવી વિષમ પરિસ્થિતિઓ ખડી થાય એમાં વધુ ને વધુ વાર... યાવત્ દરેક વાર એ સંવેદન થતું જાય... આ બધું શ્રદ્ધાની ઉત્તરોત્તર વૃદ્ધિ-નિર્મળતાસ્વરૂપ છે.

ઉપાદેય અંશમાં ઉપાદેય તરીકેનું સંવેદન... આ પણ જેટલે જેટલે અંશે વધતું જાય એટલે એટલે અંશે શ્રદ્ધા પ્રબલ બનતી જાય છે, ને સંસ્કાર ગાઢ બને છે.

આનાથી વિપરીત સંવેદન તે અશ્રદ્ધા છે, સાડાનવ પૂર્વસુધી ભણેલ અભવ્ય 'વિષયવગેરેને શાસ્ત્રોમાં હેય કહ્યા છે' એમ જાણે છે પણ મૂળતઃ પોતે ક્યારે'ય એને હેયસ્વરૂપે સંવેદતો નથી, બલ્કે ઉપાદેયતરીકે સંવેદે છે... માટે એનું સાડાનવપૂર્વસુધીનું જ્ઞાન પણ અશ્રદ્ધાયુક્ત હોય છે અને તેથી પ્રશસ્તભાવો ભાવિત બનતા નથી. પ્રશસ્ત ક્ષયોપશમસ્વરૂપ બનતા નથી.

સમ્યક્ (શ્રદ્ધાયુક્ત) સંવેદનવાળા જ્ઞાનથી આત્મા ભાવિત બને છે. શાસ્ત્રઅધ્યયન, એનું પુનઃ પુનઃ પુનરાવર્ત્તન તથા ચિંતન સતત કરવાનું એટલા માટે કહ્યું છે કે આદર અને ઉપયોગપૂર્વક થતાં એ અધ્યયનવગેરેથી સંવેદન-શ્રદ્ધા તીવ્ર થાય છે જે ભાવનારૂપ બનવાથી આત્મા ભાવિત થાય છે. કોઈક બાબતમાં કદાચ જ્ઞાન ઓછું હોવા છતાં સંવેદન તીવ્ર હોય, તો તો એ વાતનો મર્મ પામવાના પ્રમાણિક પ્રયત્ન થાય છે, જે મર્મસુધી જીવને પહોંચાડે છે. પરંતુ જ્ઞાન ઘણું ઘણું હોવા છતાં જો સંવેદન કે તત્પૂર્વકની પ્રવૃત્તિ હોતી નથી, અથવા માત્ર દેખાવપૂરતી કે અલ્પપ્રવૃત્તિ હોય છે તો તે જ્ઞાન ભાવનારૂપ બનતું નથી.

એ જ રીતે શ્રદ્ધાસંપન્નની ક્રિયા શક્તિ ફોરવીને થાય છે, કાળજીપૂર્વક થાય છે, વિવેક અને આદરયુક્ત થાય છે, આવી ક્રિયા ભાવનારૂપ બને છે.

અવિરતસમ્યક્ત્વી જીવનાં સંસારસંબંધી જ્ઞાન અને ક્રિયા સંસારની ભાવનારૂપ બનતા નથી, કારણ કે એમાં હેયતાનું સંવેદન હોવાથી

એ ધર્મભાવનારૂપ બની જાય છે. એ જ રીતે ગાઢ મિથ્યાત્વી જીવના ધર્મસંબંધી જ્ઞાન અને ક્રિયા ધર્મની ભાવનારૂપ બનતા નથી. કારણ કે વિપરીત સંવેદનવાળા હોય છે.

તેથી પ્રશસ્તગુણોના ક્ષયોપશમમાટે હેયમાં હેયતાના સંવેદનપૂર્વક અને ઉપાદેયમાં ઉપાદેયતાનાં સંવેદનપૂર્વક તદ્‌વિષયક જ્ઞાનથી ભાવિત થવું જોઈએ, એટલે કે વારંવાર એના ચિંતન-મનન, પઠન-પાઠન વગેરે કરવા જોઈએ. એજ રીતે તે તે ગુણને ઉચિત ક્રિયાઓમાં વારંવાર શ્રદ્ધાપૂર્વક પ્રવર્ત્તવું જોઈએ. આવા જ્ઞાન-ક્રિયા ભાવનારૂપ બને છે. આત્મા ભાવિત થાય છે અને ક્ષયોપશમવાળો બને છે.

માટે **શાસન, શ્રદ્ધાયુક્ત શાસ્ત્રજ્ઞાન સાથે પંચાચારની ક્રિયારૂપ છે.** તે આ ભાવનાદ્વારા ક્ષયોપશમ પમાડી, ઉત્તરોત્તર વધારી ક્ષાયિકભાવ સુધી પહોંચાડે છે.

ક્ષાયિકભાવવાળા જીવો ઉચિત આચારને છોડતા નથી. ક્ષયોપશમભાવવાળા જીવો પણ આચાર છોડતા નથી. જેઓ આગાઢ સંયોગ કે વિશેષ પ્રયોજન વગર ઉચિત આચારને છોડે છે, ગૌણ કરે છે, તેઓ ક્યાં તો ક્ષયોપશમવાળા હોતા નથી, ને ક્યાં તો મંદકક્ષાના વાચ્ય ક્ષયોપશમવાળા હોય છે. ઉચિત આચારને છોડીને અનુચિત આચારમાં પ્રવર્ત્તન એ વિપરીતભાવનારૂપ બનવાથી એનો ગુણ ધીમે ધીમે નાશ પામે છે. માટે ક્ષાયિકભાવ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી શ્રદ્ધાપૂર્વક જ્ઞાન અને ક્રિયામય ભાવનાથી સદા ભાવિત થતા રહેવું જોઈએ.

ઈતિ શુભમ્

# પરિશિષ્ટ

## મહો. યશોવિજય કૃત જ્ઞાનબિંદુમાં બતાવેલી ક્ષયોપશમ પ્રક્રિયા

('ક્ષયોપશમ' પ્રક્રિયામાં સ્પર્ધકાદિ પ્રરૂપણા)

**પ્રશ્ન :** મતિજ્ઞાનાવરણ વગેરેમાં સર્વઘાતી રસસ્પર્ધકો ઉદયમાં હોય છે છતાં ઉપર ક્ષયોપશમના કારણે મતિ આદિ જ્ઞાનોમાં વૈવિધ્ય જણાવ્યું છે તો તે ક્ષયોપશમ શું છે ?

**ઉત્તર :** આર્હતમતના જાણકારો આ વિષયમાં ક્ષયોપશમની પ્રક્રિયા નીચે મુજબ જણાવે છે.

જૈન મત પ્રમાણે એકેક કર્મપ્રકૃતિમાં અનંત-અનંત રસસ્પર્ધકો હોય છે. **સ્પર્ધક** એટલે તરતમ સંખ્યાવાળા રસાણુઓ ધરાવનાર અનંત કર્મપરમાણુઓની બનેલી અનંત વર્ગણાઓનો જથ્થો. આશય એ છે કે જીવે બાંધેલા કર્મપરમાણુઓમાં જે તીવ્ર, મંદ વિપાક-ફલ ઉત્પન્ન કરવાની શક્તિ પડેલી છે તે રસ અથવા અનુભાગ કહેવાય છે. દરેક બાંધેલા કર્મપરમાણુઓમાં આ રસ એકસરખો હોતો નથી. પણ ઓછામાં ઓછા રસવાળા જે કર્મપરમાણુઓ છે તે એકેકમાં રહેલા રસના લઘુતમ અંશો (રસાણુ) અનંત સંખ્યાથી ઓછા હોતા નથી. સર્વ જીવોની સંખ્યાને અનંતે ગુણીએ તેટલા રસાણુઓ તો ઓછામાં ઓછા દરેક બાંધેલા કર્મપરમાણુઓમાં હોય છે. આવા ઓછામાં ઓછા રસાણુઓવાળા કર્મપરમાણુઓનો એક વર્ગ તેને પહેલી **વર્ગણા કહેવાય.**

એમાં અનંતાનંત કર્મપરમાણુઓ હોય છે. હવે પહેલી વર્ગણાના કોઈ પણ એક કર્મપરમાણુમાં વિદ્યમાન રસાણુ સંખ્યાથી એક રસાણુના વધારાવાળા જેટલા કર્મપરમાણુ હોય તેનો જથ્થો તે બીજી વર્ગણા. આવી રીતે ક્રમશ: ઉત્તરોત્તર વર્ગણાગત પરમાણુઓમાં ઉત્તરોત્તર એક એક રસાણુની વૃદ્ધિ જાણવી. અભવ્ય જીવરાશિ કરતાં અનંતગુણ પણ સિદ્ધ જીવરાશિ કરતાં અનંતભાગ (અર્થાત્ પાંચમા અનંતા જેટલી) વર્ગણાઓ સુધી આ રીતે એક એક રસાણુની વૃદ્ધિ જાણવી. આ બધી વર્ગણાઓનો સમુદાય તેને પહેલું સ્પર્ધક કહેવાય.

તે પછી બીજા સ્પર્ધકની પહેલી વર્ગણાના પ્રત્યેક કર્માણુમાં

પહેલા સ્પર્ધકની છેલ્લી વર્ગણા અંતર્ગત કર્મપરમાણુમાં વિદ્યમાન રસાણુઓ કરતાં અનંતગુણ રસાણુંઓની વૃદ્ધિ હોય છે. તે પછી ક્રમશઃ દરેક વર્ગણાના કર્માણુઓમાં એક એક રસાણુની વૃદ્ધિ થતી જાય છે. પહેલાની જેમ પાંચમા અનંતા જેટલી વર્ગણાઓથી આ રીતે બીજુ સ્પર્ધક તૈયાર થશે. ઉપર બતાવ્યા પ્રમાણે વર્ગણામાં એકોત્તર રસાણુવૃદ્ધિ અને એક સ્પર્ધકથી બીજા સ્પર્ધકમાં અનંતગુણવૃદ્ધિ ધરાવનારા અનંતાનંત રસસ્પર્ધકોની રચના એક એક સમયે બાંધેલા બધા જ કર્મમાં થઈ જાય છે. આ રીતે કષાયજનિત એક અધ્યવસાયથી બાંધેલા રસસ્પર્ધકોને એક અનુભાગબંધસ્થાન કહેવામાં આવે છે.

વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર આ ચાર કર્મોની મૂલોત્તર પ્રકૃતિઓ અઘાતી કહેવાય છે. કારણ કે તે જીવના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યરૂપ પ્રધાન ગુણોનો ઘાત કરતી નથી. તેનો ઘાત કરનારી પ્રકૃતિઓ ક્રમશઃ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય છે. તેમાંએ [(૧) કેવળજ્ઞાનાવરણ (૨) કેવળ દર્શનાવરણ (૩-૧૪) બાર કષાય (૧૫) મિથ્યાત્વ (૧૬-૨૦) પાંચ નિદ્રા આ] વીશ પ્રકૃતિઓ સર્વઘાતી છે. એટલે કે એના તમામ રસસ્પર્ધકો સર્વઘાતી જ હોય છે. એ સિવાય બાકીની પચ્ચીશ ઘાતિપ્રકૃતિઓ [(૧-૪) મતિજ્ઞાનાવરણ આદિ ચાર, (૫-૭) ચક્ષુર્દર્શનાવરણ આદિ ત્રણ. (૮-૧૧) સંજ્વલન કષાય ચતુષ્ક, (૧૨-૨૦) નવ નોકષાય અને (૨૧-૨૫) પાંચ અંતરાય=૨૫] ના રસસ્પર્ધકો બધા જ સર્વઘાતી નથી હોતા પણ કેટલાક દેશઘાતી ય હોય છે. માટે આ પ્રકૃતિઓ દેશઘાતીરૂપે ઓળખાય છે. આ વાત સમજવા માટે સર્વરસના ચાર વિભાગ દર્શાવ્યા છે, એકસ્થાનક, બેસ્થાનક, ત્રણસ્થાનક અને ચારસ્થાનક રસ. મંદમાં મંદ રસ એકસ્થાનક રસ કહેવાય, અને તીવ્રમાં તીવ્ર રસ ચતુઃસ્થાનક કહેવાય. મધ્યમ ભાવનો રસ દ્વિસ્થાનક કે ત્રિસ્થાનકમાં આવી જાય. સર્વઘાતી પ્રકૃતિઓમાં એકઠાણિઓ રસ હોતો નથી. દેશઘાતી પ્રકૃતિઓમાં ચઉઠાણિઆ અને ત્રણઠાણિઆ રસના બધા જ સ્પર્ધકો સર્વઘાતી હોય છે, એકઠાણિઆ રસના બધા સ્પર્ધકો દેશઘાતી હોય છે. જ્યારે બેઠાણિઆ રસમાં કેટલાંક રસસ્પર્ધકો સર્વઘાતી હોય છે તો કેટલાક દેશઘાતી ય હોય છે.

## [રસબંધ અંગે જાણવા યોગ્ય વિશેષતાઓ]

અહીં થોડી વિશેષતાઓ જાણવા જેવી છે, કે પચીશ દેશઘાતીમાંથી ચાર જ્ઞાનાવરણ, ત્રણ દર્શનાવરણ, ચાર સંજ્વલન કષાય, પાંચ અંતરાય અને પુરુષવેદ આ સત્તર પ્રકૃતિઓ જ્યારે બંધાય છે તે જ સમયે એક, બે, ત્રણ કે ચાર એમ ચારે સ્થાનકનો રસ બંધાઈ શકે છે. તેમાં પણ શ્રેણિ ન માંડે ત્યાં સુધી તો બે, ત્રણ અથવા ચાર સ્થાનકનો જ રસ બંધાય, પરંતુ શ્રેણિ માંડ્યા પછી અધ્યવસાય અત્યંત વિશુદ્ધ થવાથી અનિવૃત્તબાદર નામના નવમા ગુણઠાણાનો સંખ્યાત બહુભાગ સમય વીત્યા પછી ઉપરોક્ત સત્તરે પ્રકૃતિ (અશુભ હોવાના કારણે) ફક્ત એકઠાણિઆ રસવાળી જ બંધાય છે. આ સત્તર સિવાયની શુભ કે અશુભ બધી જ પ્રકૃતિઓ જ્યારે બંધાય ત્યારે બે, ત્રણ કે ચારઠાણિઆ રસવાળી જ બંધાય. એકઠાણિઆ રસવાળી ક્યારે પણ બંધાય નહિ. તેનું કારણ એવું છે કે પૂર્વોક્ત સત્તર સિવાયની હાસ્ય વગેરે આઠ અશુભ પ્રકૃતિઓનો એકઠાણિઓ રસ બાંધવા યોગ્ય વિશુદ્ધિ નવમા ગુણઠાણાની નીચે પ્રગટ જ થતી નથી અને જ્યારે નવમા ગુણઠાણાનો સંખ્યાત બહુ ભાગ સમય વીત્યા પછી એકઠાણિઓ રસ બાંધવાયોગ્ય અત્યંત પ્રકૃષ્ટ વિશુદ્ધિનો પ્રાદુર્ભાવ થાય ત્યારે તે આઠ પ્રકૃતિઓ મૂલથી જ બંધાતી નથી. અર્થાત્ તેનો બંધવિચ્છેદ થઈ જાય છે.

***શંકા :*** તમે 'શ્રેણિ આરોહણમાં અનિવૃતિબાદર ગુણઠાણાનો સંખ્યાત બહુભાગ સમય વીત્યા પછી અત્યંત વિશુદ્ધિના પ્રભાવે મતિજ્ઞાનાવરણ આદિ સત્તર પ્રકૃતિઓનો એકઠાણિઓ રસ બંધાય છે.' એમ કહ્યું તો એ જ રીતે ક્ષપકશ્રેણિ આરોહણમાં સૂક્ષ્મસંપરાય નામના દશમા ગુણસ્થાનકના છેલ્લા કે છેલ્લેથી બીજા વગેરે સમયોમાં વર્તતા જીવની વિશુદ્ધિ ઉત્કૃષ્ટ કોટિની હોવાથી તે વખતે જેનો બંધ સંભવિત છે એવાં કેવળજ્ઞાનાવરણ અને કેવળદર્શનાવરણમાં એકઠાણિઓ રસ કેમ ન બંધાય ?

**સમાધાન :** આ શંકા ઉચિત નથી. કારણ કે પહેલાં કહી ગયા છીએ કે બન્ને કેવળાવરણનો ઓછામાં ઓછો પણ રસ સર્વઘાતી જ હોય છે અને સર્વઘાતી પ્રકૃતિઓમાં જઘન્યથી પણ બેઠાણિઆરસનો જ સંભવ છે.

અત્યંત વિશુદ્ધ અધ્યવસાયમાં જીવ જ્યારે વર્તતો હોય ત્યારે જે શુભ પ્રકૃતિઓ બંધાય છે, તેમાં ચારઠાણિઓ રસ જ બંધાય છે. વિશુદ્ધિ મંદ હોય તો ત્રણ ઠાણિઓ અને અતિમંદ હોય ત્યારે બેઠાણિઓ રસ જ બંધાય છે. અત્યંત સંકિલષ્ટ અધ્યવસાયના કાળમાં જો શુભપ્રકૃતિઓ બંધાતી હોય તો તો તેમાં એકઠાણિઓ રસ બંધાવાની સંભાવના થઈ શકે, પણ તે વખતે શુભપ્રકૃતિઓ બંધાતી જ નથી તો પછી એના રસસ્થાનનો વિચાર જ શું કરવાનો? જો કે, મિથ્યાદષ્ટિ જીવ અતિસંક્લેશ કાળમાં નરકગતિ યોગ્ય કર્મો બાંધી રહ્યો હોય ત્યાર વૈક્રિય શરીરનામકર્મ કે તૈજસ શરીરનામકર્મ વગેરે શુભ પ્રકૃતિઓ બાંધે છે ખરો છતાં પણ સ્વભાવવૈચિત્ર્યના કારણે તેમાં ઓછામાં ઓછો પણ બેઠાણિઓ જ રસ બાંધે છે નહિ કે એકઠાણિઓ. આ વાત બરાબર વિચારીને સમજવી.

**પ્રશ્ન :** એક આયુષ્ય સિવાય કોઈ પણ શુભ કે અશુભ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ ઉગ્ર સંક્લેશના કારણે થાય છે. તો જે સંક્લિષ્ટ અધ્યવસાયથી શુભ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય તે અધ્યવસાયોથી શુભ પ્રકૃતિઓનો બેઠાણીઓ જ રસ બંધાય પણ એકઠાણીઓ રસ કેમ ન બંધાય? જ્યારે સંક્લેશથી ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય ત્યારે શુભ પ્રકૃતિમાં ઓછામાં ઓછા રસ બંધાવાનો નિયમ છે જ!

**ઉત્તર** એક સમયે એક સાથે જે કર્મદળ બંધાય છે તે જે સમયથી સંભવતઃ ઉદયમાં આવવાનું હોય તે સમયે તમામ કર્મદલ એક સાથે ઉદયમાં આવી જતું નથી. પરંતુ થોડું કર્મદળ પ્રથમ સમયે, થોડું કર્મદળ બીજા સમયે એમ એક એક સમય આગળ વધતાં કુલ અસંખ્ય સમયમાં ઉદયમાં આવે તેવું બંધાય છે. તે તે સમયે સંભવતઃ ઉદયમાં આવનારું કર્મદળ તે એક એક સ્થિતિ કહેવાય છે. દરેક કર્મની આવી અસંખ્ય સ્થિતિ હોય છે. દરેક સ્થિતિમાં રહેલા કર્માણુઓ જુદા જુદા રસસ્પર્ધકોના અસંખ્ય સમુદાયમાં વહેંચાઈ જાય છે. અર્થાત્ દરેક કર્મમાં જે અનંતાનંત રસસ્પર્દ્ધકો હોય છે તેના કુલ અસંખ્ય સમુદાય હોય છે. તો હવે જ્યારે ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાતી હોય ત્યારે પ્રત્યેક સ્થિતિમાં જે રસસ્પર્ધકોના અંસખ્ય સમુદાય છે તે બધા બેઠાણિઆ રસવાળા જ ઘટે છે. પરંતુ એકઠાણિઆ રસવાળા ઘટતા નથી. કારણ કે એનો એવો સ્વભાવ હોય છે.

તાત્પર્ય, શુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થતો હોય ત્યારે પણ રસબંધ એકઠાણિઓ હોતો નથી. **પંચસંગ્રહ** શાસ્ત્રમાં કહ્યું છે કે → ''ઉત્કૃષ્ટ સ્થિતિબંધના અધ્યવસાયથી શુભ પ્રકૃતિઓનો એકઠાણિઓ રસ બંધાશે, (એવી કોઈ શંકા કરે) તે બરાબર નથી. કારણ કે એકેક સ્થિતિબંધયોગ્ય અધ્યવસાયો કરતા રસબંધ યોગ્ય અધ્યવસાયો અસંખ્યગુણ હોય છે.''

## [ક્ષયોપશમભાવનો આવિર્ભાવ કઈ રીતે ?]

(૯) રસના સ્પર્ધકોની જ્યારે આવા પ્રકારની સ્થિતિ છે ત્યારે ક્ષયોપશમ ભાવના ગુણોનો પ્રાદુર્ભાવ ક્યારે થાય ? જ્યારે 'અવધિજ્ઞાનાવરણ આદિ દેશઘાતી પ્રકૃતિઓમાં જે સર્વઘાતી રસસ્પર્ધકો છે તેનો વિશુદ્ધ અધ્યવસાયથી દેશઘાતીમાં પરિવર્તન થવા રૂપે ઘાત થઈ જાય, જે મૂલથી જ અતિસ્નિગ્ધ દેશઘાતી રસસ્પર્ધકો છે તેમાં રસનો ઘણા અંશે ઘટાડો થાય. 'ઉદયાવલિકામાં પ્રવિષ્ટ થયેલા રસસ્પર્ધકોમાંના કેટલાક દેશઘાતી રસ્પર્ધકોનો વગર વિપાકે ક્ષય થાય, તથા ઉદયઆવલિકાની બહાર રહેલા કર્મનો વિપાકોદય સ્તંભિત થઈ જાય અર્થાત્ ઉપશાંત થાય, ત્યારે જીવને અવધિજ્ઞાન, મનપર્યવજ્ઞાન, ચક્ષુદર્શન આદિ ગુણો ક્ષાયોપશમિકભાવરૂપે પ્રગટ થાય છે. **પંચસંગ્રહ** શાસ્ત્રમાં કહ્યું છે કે ''દેશઘાતી પ્રકૃતિઓના સર્વઘાતી રસસ્પર્ધકોનો ઘાત થાય ત્યારે જીવને અવધિજ્ઞાન, મન:પર્યવ જ્ઞાન, ચક્ષુદર્શન આદિ ગુણો પ્રગટ થાય છે.'' અહીં જે એમ કીધું કે ''સર્વઘાતી રસસ્પર્ધકોનોં ઘાત થાય ત્યારે'' એનો અર્થ એ સમજવો કે તેનું દેશઘાતી સ્પર્ધકોરૂપે પરિવર્તન થાય ત્યારે.

## [ક્ષયોપશમગર્ભિત ઔદયિકભાવ કઈ રીતે ?]

જ્યારે સર્વઘાતી સ્પર્ધકોનું દેશઘાતીમાં રૂપાંતર થઈ જાય, ત્યારે અવધિજ્ઞાનાવરણ, મન:પર્યય જ્ઞાનાવરણ અને ચક્ષુદર્શનાવરણ આદિ પ્રકૃતિઓના દેશઘાતી રસસ્પર્ધકોમાંથી કેટલાકનો ક્ષયોપશમ થઈ જાય અને કેટલાકનો ઉદય ચાલુ રહે ત્યારે ક્ષયોપશમવિશિષ્ટ ઔદયિક ભાવ પ્રવર્તે છે. અર્થાત્ ઉદયના કારણે અમુક અંશે અવધિજ્ઞાનાદિ દબાયેલા રહે છે, અને અમુક અંશે ક્ષયોપશમના પ્રભાવે અવધિજ્ઞાનાદિ પ્રગટ પણ થાય છે. એટલે જ ઉદયમાં આવતા સ્પર્ધકોમાં જેમ જેમ ક્ષયોપશમવાળા સ્પર્ધકો વધતા જાય તેમ તેમ અવધિજ્ઞાનમાં

વધારો થાય છે. (અને જેમ જેમ ક્ષયોપશમ ભાવના રસસ્પર્ધકો ઘટતા જાય તેમ તેમ અવધિજ્ઞાન ઓછું થતું જાય.)

**પ્રશ્ન :** અવધિજ્ઞાનાવરણ આદિ કર્મનો ક્ષયોપશમ રહિત કેવળ ઔદયિક ભાવ પ્રવર્તે ખરો ?

**ઉત્તર :** હા, જ્યારે અવધિજ્ઞાનાવરણ આદિ પ્રકૃતિઓના સર્વઘાતી રસસ્પર્ધકો દેશઘાતીરૂપે પરિવર્તિત થયા વિના વિપાકોદયમાં હોય ત્યારે અવધિજ્ઞાનાદિ પ્રકૃતિને લગતો ફકત ઔદયિક ભાવ જ પ્રવર્તે, કારણ કે સર્વઘાતી રસસ્પર્ધકોનો ઘાત ન થાય ત્યાં સુધી અવધિજ્ઞાન પ્રગટ થતું નથી. પણ અહીં એટલું સમજી રાખવાનું કે અવધિજ્ઞાનાવરણના સર્વઘાતી રસસ્પર્ધકોનો ઘાત અર્થાત્ દેશઘાતીરૂપે પરિણમન બે રીતે થઈ શકે છે. ક્યારેક વિશિષ્ટ સમ્યગ્દર્શનઆદિ ગુણોની પ્રાપ્તિથી સર્વઘાતીનો ઘાત થાય અને ક્યારેક વિશિષ્ટ ગુણ વિના પણ દેવ કે નરકના ભવના પ્રભાવે જ સર્વઘાતી સ્પર્ધકોનો ઘાત થાય છે. એટલા માટે જ **તત્ત્વાર્થસૂત્રઆદિ** શાસ્ત્રોમાં અવધિજ્ઞાનના ભવમૂલક અને ગુણમૂલક આવા ભેદથી બે પ્રકાર દર્શાવ્યા છે.

**પ્રશ્ન :** મન :પર્યય જ્ઞાનાવરણના સર્વઘાતી સ્પર્ધકોનો ઘાત ક્યારે થાય ?

**ઉત્તર :** વિશિષ્ટ સંયમસાધનામાં અપ્રમત્તભાવઆદિ ગુણ જાગૃત થાય ત્યારે જ મન:પર્યાય જ્ઞાનાવરણના સર્વઘાતી રસસ્પર્ધકોનો ઘાત થાય છે. કારણ કે જે સમયે મન:પર્યય જ્ઞાનાવરણના સર્વઘાતી રસસ્પર્ધકોનો બંધ થયો હતો તે સમયે જ તે એવા સ્વભાવવાળા બંધાયેલા કે વિશિષ્ટ અપ્રમત્તભાવ પ્રાપ્ત થયા વિના તે દેશઘાતીમાં પરિણમે જ નહિ. તાત્પર્ય સપ્તમ આદિ ગુણઠાણામાં જ મન:પર્યય જ્ઞાનાવરણનો ક્ષયોપશમ અને મન:પર્યાય જ્ઞાન ઉત્પન્ન થઈ શકે. (એકવાર ઉત્પન્ન થયા પછી સંયમી સાધુ પ્રમત્તભાવના છઠ્ઠા ગુણઠાણે ઉત્તરી જાય તો પણ તે જ્ઞાન ટકે ખરૂં; પણ ટકે જ એવો નિયમ નહિ અને છઠ્ઠાથી નીચેના ગુણઠાણામાં તો રહે જ નહી.)

**— ગુર્જરાનુવાદકર્તા પૂજ્ય વિદ્વદ્વર્ય પંન્યાસ પ્રવર જયસુંદર વિજયજી ગણિવર...**

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ વર્ધમાનતપોનિધિ
આચાર્યદેવ શ્રી વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજ સાહેબના
'સંસાર ચલાવવા માટે પણ પાપ ન જ કરાય' ઇત્યાદિ
વાતોમાં અનેકાન્ત શૈલીથી માર્ગદર્શન દેતાં અને
સ્યાદ્વાદમય જિનાજ્ઞાને જ વફાદાર પ્રવચનોને પીરસતું

ગુજરાતી સાપ્તાહિક.

**'દિવ્ય દર્શન'**

**વાંચો ! વંચાવો...**

આજીવન સદસ્ય- રૂા. ૫૦૦/-

વાર્ષિક સદસ્ય- રૂા. ૫૦/

**સંપર્ક માટે**

કુમારપાળ વિ. શાહ
૩૯, કલિકુંડ સોસાયટી
ધોલકા : ૩૮૭૮૧૦

ભરતભાઈ ચતુરભાઈ શાહ
૮૬૮, કાળુશીની પોળ,
કાળુપુર, અમદાવાદ-૩૮૦૦૦૧.

# લેખક તરફથી...

મોક્ષ ક્ષાયિકભાવે આત્મગુણોથી પ્રાપ્ત થાય છે.
તે ક્ષાયિક ભાવને પ્રાપ્ત કરવા મુખ્ય ક્ષયોપશમભાવ
કારણ છે.
ક્ષયોપશમભાવ વધતા વધતા ક્ષાયિકભાવરૂપ બને છે.
ક્ષાયિકભાવને ઉત્પન્ન કરવાના ટકાવવાના અને
વધારવાના જે ઉપાયો છે, તે વ્યવહાર ધર્મ છે.

## જ્ઞાન અને ક્રિયા
## અથવા
## આચાર અને ભાવનારૂપ

વ્યવહારધર્મદ્વારા ક્ષયોપશમ પમાય છે. માટે
પરમાત્માએ વ્યવહારધર્મની સ્થાપના કરી છે.
નિશ્ચયધર્મ વ્યવહારધર્મદ્વારા પમાય છે.
માટે વ્યવહારધર્મથી ક્ષયોપશમ ઉત્પન્ન થાય છે.

અને......
તેના ફળરૂપે....
નિશ્ચય ધર્મ...
સંપૂર્ણતયા..
પ્રાપ્ત થાય છે...

વિજય જયઘોષ સૂરિ